ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૧ અંક: ૨ ફેબ્રુઆરી ૨૦૧૯ સળંગ અંક : ૫૬૮

# વિ-વિદ્યાનગર



चरोतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.vvidyanagar.co.in

# દાતાશ્રીઓનો અભિવાદન સમારંભ
















ચારુતર વિદ્યામંડળ દ્વારા તા. ૨૦-૧-૨૦૧૯નારોજ જીસેટ કોલેજ ઓડિટોરિયમ ખાતે યોજાયેલ દાતાશ્રીઓના અભિવાદન સમારંભ પ્રસંગે દાતાઓનું અભિવાદન કરતા સીવીએમના પ્રમુખશ્રી પ્રાયસ્વીનભાઈ પટેલ, અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મનિષભાઈ પટેલ તથા ટ્રસ્ટીશ્રી હેમંતભાઈ પટેલ દૃશ્યમાન થાય છે. અન્ય તસ્વીરોમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતા અધ્યક્ષશ્રી અને મંચસ્થ સીવીએમના માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, માનદ સહમંત્રીશ્રી આર.સી. તલાટી તથા સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ દૃશ્યમાન થાય છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ફેબ્રુઆરી - ૨૦૧૯
વર્ષ: ૨૧ અંક: ૨
સળંગ અંક: ૫૬૮

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષ: ૧૯૪૫


*कर्मण्येवाधिकारस्ते*


અધ્યક્ષ
શ્રી ભીખુભાઇ બી. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

કુલપતિ
ડૉ. ભાવેશ પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી બી.પી. પટેલ • શ્રી એમ.જે. પટેલ • શ્રી મેહુલ ડી. પટેલ
શ્રી આર.સી. તલાટી• શ્રી વી. એચ. પટેલ • શ્રી કે.એસ. પટેલ

ડાયરેક્ટર જનરલ
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

**'વિ-વિદ્યાનગર' www.vvidyanagar.co.in પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**यदचेतनोऽपि पदैः स्पृष्टः प्रज्वलति सवितुरिनकान्तः।**
**तत्तेजस्वी पुरुषः परकृतनिकृतिं कथं सहते ॥**

સૂર્યકાન્ત મણિ અચેતન છે છતાંય સૂર્યનાં કિરણોથી સ્પર્શ પામતાં જ પ્રજવળી ઉઠે છે, તો પછી તેજસ્વી પુરુષ પારકા એ કરેલું અપમાન શી રીતે સહન કરે?

(સંકલન કર્તાઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

**આ માસની વિચારકણિકા**

બોલો બોલ વિચારીને, પસ્તાવો નવ થાય,
બોલેલું ખેંચાય ના, કરતાં કોટિ ઉપાય.

- લોકવાણી
(અમીઝરણામાંથી સાભાર)


॥ કુલપતિની કલમે ॥
Education in India during British Period
• Dr. Bhavesh Patel 3
॥ પ્રાથમ્ય ॥ તનાવ મુક્ત જીવન
• એસ.જી. પટેલ 5
॥ આપણો વૈભવ અને વારસો ॥ (પદ્ય વિભાગ)
ભાણ સાહેબ, ભાલણ, ભાણદાસ 7
॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)
માનવજાતનું ઊર્ધ્વારોહણઃ અહિંસક માર્ગે સ્વરાજ
• મનસુખ સલ્લા 8
॥ નવાં કાવ્યો ॥ પ્રફુલ્લા વોરા, જગદીશ ભટ્ટ,
ભૂપેન્દ્ર વ્યાસ, પ્રીતમ લખલાણી 11
॥ ચિંતન ॥ ભારતીય આચારો
• નરેશ વેદ 12
॥ લઘુકથા ॥ સાહસ
• આરતીબા ગોહિલ 14
॥ અભ્યાસ ॥ કઠોપનિષદ
• જી એન. ગઢવી 15
॥ વ્યક્તિત્વ ॥ ગાંધીજી પ્રબોધિત રોજિંદા જીવન...
• નગીનદાસ પારેખ 22
॥ હાસ્ય નિબંધ ॥ મર્ય આ ચા
• હરીશ મહુવાકર 27
॥ અભ્યાસ ॥ રાષ્ટ્રીય એકીકરણ
• પી.ડી. શર્મા 30
॥ વિદ્યાવૃત્ત ॥ 21,29,33

# Education in India During British Period

**Dr. Bhavesh Patel**

In the previous two articles, we took a cursory review of the education system during the Vedic period and Mughal period in India. In this article, we will outline the education system during the British period.

About education in India during British period, Arthur Howell (1872) stated, "Education in India under the British Government was first ignored, then violently and successfully opposed, then conducted on a system now universally admitted to be erroneous and finally placed in its present footing". If we combine the middle two phases, then education system in India during British period can be divided into three parts: (a) Early period of ignorance, (b) Opposition and erroneous design and (c) Final phase.

In this edition, I will attempt to cover the first two phases in brief.

**Phase 1:Early Period of Ignorance**

European trading companies came to India for commercial activities in the beginning of 1600 AD. Over the time, the Portuguese, the French, the Dutch and the English settled in different commercial centers of India. East India Company first established its rule in Bengal in 1765 and then spread the rule throughout India. For three main reasons initially East India Company did not pay attention to education. These reasons are (a) East India Company was a business organization, (b) British rule had yet not started in India, and (c) At that time in Great Britain (except Scotland) education was not a state subject.

However, in the later part of this period,some officers of British Raj attempted to address the issue of education in India. These officers felt the need for educated local people who were conversant with Sanskrit, Arabic, Persian, and other vernacular languages, as this knowledge was valued in administrative departments and in the judiciary. Their efforts were isolated and half-hearted but could achieve some results. For example, with the efforts of Jonathan Duncan, the British resident at Benares, Sanskrit College was opened in 1781.

Thus, it can be concluded that after the Mughal period, the education in India was in disarray for quite some time. Only philanthropy based either Hindu education or Muslim education continued without any national or regional level policy or guidelines.So, one can safely state that the early period of ignorance ended only in 1813.

**Phase 2: Opposition and Erroneous Design**

Charter Act 1813, especially in its clause 43, attempted to put education policy in place. The policy statement of this Charter can be summarised as "the revival and improvement literature", "the encouragement of learned

natives of India", and "the introduction and promotion of knowledge of sciences among the inhabitants of the British territories in India". This Charter mandated the sum of minimum one-lac rupees per year for this cause.

However, this generic statement of policy in clause 43 of Charter Act 1813 suffered from issues like (a) Medium of instruction, (b) Aim of education policy, (c) Type of knowledge to be emphasised, (d) Responsibility for delivering education and (e) Role of missionaries. The vagueness in the Charter created controversy whether oriental education or occidental education be imparted, what should be spread of education, whether primary education is emphasised or secondary and higher education and so on. For these reasons, the implementation of Charter was delayed until 1823 when Governor-General in Council appointed General Committee of Public Instruction (GCPI). This Committee got the grant of Rs. one lac at its disposal. Initially, the Committee comprised members with homogenous views, but with changes in the members on the Committee, the oriental vs. occidental controversy began again, and the spread of education halted until 1835, just before Macaulay period.

What happened then after, has shaped the education policy during the British period, which we will discuss in the next issue.

Bhavesh Patel, Ph. D.
Kulpati
Charutar Vidya Mandal

This article is an extract and compilation of the following sources:
Shodhganaga Article. "Education Policy in India under the British Rule" http://shodhganga.inflibnet.ac.in/bitstream/10603/102629/11/11_chapter%203.pdf accessed on 21st January 2019
Howell, Arthur (1872). Education in British India Prior to 1854 and in 1870-71. Calcutta: Superintendent of Government Printing.

## તનાવ મુક્ત જીવન

એસ.જી. પટેલ

અધ્યાત્મિક પ્રગતિ કરવા માટે આપણે દરરોજ શુદ્ધ કંપનોના પર્યાવરણમાં રહેવું જોઇએ. આપણે ઘણી વાર સંકલ્પ કરીએ છીએ કે ગુસ્સો નથી કરવો, કોઇની લાગણી ઘવાય તેવું નથી બોલવું, કોઇનો તિરસ્કાર નથી કરવો.... વિગેરે પણ આવું બધું જ્યારે અમલમાં મૂકવાનું થાય છે ત્યારે નિષ્ફળ જઇએ છીએ કારણ કે આપણી ઉપર આપણા સૂક્ષ્મ સંસ્કારોનું કવચ વીંટળાયું હોય છે. તેમાંથી ઉત્પન્ન થતું તેજાવરણ સૂક્ષ્મ તરંગોથી છવાઇ જાય છે. આપણી જાતને શક્તિશાળી બનાવી પરિવર્તન લાવવા માટે આપણી આસપાસ દિવ્યતા સભર સૂક્ષ્મ કંપનો રચાય એવું અત્યંત જરૂરી છે. આપણા રોજિંદા જીવનમાં આવતાં નાના-મોટા પડકારોનો સામનો કરવામાં થોડીક અમસ્તી ચિંતા કરવાથી આંતરિક શક્તિમાં ઓટ આવે છે. જ્યારે જ્યારે આવી પરિસ્થિતિ આવે ત્યારે ચિંતાનાં વાદળ ઘેરાય ત્યારે, થોભો અને તમારી જાતને કહો કે- ‘‘આવી ઘટનાનું પુનરાવર્તન ન થાય’’. ટીકા-ટીપ્પણી કરવી, ચિંતા કરવી, નિયંત્રિત અને વિઘાતક ચિંતન પ્રવાહ ચલાવવાથી આપણામાં રહેલ અખૂટ શક્તિઓના ખજાનો ખાલી થવા લાગે છે. આવા સંજોગોમાં જાગૃકતા સાથે નિરીક્ષણ કરવું, તપાસવું અને ધીમેથી એમાં ફેરફાર કરી લેવો.

આપણી સાથે સીધી કે પરોક્ષ રીતે જોડાયેલ લોકોને નિયંત્રિત કરવા જતાં નકારાત્મક વિચારોની ઘટમાળ શરૂ થઇ જતી હોય છે. કશુંક નિયંત્રણમાં લાવવું એટલે કે જે કંઇ થઇ રહ્યું તે આપણને પસંદ નથી, તેથી આપણે એમાં ફેરફાર થવા આશા રાખીએ એટલે આંતરિક અને માનસિક અથડામણ શરૂ થઇ જાય છે. આમાંથી બહાર નીકળવા માટે સજાગપણે લોકો તેમજ પરિસ્થિતિને જેવી છે તેવી સ્વીકારવા માનસિકતા કેળવો. સ્વીકાર એટલે અંદરથી કોઇ માથાકૂટ નહીં છતાં નમ્રભાવે સાંકેતિક સૂચનો કરી વેગળા રહેવું. આપણી પોતાની વિચાર કરવાની પ્રક્રિયાનું ધ્યાન રાખવું ત્યાર પછી જ બાહ્ય પરિવર્તન બાબતે આશા રાખવી. આપણે જ્યારે પણ જેવા વિચારો કરીએ તેને અનુરૂપ જ શક્તિનું ક્ષેત્ર સર્જાય છે, ભલે પછી તમો જાગૃત કે અર્ધજાગૃત અવસ્થામાં હોવ. આવા પ્રકારની ઉર્જાનું સર્જન દરેક પ્રતિક્રિયા કે પ્રતિભાવ સમયે થતું હોય છે. ચેક કરો કે હું અતિશય વિચારો તો કરતો નથી ને? મારા વિચારોની ગુણવત્તા કેવી છે? જ્યારે હું મારા વિચારોને બદલવા કે રોકવા માગું તો તેમ થાય છે ખરું? જ્યારે ઉચ્ચ વિચારોનો પ્રવાહ ચાલુ થાય છે ત્યારે તેની ગતિ ધીમી હોય છે. પણ, જ્યારે વિચારોમાં નકારાત્મકતા કે વ્યર્થતા સમાયેલ હોય છે ત્યારે વિચારોનો દોર તેજ બની જાય છે, પછી આપણને સતત વસવસો થાય છે કે કશું જ મારા કાબૂમાં નથી. સામાન્ય રીતે આપણી દૃષ્ટિ બીજા લોકોના ગુણદોષો જોવા ટેવાઇ છે. આપણે આપણી જાતને જોવા ઇચ્છતા જ નથી. ચાલો, શરૂ કરીએ આપણી દોસ્તી આપણી જાત સાથે. ચકાસો કે આપણા પોતાને લગતા કયા મહત્ત્વના વિચારો છે. ધીમેથી તમામ મહત્ત્વના વિચારોને સ્વીકાર ભાવ અને પ્રેમસભર બનાવો. જેટલી આપણે આપણી જાતની ટીકા-ટિપ્પણી કરીશું એટલા વધારે આપણે આપણા વ્યક્તિત્વ સુધાર તરફ આગળ વધીશું. આપણે આપણા સંસ્કારો બદલવા છે તેથી આપણો આંતરિક મનોભાવ સકારાત્મક, પ્રેમાળ અને શક્તિશાળી બનતો જશે.

આપણે જેવું વાંચીએ, જોઇએ, સાંભળીએ તેવા બનતા હોઇએ છીએ. જ્યારે આપણે ગુનેગારોની પૂર્વગ્રહયુક્ત કે દોષિત ગુણોની વાતો કર્યા કરીએ તો તેનાથી વધારેમાં વધારે નકારાત્મકતાનો ઉમેરો થયા કરે છે. નકારાત્મકતા ઘટાડવા માટે તમારા સ્ટ્રેસ લેવલને મોનીટર કરો. તમારી જીવનચર્યામાં ફેરફાર એટલા માટે કરવો જરૂરી છે. કે જેનાથી આવનારી કટોકટીની પળોમાં પરિસ્થિતિનો સારી રીતે સામનો કરી શકાય. સ્ટ્રેસ વધવાથી હૃદયના ધબકારા વધી જઇ શરીરે પરસેવો થઇ જાય છે અને સ્નાયુઓ ખેંચણનો અનુભવ થાય છે. માથું દુખવા લાગે, થાક અનુભવાય અને શ્વાસોશ્વાસ કરવામાં મુશ્કેલ ઊભી થાય તો સમજવું કે તમે સ્ટ્રેસની અવસ્થામાંથી પસાર થઇ રહ્યા છો. આવી પરિસ્થિતિમાં સ્ટ્રેસ કયા કારણે થવા લાગ્યો તેનું મોનીટરીંગ કરવાથી તમો સકારાત્મક રીતે જે તે સમસ્યાના ઉકેલમાં ચિંતન કરવાથી હળવાશ અનુભવશો. વિચાર કરો કે આ પરિસ્થિતિ પણ જેમ આવી છે એમ ચાલી જશે, કોઇ ખરાબ સમય કાયમ રહેતો નથી, જેમ આકાશમાં આવેલાં કાળાં વાદળો અમુક સમયે વિખરાઇ જાય છે. એમ અઘરી પળો પણ વિખરાઇ જશે એવા સંકલ્પો ચલાવો. શક્ય હોય તો તમારાં હાથ પરનાં કામોની યાદી બનાવી લઇ એક પછી એકમાંથી મુક્ત થવાના ઉપાયો વિચારવાથી હળવાશ અનુભવશો. સમયનું આયોજન એવું કરો જેથી તમને તમારા સ્નેહીજનોની વચ્ચે રહી જવાબદારીઓ વહેંચી લેવાથી પણ હળવાશ અનુભવાશે. કેટલીક બાબતોમાં થોડા ફ્લેક્સીબલ થવાથી પણ ચિંતાના કારણોમાંથી મુક્તિ થવા લાગશે. એવું ન વિચારો કે આ બધી જવાબદારીઓ મારે જ નિભાવવાની

છે. ખુલ્લા દિલથી મિત્રો સાથે ચર્ચા કરી કોઈપણ કટોકટી ભરી પરિસ્થિતિમાંથી માર્ગ શોધી શકાય છે એવી અનુભૂતિ કરો. કોઈક અતિશય ગૂંચવણનો ઉકેલ સરળતાથી ન મળે તો જે તે વિષયના નિષ્ણાતની સલાહ લેવામાં સંકોચ ન અનુભવવો. સમસ્યાનું પૃથ્થક્કરણ કરવાથી પણ રસ્તો સૂઝશે.

વૈજ્ઞાનિકોએ તારણ કાઢ્યું છે કે સ્ટ્રેસ નિયંત્રણ કરવામાં શારીરિક પ્રવૃત્તિઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. સામાન્ય હતાશા અને વ્યગ્રતાને કારણે શરીરમાં થતાં રાસાયણિક ફેરફારોને કાબૂમાં રાખવામાં નિયમિત કસરત ઉપકારક બને છે. આખા દિવસની વ્યસ્તતામાંથી પરવારી સાંજના સમયે અડધો કલાક ચાલવાથી થાક અને સ્ટ્રેસ દૂર કરી શકાય છે. સતત સર્જનાત્મક પ્રવૃત્તિમાં રચ્યા-પચ્યા રહેવાથી પણ મનમાં ખુશીના તરંગો વહાવી શકાય છે. ફરજિયાત કામો ઉપરાંત મનપસંદ પ્રવૃત્તિમાં એકાદ કલાક વીતાવવાથી સરળતા ઊભી કરી શકાય છે. તમારી રોજિંદી દિનચર્યામાં વિવિધ પ્રવૃત્તિઓની સંતુલન જાળવવાથી સ્ટ્રેસ લેવલમાં ઘટાડો લાવી સકાય. મિત્રોના અભાવે ઘણી વખત સ્ટ્રેસ લેવલ વધતું જોવા મળે છે.

નિયમિત વહેલી સવારે અમૃતવેળાએ યોગાભ્યાસ કરવાની ટેવ કેળવવાથી દિવસભર શાંત અને આરામદાયક અવસ્થાની સતત અનુભૂતિ થયા કરે છે. નિયમિત કસરત અને યોગાની સાથે આરોગ્યપ્રદ પોષક આહાર લેવાથી સ્ટ્રેસવાળીમાંથી મુક્તિ લઈ શકાય છે. આમ કરવાથી શારીરિક અને લાગણીઓ થકી સ્વસ્થતા કેળવાય છે અને કાર્યક્ષમતામાં વધારો કરી શકાય છે. માણસને સામાન્ય રીતે સાતથી નવ કલાકની ઊંઘ જરૂરી હોય છે. અપૂરતી ઊંઘને કારણે નિર્ણયશક્તિ, તર્કશક્તિ અને બૌદ્ધિક શક્તિમાં ઊણપ વર્તાય છે. કેફી પીણાં તેમજ ધ્રુમપાન જેવી આદતો સ્ટ્રેસ ઘટાડવા ઉપયોગી છે એવી માન્યતા સદંતર ભ્રામિક છે. ચાલો આપણે આપણી જાતને તનાવમુક્ત કરી સુખદ જીવનનાં પગરણ માંડવા લાગી જઈએ.

(માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

'વિ-વિદ્યાનગર' સામયિક હવે સામયિકની વેબસાઈટ www.vvidyanagar.co.in પર દર મહિને મુકાય છે. સામયિકના ગ્રાહકો-વાચકોના પ્રતિભાવો, સૂચનો અને પ્રકાશનને લગતી અન્ય માહિતી માટે વેબસાઈટની મુલાકાત લેશો. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

## સદ્‌ગુરુ સાહેબ સહી કર્યા, જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે

**ભાણ સાહેબ**

સદ્‌ગુરુ સાહેબ સઈ કર્યા જેણે પ્રેમ જ્યોતિ પરકાશી રે,
અખંડ જાપ આયો આતમ રો, કટી કાલકી ફાંસી...

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગગન ગરજીયા શ્રવણે સુણીયા મેઘ જ બારે માસી રે,
ચમક દામની ચમકન લાગી દેખ્યા એક ઉદાસી...

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગેબ તણા ઘડીયારા વાગે દ્વૈત ગયા દળ નાસી રે,
ઝીલપણામાં ઝાલર વાગી ઉદય ભયા અવિનાશી

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

મહી વલોયા માખન પાયા ધૂત તણી ગમ આસી રે,
ચાર સખી મીલ ભયા વલોણા અમર લોકકા વાસી...

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

સપ્ત દીપ્તને સાયર નાહીં, નહીં ધરણી આકાશી રે,
એક નિરંતર આતમ બોલે, સો વિધ વિરલા પાસી...

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

ગેબ નિરંતર ગુરુ મુખ બોલ્યા, દેખ્યા શ્યામ સુવાસી રે,
સ્વપ્ને ગયા ને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી...

- મેરે સતગુરુ, પ્રેમ જ્યોતિ પરકાશી રે...૦

## છબીલા નંદના રે! તારી ચાલનો ચટકો જોઃ

**ભાલણ**

છબીલા નંદના રે! તારી ચાલનો ચટકો જો;
છોરા આહીરના રે! તારા મુખનો મટકો જો...
ચાલનો ચટકો, મુખનો મટકો, મોહિની નાખે એમ;
કાળી તારી કાંબળીમાં કામણ દીસે છે કેમ?.... છબીલા...
ચટકો તારી ચાલનો રે, પાવડીએ કંગર કોર;
છુમક છુમક ઘૂઘર વાજે, નેનમાં નાચે મોર... છબીલા...
તાણીને બાંધે પાઘડી રે, ઢળતો મૂકે તોર;
શેરીએ લથડતો હીંડે, મોરલી તે ઘનઘોર... છબીલા...
મુખ દેખાડીને ઘેલાં કીધાં, જાણે હરાયાં ઢોરઃ
ભાલણ-પ્રભુ રઘુનાથજી, મારા ચિતલડાના ચોર... છબીલા...

## ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે....

**ભાણદાસ**

ગગન મંડળની ગાગરડી, ગુણ ગરબી રે,
તેણે રમે ભવાની રાસ, ગાઉં ગુણ ગરબી રે...

દિનમણિ સૂર્ય દીપક કર્યો, ગુણ ગરબીરે,
માંહી ચન્દ્ર તણો પ્રકાશ, ગાઉં ગુણ ગરબી રે...

પૃથિવી પાત્ર તાહાં કોડિયું, ગુણ ગરબી રે,
બાતી પરવત મેર, ગાઉં ગુણ ગરબી રે..

સાત સાગર તેલ ભર્યું, ગુણ ગરબી રે,
માંહી મુક્તાફળ ચોફેર, ગાઉં ગુણ ગરબી રે...

આદ્યશક્તિ અવ્યક્ત તણી, ગુણ ગરબી રે,
રમે રસાળો રાસ, ગાઉં ગુણ ગરબી રે...

ચૌદે લોક મોહ પામિયા, ગુણ ગરબી રે,
એમ કહે છે ભાણદાસ, ગાઉં ગુણ ગરબી રે...

## મન ! તું રામ ભજી લે- ને રાણા.

**ભાણસાહેબ**

મન ! તું રામ ભજી લે- ને રાણા,
તારે ગુણ ગોવિંદનાં ગાણાં...

ખોટી માયાની ખબર પડી નહીં, કળ વિનાના કુટાણા;
જૂઠી માયાસે ઝઘડો માંડયો, બળ કરીને બંધાણા...

કૂડિયા તારે કામ નહીં આવે, ભેળા ન આવશે નાણા;
હરામની માયા હાલી જાશે, રહેશે દમ દટાણાં...

કૂણપ વિના નર કૂણા દીસે, ભીતર નહીં ભેદાણા;
હરિ વિનાના હળવા હીંડે, નર ફરે નિમાણા...

સો સો વરસ રહે સિંધુમાં, ભીતર નહીં ભીંજાણા;
જળનું તો કાંઈ જોર ન ચાલે, પલળે નહીં ઈ પાણા...

પળી ફરી પણ વરતિ ન ફરી, બોલ નહીં બદલાણા;
છબી ફરી પણ ચાલ ફરી નહીં, ભ્રાંતિ ગઈ નહીં ભાણા....

# માનવજાતનું ઊર્ધ્વારોહણઃ અહિંસક માર્ગે સ્વરાજ

**મનસુખ સલ્લા**

દેશ-વિદેશની અનેક મહાન વ્યક્તિઓએ અન્યના જીવનમાં અહિંસક માર્ગે અસર પાડી હોય, સામી વ્યક્તિનું પરિવર્તન થયું હોય, એનો પ્રભાવ પછીની પેઢીઓ ઉપર પડયો હોય તેવું બન્યું છે. એવી અનેક ઘટનાઓ છે. ભગવાન બુદ્ધે અને મહાવીરે અહિંસાનું પ્રબોધન કર્યું છે. ઈસુ ખ્રિસ્તે કરુણા અને ક્ષમા દ્વારા નિર્વેર થવાનું દર્શન આપ્યું છે. એ સૌના પ્રયત્નો વ્યક્તિ સાથે હતા. વ્યકિત બદલાય એના પર તેમનો ભાર હતો. એની અસર વ્યાપક સમાજ ઉપર પણ પડી. પરંતુ સમગ્ર જગતમાં અહિંસક માર્ગે કોઈ એક દેશ સત્તા પરિવર્તન કરી શકે એ દર્શન અવતરવાનું બાકી હતું.

દુનિયામાં અનેક મહાન રાજવીઓ થયા છે, પરાક્રમી સેનાપતિઓ થયા છે, ચાણક્ય, લેનિન અને માઓત્સે તુંગ જેવા મુત્સદ્દીઓ અને સંગઠકો થયા છે, પરંતુ એ સૌનો વિશ્વાસ હિંસક માર્ગ ઉપર જ હતો. તેમાંના કોઈને અહિંસક માર્ગે દેશ સત્તા પરિવર્તન કરાવી શકે એનો વિચાર સુદ્ધાં નથી આવ્યો. પરંપરાથી જે માર્ગ પ્રચલિત હતો એ માર્ગે જ તેઓ ચાલ્યા છે. એમના ત્યાગ અને પરાક્રમો ખૂબ વિશિષ્ટ છે, પરંતુ હિંસાના સાધનથી ભિન્ન સાધન હોય એવું તેમને સૂઝયું નથી. હિંસાના સાધનની, માર્ગની જ મર્યાદાઓ છે તે મહાભારતના યુદ્ધથી સાબિત થઈ ચૂક્યું હતું. મહાભારતકારે કહ્યું છે કે, ‘‘જીતનારને ભાગે પણ આંસુ જ આવે છે.’ છતાં ભારતના ક્રાંતિકારીઓ સુધી આ માર્ગ અપનાવાયો છે. એ ક્રાંતિકારીઓનાં દેશભક્તિ અને બલિદાન ગૌરવપૂર્ણ છે. પરંતુ હિંસાના માર્ગની મર્યાદાઓ અને વિફળતાઓ છે તે તો સ્વયંસ્પષ્ટ છે.

મહાત્મા ગાંધીએ વિચાર અને દર્શનની દિશામાં માનવજાતને એક નવા અને ઉચ્ચ સ્તર પર સ્થાપી આપી છે. મહાત્મા ગાંધી એવા રાષ્ટ્રપ્રમુખ છે. જેમણે ભારત સામે (અને જગત સામે પણ) એક મૌલિક, અનન્ય અને ઉત્તમ વિકલ્પ મૂક્યો. એટલું જ નહિ, એ માર્ગને સફળ પણ કરી બતાવ્યો. કોઈ દેશે અહિંસક માર્ગે સ્વરાજ મેળવ્યું હોય તેવું તો પ્રથમવાર અને ભારતવર્ષમાં ગાંધીજીના નેતૃત્વમાં બન્યું છે. ઘણી વાર ક્રાંતિકારીઓનું ગૌરવ કરવામાં એ ભૂલાઈ જાય છે કે અહિંસક માર્ગે ચાલવામાં અનેકગણું મહાન સમર્પણ અને નૈતિકબળની જરૂર પડે છે.

હિંસક માર્ગે છદ્મ વ્યૂહો, સામાને છેતરવા અસત્યનો આશ્રય, જે માનતા હોય તેનાથી ઊલટી રીતે વ્યક્ત થવું અને સામાનું માથું વાઢીને વિજય મેળવવાનો હોય છે. અહિંસક માર્ગ તો તલવારની ધાર ઉપર ચાલવા જેવો કઠણ છે. એમાં તો સત્યનું પળેપળે પાલન કરવાનું હોય છે, પોતાની નાનામાં નાની ભૂલ કે મર્યાદાને જગત સામે પ્રગટ કરવાનું સાહસ અને પારદર્શકતા જોઈએ છે. પ્રતિપક્ષીનાં બુદ્ધિ અને હૃદયને સાચી વાત સમજાવીને સંમત કરવાનાં હોય છે. સામાને પીડા આપીને નહિ, પોતે સ્વેચ્છાએ દુઃખ વેઠીને સામાનું પરિવર્તન કરાવવાનો પ્રયત્ન હોય છે - પછી એ વ્યક્તિ હોય, જૂથ હોય કે રાજ્ય કરનાર શાસક હોય. આવો અહિંસાનો માર્ગ કેવળ ભારત માટે જ નહિ, જગત માટે પણ અસાધારણ ઘટના છે.

એટલે તો અનેક અંગ્રેજ હાકેમો માનતા હતા કે સૂતરનો તાંતણો કે મૂઠી મીઠું કશું પરિણામ નહિ લાવી શકે. કારણ કે તેઓ યુદ્ધના હિંસક માર્ગથી જ ટેવાયેલા હતા, અહિંસક માર્ગના આત્મબળનો તેમને પરિચય જ નહોતો.

માનવજાતના ઊર્ધ્વારોહણનો આવો અનન્ય માર્ગ ગાંધીજી કેમ પસંદ કરી શક્યા? તેમને આવો માર્ગ કેમ સૂઝયો ? એનો જવાબ એ છે કે ગાંધીજી રાજકારણમાં ભલે હતા, પણ સત્તાકારણમાં નહોતા. તેમની શ્રદ્ધા આત્મબળ પર હતી, હિંસક સાધનો પર નહિ. ગાંધીજીની જીવનસાધના સત્ય માટેની હતી. તેઓ સત્યને જ ઈશ્વર માનતા હતા. સત્યની પ્રાપ્તિ કરવી હોય તો માર્ગ અહિંસાનો જ હોવો જોઈએ એ તેમની પ્રતીતિ હતી. કારણ કે દ્વેષ, ઈર્ષા કે લોભના મૂળમાં હિંસા રહેલી છે એ તેમણે પારખ્યું હતું. અહિંસક મનુષ્ય જ અભય રહી શકે. ભારતીયો ભયભીત હતા કારણ કે આત્મબળને નહિ, દેહને મહત્ત્વ આપતા હતા. ગાંધીજીએ આ સમીકરણ જ બદલી નાખ્યું. અહિંસક માર્ગે ચાલનારનું ધારક તત્ત્વ દેહ નહિ, આત્મા હોય છે. આત્માર્થીને વસ્તુ, પદ કે પૈસાનો લોભ નથી હોતો, એથી એ નિર્ભય રહી શકે છે. જેલ, એકાંત કે અગવડો એને ચળાવી શકતા નથી. અનેક સંતો અને મહાપુરુષોએ વ્યક્તિગત જીવનમાં આ સિદ્ધ કર્યું હતું, પરંતુ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં અને ભારતમાં

પ્રજાને સાથે લઈને, પ્રજાને અહિંસક માર્ગ માટે તૈયાર કરીને વ્યાપક ભૂમિકાની અહિંસક લડતો લડી.

એટલે ગાંધીજી અંગ્રેજોને વૈરી નથી ગણતા, પરંતુ એમની ખોટી નીતિઓ અને માન્યતાઓનો વિરોધ કર્યો છે. અહિંસક માર્ગે ચાલનાર મનુષ્યનો નહિ, તેની નબળાઈઓનો વિરોધ કરે છે. કવિ સુન્દરમે ગાયું છે કે-

'હણો ના પાપીને, દ્વિગુણ બનશે પાપ જગના,
લડો પાપો સામે, અડગ દિલના ગુપ્ત બળથી.'

ગાંધીજીની પહેલાં આ વિષય અધ્યાત્મનો ગણાતો હતો. આવું તો સંતો જ કરી શકે. ગાંધીજીએ એની સ્થાપના વ્યવહારજીવનમાં કરી. દર્શકે કહ્યું છે તેમ - 'વ્યક્તિગત સદ્‌ગુણને સામાજિક સદ્‌ગુણ બનાવ્યો' એ એમના નેતૃત્વની ખૂબી છે. એટલે અહિંસક સત્યાગ્રહ સંતો-મહાત્માનો જ નહિ, આખી પ્રજાનો, સામાન્યમાં સામાન્ય માણસનો બન્યો. ગરીબ-તવંગર, અભણ -ભણેલા સૌ તેમાં ભાગીદાર થયા. લાખો ભારતીયો એ માર્ગે જીવ્યા. મનુષ્ય અને તેની મર્યાદાને જુદા ગણવાનું ત્યારે જ શક્ય છે જ્યારે સામા પક્ષને વૈરી ગણવામાં આવતો હોય. આ માટે ગાંધીજીએ આત્મનિરીક્ષણ, આત્મપરીક્ષણ અને આત્મશુદ્ધિને માધ્યમ બનાવ્યાં. વ્રતોને રોજબરોજના જીવનના ભાગ બનાવ્યા.

ગાંધીજીની હયાતીમાં જ બે વિશ્વયુદ્ધો થયાં હતાં, પણ ગાંધીજીના અહિંસક માર્ગની શ્રદ્ધા ડગી નહોતી, ઊલટી દૃઢ બની હતી. ગાંધીજીનો આદર્શ તો એ હતો કે 'જણે જણનું સ્વ-રાજ હોવું જોઈએ'. એટલે કે દરેક આત્માર્થીનું પોતાના ઉપર રાજ્ય હોવું જોઈએ. એ દ્વેષ કે લોભને વશ ન થાય. એ કક્ષાનું પ્રજાનું સંપૂર્ણ આરોહણ તો ત્યારે અને આજે પણ બાકી છે. એટલે અંશે આપણી લોકશાહી પણ પાંગળી છે. તેના દેહ પર પડતા ઉઝરડા એ પ્રજાને અહિંસા પૂરેપૂરી પચી નથી એ કારણે છે.

એમ પણ કહી શકાય કે સ્વરાજની લડતમાં ગાંધીજી સાથે જોડાયેલા બધા નેતાઓને પણ અહિંસક માર્ગ વિશે પૂર્ણ શ્રદ્ધા નહોતી. આચાર્ય ક્રિપલાણીએ એનો સ્વીકાર કરતાં કહ્યું છે કે, 'અમે કાંઈ ગાંધીજી જેટલા સત્ય કે અહિંસાને વરેલા નહોતા. અમારી એવી શ્રદ્ધા નહોતી. પરંતુ અમે જાણતા હતા કે દેશ ગાંધીજીને અનુસરે છે એટલે અમે ગાંધીજીને અનુસર્યા.' આ સ્વીકારમાં મોટાભાગના આગેવાનોની મનોભૂમિકાનું યથાર્થ દર્શન છે. જો ગાંધીજી સાથેના તમામ નેતાઓની અહિંસક માર્ગની પૂર્ણ શ્રદ્ધા હોત તો દેશના ભાગલા, ભાગલા વખતની કાપાકાપી, સ્વરાજ પછીની વિધ્વંસક ઘટનાઓ અને સંકુચિત વિચારસરણીનો આધાર લઈને. હિંસાને વધુમાં વધુ અપાતું મહત્ત્વ વગેરે શક્ય ન બન્યું હોત.

ઈતિહાસ તો એવી જ સાક્ષી પૂરે છે કે સત્તા પરિવર્તન હિંસક માર્ગે જ શક્ય છે. પરંતુ ગાંધીજીએ ક્રિપલાણીજીને કહ્યું હતું તેમ, 'હું ઈતિહાસ વાંચનાર નહિ, ઈતિહાસ ઘડનાર છું.' અહિંસક માર્ગ વિશેની એમની શ્રદ્ધા એવી અચલ હતી કે સફળતાના ટૂંકા રસ્તા તેમણે લીધા નહિ. ચૌરાચૌરીમાં ત્રાસ આપનાર પોલીસોને મથકમાં પૂરી દઈ, સળગાવી દેવાયા ત્યારે ગાંધીજીએ લડત સંકેલી લીધી. તેમના અનેક મુખ્ય સાથીદારો એથી નારાજ થયા હતા, પણ તેઓ અડગ રહ્યા હતા. એથી જ યરવડા જેલમાંથી આશ્રમના સાથીઓનું તેજ વધારવા વ્રતો વિશે દર મંગળવારે પત્ર લખતા (જેનું પુસ્તક 'મંગળપ્રભાત' નામે પ્રગટ થયું છે.) તેમાં જેલના નિયમોનું પાલન બરાબર કરવા માટે તેમણે સ્વદેશી વ્રત વિશે ન લખ્યું, જેલમાંથી બહાર આવ્યા પછી સ્વદેશી વ્રત વિશે લખ્યું. વાઈસરોય સાથે વાટાઘાટો અને પત્રવ્યવહાર પત્રકારો સુધી ન પહોંચાડવા તેઓ સંમત થયા હતા તેથી વાઈસરોયના એક પત્રની નકલ મૌલાના આઝાદે કરી લીધી તેની જાણ થતાં તેમણે એ પત્ર ફડાવી નખાવ્યો હતો.

નિયમપાલન સ્વેચ્છાએ અને સંપૂર્ણપણે કરવાનું અને સાથે જ જે નિર્ણય કે નિયમ અમાનવીય કે અનુચિત લાગે તેનો ખુલ્લો વિરોધ કરવો અને વિરોધને પરિણામે જે કાંઈ સહન કરવાનું આવે તે સહન કરવાની તેમની તૈયારી હતી. આમાંથી પ્રજાનું ઘડતર થયું હતું.

૧૯૪૨ની 'હિંદ છોડો' લડતના બધા મુખ્ય નાયકોને અંગ્રેજ સરકારે જેલમાં પૂરી દીધા હતા. ગાંધીજીએ મુંબઈની ગોવાલિયા ટેંકની સભામાં જાહેર કર્યું હતું કે, 'સૌ પોતાના સેનાપતિ છે.' એ લડતમાં કેટલાક લોકોએ હિંસક માર્ગ પસંદ કર્યો. એથી અંગ્રેજ સરકારને લડત કચડવી સહેલી થઈ. એક તો દાયકાઓથી પ્રજાને નિઃશસ્ત્ર બનાવવામાં આવી હતી અને રાજ્યના સંગઠિત શસ્ત્રબળ સામે પ્રજા હિંસક માર્ગે ટકી ન શકે, ગાંધીજી જેલમાં હતા. તેમની હિંસક માર્ગ માટે અસંમતિ જ હતી. 'હિંદ છોડો' લડત હિંસક માર્ગે

સફળ થાય એમ નહોતી. છતાં એવું બન્યું એનાં દુષ્પરિણામો ભારતે ભોગવવાં પડયાં. અણગમતાના વિરોધ માટે સ્વેચ્છાએ સહન કરવું, કોઈ અનિષ્ટ સાધનનો ઉપયોગ ન કરવો એ ભૂલાયું તેની અસર પ્રજાના અમુક સમૂહોને પોતાની વેરવૃત્તિ, સ્વાર્થ અને અહંકારને સંતોષવા હિંસક માર્ગ અખત્યાર કરી શકાય એની ટેવ પડી. એટલે અંશે ભારતીય સ્વાતંત્ર્યસંગ્રામનો અહિંસક માર્ગ ભૂલાયો કે નબળો પડયો એમ જ ઈતિહાસ તો કહેશે. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસે પ્રમાણમાં ઘણો સંયમ જાળવ્યો, પરંતુ મુસ્લિમ લીગને હિંસા માટે, અસત્ય માટે મોકળું મેદાન મળી ગયું. આમાંથી વેરભાવનાં જે બીજ વવાયાં એ નોઆખલી, બિહાર, દિલ્હીમાં અને ભાગલા વખતની કત્લેઆમમાં પ્રગટ થયાં, ફૂલ્યાં-ફાલ્યાં. 'તલવાર ઉપાડે છે તે તલવારથી મરે છે'' એ બાઈબલ વાક્ય ભૂલવા જેવું નથી. ગાંધીજી મરણાંત સુધી અહિંસક માર્ગને ચરિતાર્થ કરવા પ્રયત્નશીલ રહ્યા, પરંતુ સ્વાર્થી તત્ત્વોને હિંસક માર્ગ જ ફાવે એવો હતો. આ ઘટનાઓને સમગ્રપણે સમજીએ તો સ્પષ્ટ થાય છે કે હિંસાનો આશ્રય લઈને આત્મબળ, સમર્પણ, બંધુતા અને સમાનતા ખરા અર્થમાં સ્થાપી શકાય નહિ.

અહીં એક પ્રશ્ન થઈ શકે કે ગાંધીજીનું ઉદાત્ત નેતૃત્વ હતું, દેશ અહિંસક માર્ગે સ્વતંત્ર થયો તો સ્વરાજ પછી આખા દેશમાં નાનામાં નાના વ્યવહારોમાં પણ હિંસાની આટલી પ્રબળતા કેમ અનુભવાય છે ? એનો જવાબ એ છે કે ગાંધીજીનું મુખ્ય પ્રદાન સાધનશુદ્ધિનું હતું. ધ્યેય સ્વાતંત્ર્ય અને સત્યપ્રાપ્તિનું હોય તો સાધન હિંસાનું ન જ હોઈ શકે. આપણે એક પ્રજા તરીકે એ ભૂલ્યા. વળી, અહિંસાને માર્ગે ચાલવા માટે જે શિસ્ત અને જીવનશૈલી અનિવાર્ય ગણાય તે પ્રથમ નેતાઓએ અને પછી પ્રજાએ છોડી દીધી. વૈભવી જીવનની આકાંક્ષા ભ્રષ્ટ આચારનાં બારણાં ખોલી આપે છે. આપણા આગેવાનોએ ભ્રષ્ટ આચારો પ્રત્યે ગાંધીજી જે જાગૃતિ અને આગ્રહો જાળવતા હતા તે જાગૃતિ અને આગ્રહો જાળવ્યાં નહિ. લોકહિતના નિર્ણયો અને સામાન્ય વ્યવહારોમાં પણ અશુદ્ધ સાધનોનો સ્વીકાર કરતા ગયા.

આ લપસણા માર્ગે વધુ ને વધુ નીચે ઊતરતા ગયા. એટલે તેઓ ગાંધીજીને માન આપે છે, પણ તેમનું કહ્યું માનતા નથી.

જેમ હિંસક માર્ગના સૈન્ય અને સેનાપતિ પાસે શિસ્ત અને ખાસ પ્રકારની જીવનશૈલીની અપેક્ષા હોય છે (અને એ દંડ દ્વારા પણ સિદ્ધ કરી શકાય છે) તેનાથી અનેકગણાં વધારે શિસ્ત અને સ્વનિયમન અહિંસક માર્ગે ચાલવા માટે અનિવાર્ય બને છે. સાથે જ આજની કુદરત ઉપર આધિપત્ય જમાવીને, કુદરતને લૂંટવા, કાપવા, વેડફવાની જીવનશૈલી પણ હિંસાને જ પ્રોત્સાહન આપશે. એટલેકુદરતને ઓછામાં ઓછો ઘસારો કેમ આપવો અને ના છૂટકે ઘસારો અપાતો હોય તો તેની પૂર્તિ કેમ કરવી એ અહિંસક સમાજરચનાનું પાયાનું તત્ત્વ બનશે. એટલે જ સાબરમતીને કાંઠે રહેનાર ગાંધીજી નદીની વિશાળ પ્રવાહમાંથી દાતણ-મોં સફાઈ માટે પોતાનો અધિકાર બે ટબૂડી પાણીનો જ છે એવું સ્વીકારે-સમજાવે તે એકવીસમી સદીનો નવો અહિંસા સંદર્ભ છે. એ કુદરત અનુકૂળ સ્વૈચ્છિક જીવનશૈલીનું સૂચક છે.

ભારત અને જગત ગાંધીજીનો અહિંસાનો મંત્ર ભૂલીને ભલે આજે વર્તી રહ્યું હોય, પરંતુ કાયમ એમ નભી શકાશે નહિ. પર્યાવરણના પ્રશ્નો આળા બન્યા છે. હજુ વધુ ક્રૂર અને મૂંઝવનારા બનશે તેમ તેમ ભારત અને જગતને સમજાશે કે ગાંધીજીનો અહિંસાનો માર્ગ સાચો છે. એ માર્ગે જ અસ્તિત્વ ટકાવી શકાશે. કેવળ અન્ય દેશ કે પ્રજાની સાથે જ નહિ. નિર્જીવ ગણાતાં પંચતત્ત્વો અને બેકટેરિયા જેવા સૂક્ષ્મ જીવો સાથે પણ હિંસાનો મનોભાવ પ્રતિકૂળ છે.

ભારત, ચીન અને દુનિયાના સુખી દેશો આર્થિક સમૃદ્ધિ માટે કાંઈ પણ કરતાં સંકોચ અનુભવતા નથી, પરંતુ માત્ર આર્થિક બાજુ જ નહિ, જીવનની બધી બાજુઓનો સમગ્રતાથી વિચાર કરવો પડશે. એમાં ગાંધીજીનું દર્શન પ્રસ્તુત અને અસરકારક છે. ગાંધીજીના જીવન પછી ભારત અને દુનિયા એક ઊંચું ડગલું ભરી ચૂક્યાં છે. (નેલ્સન મંડેલા અને માર્ટિન લ્યુથર કિંગ એના નોંધપાત્ર નમૂના છે), ભલે અત્યારે ઝોલું આવી ગયું છે, પણ કોઈ પણ પ્રકારની સ્થૂળ-સૂક્ષ્મ હિંસા વિકૃતિભરી અને સર્વનાશકારી છે એ માનવજાતને ધીરે ધીરે સમજાશે. ગાંધીજીનું આ મહાન અવતારકૃત્ય છે. એમના દર્શનનું આ મહાન પ્રદાન છે.

(જનકલ્યાણ, વર્ષ-૬૮, અંક-૭,
ઓક્ટોબર-૨૦૧૮ માંથી સાભાર)

॥ નવાં કાવ્યો ॥

## અજવાળું કેદ

**પ્રફુલ્લા વોરા**

આજ ફાનસની આંખોમાં અજવાળાં કેદ,
ક્યાંય દિવસ ને રાતનો લાગે ના ભેદ.
કેમ ટોડલાને લાગે છે
ટહુકાનો ભાર?
કેમ ઉંબર આ ઝંખે છે
પગલાં બે-ચાર ?
બંધ સાંકળને સ્હેજ નહીં રણક્યાનો ખેદ
ક્યાંય દિવસ ને રાતનો લાગે ના ભેદ.
લાલ થાપામાં પડઘાતી
ભીતરની વાત,
મૌન ચુંદડીના પાલવની
સૂની છે ભાત.
કોરું હૈયું વિંધાય કેમ વાંસળીના છેદ,
ક્યાંય દિવસ ને રાતનો લાગે ના ભેદ!

(બી-૧, પલ્લવ એપાર્ટમેન્ટ, રબર ફેક્ટરી સામે,
ભાવનગર-૩૬૪૦૦૧ મોઃ ૯૪૦૯૪૬૭૯૩૪)

## મારાથી દૂર

**જગદીશ ધનેશ્વર ભટ્ટ**

હું મારાથી દૂર
અનાયાસ કેડીને પગલે ક્યાં સાંભળવો રે સૂર
હું મારાથી દૂર
હાથ હજી હેઠા છે ખડતલ કયાંય નથી કિનારે,
નાવ ખડી મઝધારે, માલમ ના મળે પંથ મારો,
હૈયે છે હતાશા તો પણ ભીતર છલકે નૂર
હું મારાથી દૂર
ચિત્ત ચઢ્યું ચકરાવે મારાં પગલાં શોધે મુજને
મજબૂરીની મહોલાતોમાં, હું શોધું છું ખુદને
અચરજને દરવાજે દીઠાં ખળખળતાં રે પૂર,
હું મારાથી દૂર,
સત્‌ચિદાનંદ રટતાં ખાડે કરોળિયાનાં જાળાંઃ
તિમિર છલોછલ પથરાયાં રે, મંઝિલ આડે તાળાં
મનનાં મોતી ગોતી લેવા, કોણ થશે મગદૂર
હું મારાથી દૂર

(૨, દીપકુંજ, ગણેશગલી, મણિનગર, અમદાવાદ,
ફોનઃ ૨૫૪૬૫૯૪૬)

## દળ વાદળોનાં

**ભૂપેન્દ્ર વ્યાસ રંજ**

(ઇંદ્રવજા)
(સૉનેટ)

આવ્યાં અચિંતા દળ વાદળોનાં,
ઘેરાય આભે ગતિ ગૂઢ લાગે.
જો, વીજળી વ્યોમ મહીં ઝબૂકે
સંતાઇને વાદળનાં દળોમા.
ના, વાદળો એ દળ દુશ્મનોનાં
ભૂ-નાશ કાજે કરતા ચઢાઇ.
ના, વીજળી એ શર દુશ્મનોનાં
છે શસ્ત્ર છૂપા કરવા લડાઇ.
છૂટ્યાં શરો વીજ ખરે વિનાશી,
થાતાં કડાકા, નભમાં ભડાકા,
ધ્રુજી ધરા, દ્યૌ ધણણ્યું, જવું ક્યાં?
સૃષ્ટિ બધી ભૂ પર નષ્ટ થાશે ?
ટીપાં ધરા પે જળનાં ઝરે છે,
ભીની ધરાનાં કણ અંકુરે છે.

(નાણાવટી ચોક પાસે, રૈયા રોડ, ૨૦૧, બાલમુકુન્દ
કોમ્પલેક્ષ, રામેશ્વરપાર્ક, શેરી નં.૩ રાજકોટ-૩૬૦૦૦૭)

## તે વેળાયે

**પ્રીતમ લખલાણી**

વસંતમાં આંગણાના મેપલ વૃક્ષની
ટગલી ડાળે બે લીલા પાનને
દિવસ આખો વાતોમાં તડાકા લેતા જોઇને
હિલોળે ચઢી જતું
બારીએ ઝૂલતા પીંજરાનું પંખી
પાનખરમાં કોઇ ડાળે ક્યાંય એકેય લીલુંપીળું
પાન નજરે ચઢતું નથી ત્યારે
મારા ડ્રોઇંગ રુમની ભીંતે ઝુલતા ચિત્તમાં
એક લીલા ઘેઘુર વૃક્ષને હિલોળા લેતું જોઇને
ઘોઘમાર ટહુકતું જોઉં છું ત્યારે
મારી બારી બહાર
આભથી ઝરમર વરસતા ઠંડા બરફ વચ્ચે
ચાર ભીંતોમાં ટૂંટ્યું વળીને પડેલ મારું ઉદાસ મન
અષાઢની કોઇ વરસતી સાંજે
મારા નગરની શેરીમાં હોઠોમાં ગીત ગણગણતી
ચાલી જતી કોઇ હલડ કન્યાની
છત્રીની જેમ ઉઘડી જાય છે..

(૬૫, ફેલકોલ ડ્રાઇવ, વેસ્ટ હેનરીટા,
એન.વાય. ૧૪૫૮૬, યુ.એસ.એ.)

## ભારતીય આચારો

**નરેશ વેદ**

પ્રત્યેક રાષ્ટ્રની પ્રજાને તેના આદર્શો અને સંસ્કારોની માફક તેના આચારો (Ethos) અન્ય રાષ્ટ્રોની પ્રજાઓથી અલગ પાડી આપે છે. આચારનો અર્થ છે આચરણ, અને આચરણ એટલે વર્તન. માણસ હંમેશા ઓળખાય છે એનાં વાણી અને વર્તનથી, તેનાં ઉક્તિ અને આચરણથી. માણસ તેના ઘરમાં અને સમાજમાં, કૌટુંબિક અને સામાજિક વહેવારો અને તહેવારોમાં, કર્મમાં અને ધર્મમાં કેવી રીતે વર્તે છે, તેના આધારે તેનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય નક્કી થાય છે. જો કે માણસનું શારીરિક વ્યક્તિત્વ સોહામણું અને આકર્ષક હોય એટલે એ માણસનું ચારિત્ર્ય પણ ઉમદા હોય, એ માણસ ઉમદા પણ હોય, એવું કશું નથી. વ્યક્તિત્વ તો વ્યક્તિનો શારીરિક, માનસિક, બૌદ્ધિક અને ભાષિક દેખાવ છે. એ છેતરામણો હોઇ શકે. એટલે જ તો વિખ્યાત અંગ્રેજી નાટ્યકાર શેક્સ્પિયરે કહેલું કે 'Appearance oft Proclaims the man!' મતલબ કે માણસ એના બાહ્ય દેખાવથી ઓળખાય તે એની સાચી ઓળખાણ નથી. એની સાચી ઓળખાણ તો એની વર્તણૂકમાં રહેલી છે. આ વર્તણૂકને આપણે આચાર કહીએ છીએ.

જેમ વ્યક્તિ તેમ વ્યક્તિનાં જૂથોથી બનેલો સમાજ અને સમાજોના સમુદાયથી બનેલું રાષ્ટ્ર એની સાચી ઓળખ પણ એના આચારો દ્વારા જ થઇ શકે. ભારત પણ એક રાષ્ટ્ર છે વિરાટ વસતીવાળું રાષ્ટ્ર છે. એમાં જ્ઞાતિ-જાતિ, કોમ-ધર્મ, ભાષા-બોલી, ખાનપાન, પહેરવેશ, રીતરિવાજ- એમ અનેક જાતની ભિન્નતાઓ છે. તેમ છતાં પણ શું ભારતીય પ્રજાને એના આગવા આચારોથી, અલગ પાડીને ઓળખી શકાય એમ છે, એવો પ્રશ્ન કોઇના મનમાં ઊઠે તો એનો ઉત્તર છે; હા, જરૂર.

કોઇપણ રાષ્ટ્રની પ્રજાના આચાર ચાર પ્રકારના હોય છેઃ (૧) કુળાચાર (૨) લોકાચાર (૩) ધર્માચાર અને (૪) રાજ્યાચાર. બીજી રીતે કહીએ તો માણસ એના ઘરમાં એનાં સ્વજનો વચ્ચે જે રીતે જીવે અને વર્તે તે એનો કુળાચાર, સમાજમાં લોકો વચ્ચે જે રીતે જીવે અને વર્તે તે એનો લોકાચાર, જ્યાં પોતાની શ્રદ્ધા અને આસ્થાથી જીવે અને વર્તે તે એનો ધર્માચાર અને રાષ્ટ્રના દેશ બાંધવો સાથે જે રીતે જીવે અને વર્તે તે એનો રાજ્યાચાર.

કોઇપણ વ્યક્તિને તેના જીવનમાં ખીલવા અને વિકસવાની તકો કુટુંબ,સમાજ, ધર્મસંસ્થા અને રાષ્ટ્ર પૂરી પાડતી હોય છે. એવી તકો એ પ્રાપ્ત કરીને એનો ભોગવટો કરી શકે એ માટે એને એના જરૂરી હક્કો આ ચારેય સંસ્થાઓ આપતી હોય છે. આપણે જાણીએ છીએ કે હક્કો સાથે ફરજો સંકળાયેલી છે. કોઈ વ્યક્તિ પોતાના હક્કોનો જ કેવળ ભોગવટો કરી સ્વાર્થી બની રહે તે ચાલે નહીં વ્યક્તિની કેટલીક ફરજો પોતાના કુટુંબ પરત્વે તેમજ સમાજ, ધર્મ અને રાષ્ટ્ર જેવી સંસ્થાઓ પરત્વે પણ હોય છે. આ ફરજોના પાલનમાં વ્યક્તિ એ બધી સંસ્થાઓનાં નીતિનિયમો અને ધારાધોરણો પરત્વે કેવી નિષ્ઠા અને નિસ્બત દાખવે છે તેને આધારે તેના આચારોની ઓળખ થાય છે.

વડીલો અને શિક્ષકો તરફ પૂજ્યભાવ, સગાસંબંધીઓ તરફ સ્નેહાદર, મહિલાઓ તરફ દાક્ષિણ્ય અને સન્માનભાવ, બાળકો તરફ મમતા અને વત્સલતાનો ભાવ, અતિથિઓ તરફ આદરસત્કાર, અજાણ્યા લોકો તરફ ઔચિત્યવિવેક-એ આમ તો કોઇ પણ પ્રજામાં સંસ્કારની દૃષ્ટિએ મહત્ત્વના ગણવામાં આવેલા સદ્‌ગુણો છે, પરંતુ આપણા દેશમાં એ વિશિષ્ટ પ્રજાલક્ષણો રૂપે ઊપસી આવ્યા છે. मातृदेवो भव। पितृदेवो भव। आचार्य देवो भव। એ આ પ્રજાએ સહસ્ર વર્ષોથી સ્વીકારેલો આચાર ધર્મ છે. આપણા વિકાસમાં અનેકોનો ફાળો હોય છે. આપણા ઉપર એ સૌનું ઋણ હોય છે. એ ઋણમાંથી મુક્ત થવા આ દેશની પ્રજા પાંચ મહાયજ્ઞના પાલનમાં માનનારી છે. એ પાંચ યજ્ઞો છેઃ (૧) દેવયજ્ઞ (૨) ઋષિયજ્ઞ (૩) પિતૃયજ્ઞ (૪) અતિથિયજ્ઞ અને (૫) ભૂતયજ્ઞ. આપણી ઉપર ઈષ્ટદેવ, ગુરુ, પિતૃ, અતિથિ અને અન્ય જીવસષ્ટિનો ઉપકાર હોય છે. તેમના એ ઋણમાંથી ઉઋણ થવા જનમ ધરીને માણસે પોતના જીવનમાં આ પાંચ કર્મયજ્ઞો તો કરવા જોઈએ એવી માન્યતાવાળી ભારતીય પ્રજાએ યુગોથી આ આચાર પાળ્યો છે.

આ દેશની પ્રજાની માન્યતા છે કે માતા તરફથી જન્મ મળે છે, પિતા તરફથી કુળ મળે છે અને ગુરુ પાસેથી ગોત્ર મળે છે. એટલે આ દેશમાં કુળ અને ગોત્રનું ઘણું મહત્ત્વ છે, વ્યક્તિ ક્ષત્રિયકુળની છે, બ્રાહ્મણકુળની છે, વૈશ્યકુળની છે કે શુદ્રકુળની છે? એના કુળના રીતરિવાજ મુજબ એ વર્તન-

આચરણ કરે છે કે નહિ? કુળ અને ગોત્રની વર્ષો જૂની સંસ્કાર અને કર્તવ્ય પરંપરા એ નિભાવે છે કે નહિ? એ કુળ અને ગોત્રનું નામ રોશન કરી કુળગોત્રદીપક બને એ માટે એનાં વડીલો અને ગુરુઓ એને મમતાથી લાડકોડ સાથે ઉછેરશે, પણ સાથોસાથ એ કુળગોત્રની શિસ્તમાં રહે એ માટે એની સાથે કડક વલણ પણ અપનાવે છે. પિતૃઓમાં આસ્થા રાખવી, કુળના દેવ-દેવીઓમા શ્રદ્ધા રાખવી, માતા-પિતા અને વડીલોની માનમર્યાદા સાચવવી, નાતજાતના વટવહેવાર સાચવવા, અતિથિ-અભ્યાગતો તથા સાધુસંતોનું સ્વાગત તથા પોષણ કરવું, પોતાની અને ગામની બહેન-દીકરીઓની લાજઆબરૂ સાચવવી અને એને વારપરબે તથા ટાણપ્રસંગે યથાશક્તિ સહાય કરવી, ગર્ભાધાન, પુંસવન, નામકરણ, વિવાહ, સીમંત વગેરે જેવા સોળ સંસ્કારોનું પાલન કરવું વગેરે કુળાચારો છે.

નાતજાતનાં ધારાધોરણ સ્વીકારીને જીવવું એ લોકાચાર છે. સગાં અને સ્વજનોની સાખે વેવિશાળ કરવું, લોકસમાજ અને અગ્નિદેવતાની સાક્ષીએ લગ્ન કરવું, નવું મકાન બનાવી કે ખરીદીને એમાં રહેવા જતાં પહેલાં એમાં વાસ્તુપૂજન કરવું, સારે પ્રસંગે સત્યનારાયણની કથાપૂજા કરાવવી કે ગ્રહશાંતિનો વિધિ કરાવવો, માઠે પ્રસંગે ઊઠમણાં, બેસણાં, પઘડી, જિયારતમાં કે સાદડીમાં હાજરી આપવી, સ્નાનસૂતકની વિધિ કરવી, અવસાન પ્રસંગે ગુરુડપુરાણ વંચાવવું, શ્રીમદ્ ભગવત્ ગીતાનો પાઠ કરાવવો, અવમૃત જીવોની સદ્ગતિ અર્થે શ્રીમદ્ ભાગવતની સપ્તાહ પરાયણ બેસાડવી, પોતાને ઘેર વિદ્યાગુરુ, અધ્યાત્મગુરુ સાધુસંતો કે મહાત્માઓની પધરામણી કરવી- વગેરે લોકાચારો છે. આ જાતના આચાર પાલનમાં લોક અને સમાજની સાથે રહેવાનો, એમને રાજી રાખવાનો કે એમને આનંદમાં સહભાગી બનાવવાનો ઇરાદો હોય છે. ભારતીય સંસ્કૃતિએ કોઇને એકલહૂરા અને સ્વાર્થી થવાનો નહીં પણ 'सहना ववतु, सहनोभुनक्तु, सह वीर्यम् करवा वहै ।' નો જીવનમંત્ર સૌને આપેલો છે.

પરંતુ કેટલીક વખત આ લોકસમાજની જૂનવાણી માન્યતાઓનું પાલન કરવા સ્ત્રીને પુરુષથી ઊતરતી અબળા ગણી એને સામાન અધિકારોથી વંચિત રાખવી, વિધવાને પુનર્વિવાહ માટે છૂટ ન આપી, પરાણે વૈધવ્યનું પાલન કરાવવું, જુવાન માણસના મૃત્યુ બાદ એના વાસનામોક્ષ માટે લીલ પરણાવવાનો વિધિ કરવો, કોઇ સ્વજનના મૃત્યુ પાછળ આર્થિક ત્રેવડ હોય કે ન હોય, છતાં પ્રેતભોજનનો ખર્ચ કરવો, પોતાની ગજા સંપત ઉપરવટ જઇને દીકરીને પરણાવતાં એને દાયજો આપવાની ચેષ્ટા કરવી, પુત્ર-પુત્રીના લગ્નપ્રસંગે કોઇની દેખાદેખીમાં કે શ્રીમંતાઇના કેફમાં નિમંત્રિતોને મોંઘીદાટ ભેટસોગાદો આપવી, પુત્રપુત્રીના સાટાપેટા કે વિક્રય કરવા, પુત્રની પદવી, પદ અને પગાર તથા કુટુંબની પ્રતિષ્ઠા વગેરેનું અભિમાન દાખવી, કન્યાના પિતા પાસેથી દહેજરૂપે વાંકડાની મોટી રકમો પડાવવી, જીવન બંધનની ઉમદા ભાવનાથી પોતાને માટે યુવતી પસંદ કરવાને બદલે કન્યા પસંદગી જ્યોતિષને આધારે કરવી અથવા Look (દેખાવ), book (ભણતર) અને પાસબૂકની સદ્ધરતા અને Cook (રસોઇ) ની આવડત જેવાં છીછરાં અને ધૃષ્ટ ધોરણો (Criteria)વડે પસંદગી કરવી-વગેરે અનિચ્છનીય લોકાચારો પણ છે.

ઘરમાં ઇષ્ટદેવ કે ભગવાનની સેવાપૂજા અર્થે પૂજાખંડ, મંદિર કે ગોખલો બનાવી, ત્યાં એમની મૂર્તિ કે છબી પધરાવી, એમની સેવાપૂજા કરવી, એમની સમક્ષ ધૂપદીપ કરવા, આરતી ઉતારવી, ધૂન ભજન કીર્તન કરવાં, વ્રત,જપ, તપ, ઉપવાસ, એકટાણાં કરવાં, મંદિર, મસ્જિદ, દેવળ સિનેગોગ અને અગિયારીઓમાં જઇને દેવદર્શન કરવા, બંદગી કરવી, કન્ફેશન્સ કરવાં, નમાજ પઢવી, સેવાધરમનાં અમરધામોની યાત્રાઓ કરવી, તીર્થાટન કરવાં, ધ્યાન ધારણા સમાધિની પ્રક્રિયાઓમાં સામેલ થવું, ઘેર ધર્મગુરુઓ, સાધુસંતો, મહાત્મા મહંતોની પધરામણી કરવી, જાત જાતના ધાર્મિક પર્વો-ઉત્સવો ઉજવવા, જનોઇ કે કસ્તી ધારણ કરવી, બ્રહ્મસંબંધ, દીક્ષા, સુન્નત કે બેપ્ટિઝમ જેવી વિધિઓ કરાવવી, ધરસભા સમિતિ કે પારમિતા, કારસેવા, પ્રતિક્રમણ જેવી પ્રક્રિયાઓ કરવી-વગેરે ધાર્મિક આચારો છે.

રાષ્ટ્રપતિ, વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન, રાજ્યપાલ, મુખ્યપ્રધાન, અન્ય ખાતાના પ્રધાનોના પદ, સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના ન્યાયાધીશના પદ, વિદેશના એમ્બેસેડર કે હાઇકમિશ્નર જેવાં પદ, રાષ્ટ્રીય સેવાનાં પદો સંભાળતી વખતે શપથ લેવા, અન્ય દેશોમાંથી એલચી કે એમ્બેસેડરરૂપે આવતાં પોતાનો હોદ્દો સંભાળતા પૂર્વે સરકાર સમક્ષ પોતાના પરિચયપત્રો (Credentials)રજૂ કરવા, દેશમાં કે વિદેશથી પધારતા રાજકીય વડાઓનું વિમાનમથકે કે રાષ્ટ્રપતિ ભવનમાં સ્વાગત કરવું, એમને લશ્કરી સલામતી આપવી, રાષ્ટ્રીય પર્વો વખતે ધ્વજવંદન કરાવવું, રાષ્ટ્રગીતનું ગાન કે એની ધૂન રજૂ કરવી, વિદેશી

સરકારો સાથે વેપારઉદ્યોગ કે સલામતી સુરક્ષા અર્થે લિખિત કરારો કરવા, રાષ્ટ્ર ઉપર આવી પડેલી કોઇ આસમાની સુલતાની કે મનુષ્યસર્જિત આપત્તિઓ વખતે નાગરિકોના અધિકારો અને સુવિધાઓ સ્થગિત કરવાં, રાજ્ય કે રાષ્ટ્રનાં બજેટ સત્રોને સંબોધવા, ધારાસભ્યો અને સંસદસભ્યોને વિશેષાધિકાર આપવા, રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના પ્રધાનો, રાજ્યપાલો અને સર્વોચ્ચ તથા વડી અદાલતોના ન્યાયાધીશોને પરિભ્રમણ વખતે રાજ્યઅતિથિ ગણી જરૂરી સેવા સુવિધાઓ આપવી, રાષ્ટ્રબંધારણ, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રીય ચિહ્નોની અદબ જાળવવી, રાષ્ટ્રીય ઈમારતો અને સ્મારકોનું જતન અને સંરક્ષણ કરવું, રાષ્ટ્રીય ચલણ (National Currency)ની વિશ્વસનીયતા અને અધિકૃતતા માટે બાહેધરી આપવી, ગૃહ સંરક્ષણ અને શસ્ત્રોત્પાદન ખાતાંઓની માહિતીની ગુપ્તતા જાળવવી, જાહેર વહીવટી અને સુરક્ષા-સંરક્ષક દળોની સેવાઓમાં નિમણૂક, બઢતી અને નિવૃત્તિ અંગેના ધારાધોરણોનું પાલન કરવું, આવી બધી સેવાઓ નિષ્ઠા, પ્રામાણિકતા, નિયમિતતા અને કુશળતાથી ચાલતી રહે એ માટે બદલી (Transfer) મોકૂફી (Suspension) અને બરતરફી (Dismissal)ના નિયમોનું અનુપાલન કરવું,સરકારી અને વહીવટી ખર્ચના હિસાબોનું ઓડિટ કરાવવું, નગરસેવકો રાષ્ટ્રસેવકો મંત્રીઓ અને અધિકારીઓને પ્રજાકીય નાણાનાં વહીવટમાં ઉત્તરદાયી (Answerable) અને હિસાબેદયી (Accountable) ગણવા અને ઠેરવવા, નામદાર કોર્ટ દ્વારા ફાંસીની સજા (Death Sentence)પામેલા અપરાધીની દયા અરજીનો રાષ્ટ્રપતિ દ્વારા નિકાલ કરવો, પ્રજાજન મત આપવાના પોતાના પવિત્ર હક્કનો નિર્ભયપણે ઉપયોગ કરી શકે એ રીતે વિવિધ સ્તર અને પદની ચૂંટણીઓ યોજવી, સંસદમાં ચર્ચાતા અને ઘડાતા કાયદાઓના સંદર્ભમાં તારાંકિત અને બિનતારાંકિત પ્રશ્નોના નિયમાનુસાર ઉત્તરો આપવા, સરકાર દ્વારા સદનમાં પસાર થયેલા વિધેયકના ખરડાને કાનૂની દરજ્જો આપવા માટે રાજ્યના વડા રાજ્યપાલ પાસે અને કેન્દ્રમાં રાષ્ટ્રપતિની સહી માટે મૂકવા, એમના પર પુનર્વિચાર માટે એમના દ્વારા વાપસ મોકલવાની (Referback) કે મંજૂરીની પ્રક્રિયા કરવી, વગેરે રાજકીય આચારો છે.

આપણા દેશમાં કુળાચાર, લોકાચાર, ધર્માચાર અને રાજ્યાચાર કયા કયા છે, એનો ખ્યાલ આટલા વિવરણ પછી સ્પષ્ટ થયો હશે.

(કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર ફોન-૦૨૬૯૨-૨૩૩૭૫૦, મો. ૯૭૨૭૩૩૩૦૦૦)

॥ લઘુકથા ॥

## સાહસ

**આરતીબા ગોહિલ "શ્રી"**

'લ્યો, કામીનીબેન તમારી દીકરી અમને પસંદ પડી. સપનામાં જોઈ તેવી રાજકુમારી છે, રાજકુમારી. અમારા ઘરમાં રાની બનીને આવે, તેની જ રાહ જોઈએ છીએ'

દીકરીને જોવા આવેલું ગર્ભશ્રીમંત કુટુંબ ખુશખુશાલ જણાતું હતું. છોકરાની મા પોતાની શ્રીમંતાઈનું વર્ણન કરતા ક્યાં પાછી પડે તેમ હતી ? પોરસાઈ ને ફાળકો થઇ બોલી પડી, 'મહેલ જેવડું તો અમારું ઘર છે. શહેરમાં ફેક્ટરી ને ગામડે વાડી-ખેતર, બધું છે. આંગણામાં ચાર ગાડી ઊભી હોય. ઘરના બધા માટે અલગ.'-

છોકરાની બહેન બોલી,' 'મારા ભાઈનું ઘર તો સ્વર્ગછે, સ્વર્ગ. તમારી દીકરી જ્યાં પગ મૂકે ત્યાં ધનના ઢગલા'.

માં-દીકરીના કપડા સમું જોઈ છોકરાની ભાભીએ નાકનું ટીચકું ચડાવ્યું. ગર્વ સાથે કહે, 'તમારી દીકરી દિવસમાં સો વખત કપડા બદલેને તોયે કબાટ ભરેલો પડી રહે અને એટલી જ ભરીને મેચિંગ જ્વેલરી છે. અમારા ઘરની વહુવારુને પગથી માથા સુધી અમે મઢી દઈએ. દાગીનાથી શોભતી સ્ત્રી અમારા ઘરનું ઘરેણું ગણાય.'

એ લોકોની વાતનો સાર એટલો હતો કે, તમારી દીકરીને કોઈ કામ નહિ કરવું પડે. પાણી માંગતા દૂધ હાજર અને રૂપિયા, ઘરેણાની તો ક્યાં કોઈ કમી હતી ?

કામિનીબહેન પોતાની દીકરી સામું જોઈ રહ્યા. માં દીકરીની નજર એક થઇ. કેટલાક સમજણપૂર્વકના સંવાદો આંખોથી થઇ ગયા.

મહેમાન ગયા પછી દીકરીએ મનની વાત કરી.'મમ્મી, તું કહેતી હતીને કે, સ્ત્રી એટલે ઉર્જા સભર જીવન. નહિ કે હાલતું ચાલતું શણગારેલું પૂતળું... !'-

સાંજે યુવકના પિતાનો ફોન આવ્યો.'કામિનીબહેન, શું વિચાર કર્યો... ? તમે કહો ત્યારે જાન લઈને આવીએ.'-

કામીનીબહેને જવાબ આપ્યો. 'મારી દીકરી કશું ન કરવા માટે નહિ, પણ ઘણું વિશેષ કરવા જન્મી છે. તેના મત મુજબ જીવન એટલે સાહસ .. અને સાહસ એટલે સ્ત્રી.

('સુધાતા', ૯૫/A, રૂપાલી સોસાયટી, તળાજા રોડ, ભાવનગર – ૩૬૪૦૦૨.મોબાઈલ: ૯૪૨૭૭ ૫૪૨૦૭)

॥ અભ્યાસ ॥

## કઠોપનિષદ

**ઘનશ્યામસિંહ ગઢવી**

આ ઉપનિષદનું અન્ય શીર્ષક નચિકેતોપાખ્યાન હોવા છતાં તે કઠોપનિષદથી વધુ પ્રચલિત છે.નચિકેતા કેન્દ્રિત આ વેદાંતભાગમાં કઠ ઋષિનું દર્શન અને કઠ્ ધાતુથી સર્જિત પદ ઉત્કંઠિત અર્થમાં પ્રયુક્ત, જે આતુર છે વિદ્યાપ્રાપ્ત્યર્થે એવો યમ શિષ્ય,કઠણ યાત્રા કરીને, જેને મેળવે છે તે.આ વિદ્યાનું પ્રતિનિધિત્વ કરનાર સાધકની સાધનાની કઠિનાઈને વર્ણવતું ઉપનિષદ એટલે, કૃષ્ણ યજુર્વેદની કાઠક શાખાથી સંયુક્ત તે. જે ત્રણ અધ્યાય અને છ વલ્લીઓ તથા એકસો અઢાર મંત્રોથી સંપૃક્ત છે.

વાજશ્રવસના પુત્ર ઉદ્દાલક ઋષિએ ફળેચ્છાથી વિશ્વજીત યજ્ઞ કર્યો. દક્ષિણાસભર યજ્ઞાંતે ઉત્તમ ગાયો દાનમાં ન આપીને જરાજીર્ણ, જગ્ધદોહા ગાયો દાનમાં અપાતી જોઇને તથા નિખાલસ બાળક નચિકેતા સમજે છે કે અશ્રદ્ધાથી આપેલ દાન અકલ્યાણકારી બને છે अश्रद्धया हुतं च दत्तम् તેમ છતાં સર્વસ્વ દાન જેમાં થતું હોય, એક તો દાનમાં ઊણપ અને બધામાં હું પણ આવી જઉ તેથી મને કોના માટે? અને પ્રશ્નકર્તા "આપ સર્વસ્વનું દાન કરો છો તો મને કોને આપશો?" એવું નચિકેતા પૂછે છે.પિતા નચિકેતાના કહેવાનો મર્મ પામી જઈને જવાબ ન આપતા,મૌન ધારણ કરી લે છે.પરંતુ ટસનો મસ ન થનાર આ બાળક ત્રીજી વાર પૂછી જ લે છે નિર્ભયતાથી કે મને કોને દાનમાં આપો છો?જ્યારે પિતાએ કોઈ જ પ્રત્યુત્તર ન જ આપ્યો ત્યારે અનેકવાર આ પ્રશ્નને દોહરાવતા બાળક નચિકેતાને ક્રોધિત પિતા 'मृत्यवे त्वा ददामि' એવું કહે છે. પિતાના મનમાં એમ કે મારો આ ટૂંકો જવાબ અને કોમળ બાળકની બુદ્ધિ કેવડી?આ ઉપરથી 'કણો પણ સર્પનો' માની બાળકને પણ અલ્પ ન ગણવો તે પાઠ સરળતાથી સમજાવી દે છે ઉપનિષત્કાર બાળક શું કરી શકવાનો? કંઈ ન કરે પણ ઊલટું કઠોર વાણી સાંભળી પિતાની અને પિતાની આજ્ઞા માની નચિકેતા બાલ્યાવસ્થા હોવા છતાં 'તેજસ્વીને વય નથી નડતી' તેમ યથાસમય યમ પ્રતિ જાય છે. અન્નજળ વિના આ શિશુ "મંગલ મંદિર ખોલો દયામય મંગલ મંદિર ખોલો, દ્વાર ઊભો શિશુ ભોળો, દયામય મંગલ મંદિર ખોલો." અનુપલબ્ધ યમગૃહે પલાંઠી વાળી બેસી જાય છે. બાળબ્રહ્મચારી નચિકેતા જેમ ધ્રુવને હરિ અને પ્રહ્લાદને નૃસિંહ જો હઠભક્તિથી મળવા સુલભ થઈ પડતા હોય તો આને કેમ ન મળે? હઠ શું કરી શકે?આધુનિક કાળની સમસ્યાઓમાં બાળકોનો નૈકકારણોસર ગૃહત્યાગ જોવાય છે.

તેવામાં તત્કાલીન પિતાજ્ઞાવશ નચિકેતા ગૃહત્યાગ કરે છે અથવા પિતાએ આપેલ લક્ષ્ય કે વિદ્યાપ્રાપ્યર્થે સ્થળાંતર ન માત્ર ઘર,ગામ કે રાજ્ય પરંતુ વિદેશગમન પણ સામાન્ય થઈ પડ્યું છે, તેવા સમયમાં તે કાળે પૃથ્વીથી યમગૃહગમન સદેહે ન માત્ર જવું, યમગૃહે ત્રણ દિવસ યમની અનુપસ્થિતિમાં ઘર બહાર બેસી રહે છે, તથા તેઓની અનુપસ્થિતિમાં પ્રતીક્ષા કરી, કષ્ટો સહી, લક્ષ્યપ્રાપ્તિ કરીને પછી જ આવે છે.

ધર્મરાજને આ ખબર પડતાં જ ગૃહસ્થાશ્રમીના ન્યાયે અને અતિથિધર્મને આંચ ન આવે તે રીતે-

सविप्रपादोदककर्दमानि सवेदशास्त्रध्वनिगर्जितानि।
स्वाहास्वधाकारनिरन्तराणि स्वानन्दतुल्यानि गृहाणि तानि॥

(સભા. ૫-૨૨૧)

અતિથિ બ્રાહ્મણના પગ ધોતાં જેના આંગણાં કાદવવાળાં હોય, વેદો અને શાસ્ત્રોના ધ્વનિઓ સંભળાતાં હોય તથા નિરંતર સ્વાહાદિ ઘોષ થતાં હોય તે આંગણું આત્માનંદીવત્ હોય છે. કવિ કાગ કહે છે કે આ કર્તવ્યને ગૃહસ્થીના કલ્યાણને માટે કે તારો દિવસ જોઇ તારા આંગણે કોઈ આવે તો -

હે જી તારા આંગણિયાં પૂછીને જો કોઈ આવે તો એને આવકારો મીઠો આપજે હો હો જી. (કાગવાણી)

નચિકેતા એક તો નાનેરૂ બાળ, તેમાંયે બ્રાહ્મણકુમાર અને તદુપરાંત ભૂખ્યો-તરસ્યો, તેથી ધર્માધિકારી યમ તેને કહે છે " હે બ્રાહ્મણદેવતા, આપ નમન યોગ્ય અતિથિ છો. આપ મારા થઈ ગયેલા અપરાધને ભૂલીને તેમાંથી બચવા માટે પણ ત્રણ વરદાન માંગી લો. બ્રાહ્મણ માટે તો મનુસ્મૃતિકાર કહે છે -

अविद्वांश्च विद्वांश्च ब्राह्मणो दैवतं महत् ।
प्रणीतश्चऽप्रणीतश्च यथाऽग्निर्दैवतं महत् ॥

(મનુ.૮.૩૧૬)

બાળકના આતિથ્યસત્કાર બાદ બાળક માંગે છે કે પ્રથમ વર એ હોય કે હું બાળક મારા પિતાના ક્રોધાવેશે અહી આવતા, પાછું વળી ન જોતાં એવા મારા ઉપર કુપિત થયેલાં હોય પિતા,પિતૃપરિતોષાર્થે તે મારા પિતા શાંત, સુમન અને વીતમન્યુ થાઓ.' અહી પિતૃઋણમાંથી પ્રથમ મુક્તિ માંગી. મનુસ્મૃતિકાર જન્મ થતાં મનુષ્ય માટે અનિવાર્ય એવા કર્તવ્યરૂપે-

एकमप्याशयेद्विप्रं पित्रर्थं पाञ्चयाज्ञिके ।

(મનુ.૩.૮૩)

અને નરસિંહ કહે છે- 'ધન ધન તેના માતપિતા

ને, સફળ કરી એણે કાયા રે, કુળ એકોતેર તાર્યા રે." કે-

ऋषयः पितरो देवाः भूतान्यतिथियस्तथा।

(મનુ.૩.૮૦)

જેમ વાયુથી જીવન આશ્રિત તેમ બધા આશ્રમો ગૃહસ્થાશ્રમાશ્રિત છે. તે યમથી કેમ ભૂલાય? પ્રથમાધ્યાયમાં પ્રથમાત્મવિદ્યાનો ઉપદેશ આપતાં પહેલા યમ નચિકેતાને જે સમજાવે છે ભલે અધ્યાત્મપથ પર ચાલવા નીકળો પણ જેના વિના નથી ચાલતું, ચાલતા પણ જેનાથી મુકત નથી થવાતું એટલે પ્રથમ પિતૃઋણાર્થે પિતાનો સંતોષ માંગ્યો. યમે પ્રસન્ન થઈને આ વરદાન આપ્યું.

**શ્રેય-પ્રેય**

હવે જ્યારે તેને બીજું વરદાન માંગવા કહે છે ત્યારે નચિકેતા કહે છે કે-આપ મને કહો કે સ્વર્ગસાધના અગ્નિવિદ્યા શું છે?જે બીજા રૂપે યજ્ઞવિદ્યા છે. 'યજ્ઞ' ભારતીય સંસ્કૃતિની ધરોહર, ગંગોત્રી કે ભવ્યાતિભવ્ય પરંપરા છે.યથાતથ અને સાંગોપાંગ આ વિદ્યાનો અધિકારી બને છે, અને તેટલું જ નહીં તેના નામે આ વિદ્યા કરીને યજ્ઞવિજ્ઞાનને તેના નામે કરાવ્યું.

નચિકેતા મૃત્યુ બાદની અવસ્થાને શંકાના સમાધાનરૂપે યમરાજ તેને તૃતીય વરદાન અર્થે જે કહે છે તેના વિષયમાં નચિકેતા માને છે કે 'હું એ જાણું કે તમારા ઉપદેશ બાદ એ માનું કે મૃત્યુ બાદ આત્માનું અસ્તિત્વ રહેતું નથી.' (કઠ-૧-૧-૨૦) જેમ ગીતાનો પ્રારંભ વિષાદથી, પૂર્વમીમાંસાનો આરંભ ધર્મજિજ્ઞાસાથી તેમ આનો ઉપક્રમ મૃત્યુજીજ્ઞાસાથી થાય છે. જે લોક, પરલોક અને આત્મકલ્યાણ તેમ ત્રણ તબક્કે ઉત્તમ થઈ બહાર આવે છે. ત્રણ વરદાન બાદ.

ત્રીજા વરદાનને એમ જ ન આપી દેતા યમ પૂર્વ તેને ઘણા બીજા પ્રલોભનો આપે છે જેમાં ચિરાયુષ્ય, રથ, સુંદર સ્ત્રી, પશુ, પુત્ર, પૌત્ર, સોનું અને વિશાળ ભૂમિ વગેરેને આગ્રહપૂર્વક આપવા માંગે છે, પણ કહે છે કે 'મૃત્યુ પછીની ગતિ વિષયમાં દેવતાઓ પણ તેને નથી જાણી શક્યા' તો તેથી નચિકેતાને આ માંગણી છોડવા જણાવે છે. પરંતુ નચિકેતા તે બધું છોડીને કહી દે છે- तवैव वाहास्तव नृत्यगीते (કઠ. ૧-૧-૨૬), તમારુ આ બધુ તમે તમારી પાસે રાખો. તેથી પણ આગળ કહે છે नान्यं तस्मान्नचिकेता वृणीते (કઠ-૧-૧-૨૯) મારે આના અતિરિક્ત બીજું ન ખપે. ત્યાં અભયસત્વસંશુદ્ધિ વ.સાત્ત્વિક ગુણોથી મંડિત નચિકેતા અને આવો અમલ શિષ્ય પ્રાપ્ત થતાં કોણ ગુરૂ આનંદિત ન થાય? અને તેને-

नैषा तर्केण मतिरापनेया प्रोक्तान्येनैव सुज्ञानाय प्रेष्ठ।

અથવા 'निर्मल मन जन सो मोही पावे' તુલસી આ વાતને દોહરાવે છે. યમદેવતા કહે છે તે રીતે 'જેની નિર્મલ મતિ તેના વડે પ્રાપ્ય છે.' તેથી અતાર્કિક, બ્રહ્મનિષ્ઠના સંગે જેની પ્રાપ્તિ થાય તેવા સંગની મહિમા ભક્ત પાનબાઈના શબ્દોમાં 'સંગ તુ કરો તો પાનબાઈ એવાનો જ કરીએ, જે ભજનમાં રેવે ભરપૂર' ને આત્મજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રેય-પ્રેયની વાત કરી, આત્યંતિક કલ્યાણના માર્ગને પરમ સત્યની ખોજ અને મંથન આરંભાય છે. કહ્યું છે ને કે 'નિદ્રાભયમૈથુનીકરણ' માં પશુ અને અન્યોમાં કોઈ તફાવત નથી, પણ મનુષ્યમાં એનાથી શું વધુ છે? જેને ભૂતિ ઇચ્છેલી હોય તેને નિદ્રા-તન્દ્રા-ભય-ક્રોધ-આલસ્ય અને દીર્ઘસૂત્રતા છોડવા પડે. નચિકેતા ક્રમશઃ આ તામસિક ગુણોથી પર બની ઇચ્છિત વસ્તુ મેળવવા સફળ બને છે. એક મનુષ્યયોનિમાં વિવેકબુદ્ધિ, વરણશક્તિ, પ્રાકૃતિકતાથી જીવન જીવતા અન્યો કરતાં દેવત્વનો વિકલ્પ ખુલ્લો છે. જે ધર્માતીત કાર્યકારણથી અછૂત અને ત્રિકાલાબાધિતને આપ કહો. (કઠ. ૧-૨-૧૮)

ઉભયાનંદના ક્ષેત્રો હોવા છતાં શ્રેય શાશ્વતાનંદ અને ઇહલૌકિક કર્મફળમુક્તિનું સાધન છે તથા પ્રેય કર્મફળ સાથે બંધગ્રસ્ત અને અંતિમ લક્ષ્ય સુધી પહોંચાડવામાં અસમર્થ બને છે. તું મારા માટે આપેલી અવસરાન્વિતીને છોડી શ્રેયને અંગીકાર કરનારો મને પ્રિય બન્યો પ્રેયને છોડી.માટે હે નચિકેતા ધીરતા શ્રેયને પ્રાપ્ત કરવાની નિશાની છે. વિદ્યાવિદ્યા અથવા-

अजरामरवत्प्राज्ञो विद्यामर्थं च चिन्तयेत्।
गृहीत इव केशेषु मृत्युना धमरमाचरेत्॥

(હિતો. મિત્રલાભ. ૩).

આત્મવિદ્યા અને અનાત્મવિદ્યા મૃત્યુ પહેલા માનવને લેવા જેવું જ્ઞાન 'विद्यां चाविद्यां च यस्तद् वेदोभयं सह' અથવા 'अन्धैनेवनीयमाना यथान्धाः' આવું ઈશાવાસ્ય કહે છે. જોકે 'सा विद्या या विमुक्त्ये' જેને ગીતા આત્મવિદ્યા યા બ્રહ્મવિદ્યા કહે છે. નરસિંહ એટલે જ મુક્તિ કરતા પણ બ્રહ્માનંદને મહત્ત્વ આપે છે અને ગાય છે 'હરિના જન તો મુક્તિ ન માંગે, માંગે જનમોજનમ અવતાર રે' શું કામ? બ્રહ્મ કેલી કરે છે ભક્તિ સાથે. 'બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે.'

બાદમાં સર્વવેદ પ્રતિપાદિત, તપાદિથી લક્ષિત, બ્રહ્મનિષ્ઠ સાધકોનું પરમ લક્ષ્ય ઓંકાર-

एतद्ध्येवाक्षरं ब्रह्म एतद्ध्येवाक्षरं परम्।
एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छति तस्य तत्॥

(કઠ.૧-૨.૧૬)

ગીતા તેને 'ઓમ તત્સત્' કહે છે. આ અવિનાશી ઓમકારનું આલંબન અને તે તત્ત્વ સૂક્ષ્માતિસૂક્મ,મહાનથી પણ મહાન કે જીવમાત્ર ગુહાસ્થિતને વીતશોક જેને ગીતાકાર ત્રિગુણાતીત કે સ્થિતપ્રજ્ઞ કહે છે તે જ પામી શકે છે.

**પુરુષાર્થમહિમા**

સાથે સાથે 'नायमात्मा प्रवचनेन लभ्यो' કે જે ભજે હરિને સદા તે પરમ પદ પાવેગા' એ તત્ત્વ જેનું વરણ કરે તેને તે પ્રાપ્ત થાય છે. (કઠ.૧-૧.૨૩) છતાં તે કૃપા પ્રયત્નવશ છે કેમકે 'દૈવ દૈવ આલસી પુકારા' હાથ જોડી બેસી રહેવાનું નથી. તેવા તો કાપુરુષ કહેવાય છે. હિતોપદેશ વર્ણિત છે-

पूर्वजन्मकृतं कर्म तद् दैवमितिकथ्यते ।
तस्मात् पुरुषकारेण यत्नं कुर्यादतन्द्रितः॥

અર્જુનનો આ પ્રયત્ન 'परिप्रश्नेन' (ગીતા. ૪-૩૪) કામ આવે છે અને ગીતા મળે છે. જનક હળ ખેડે તો સીતા મળે છે અને નચિકેતા હઠ કરે તો એને અને આપણને કઠ મળે છે. તે મુજબ આ વિશ્વમાં બનતી અતિપ્રાકૃતિક ઘટનાઓની પાછળ કોણ છે? તેવા પ્રશ્નથી આપણે બધા આશ્ચર્યાન્વિત હોઈએ છીએ. આમ જિજ્ઞાસાને કારણે જે પ્રાપ્ત થાય તે 'જ્ઞાન' અને તેને અલગ અલગ રીતે પ્રતિપાદિત કરવામાં આવે છે. જેને અનુભૂતિ Intuition કહે છે. શ્રી અરવિંદના મત મુજબ બૌદ્ધિક જ્ઞાનને અનુભૂતિનો આધાર હોય.જ્ઞાનેન્દ્રિયો વડે જે કાંઈ જણાય તે 'જ્ઞાન' કે કર્માદિથી પ્રપંચના રહસ્ય સમજાય તે 'જ્ઞાન.' આને જ ઉપનિષદ પરાપરાવિદ્યા કહે છે. કોઈ વસ્તુ આદિ પ્રત્યે પ્રત્યેકનું મંતવ્ય જુદું જુદું હોય છે. આ જ છે તેવું જ્ઞાન મર્યાદિત બની જાય છે. કા.કે 'दिव्यं ते ददामि चक्षुः' અમાપને આ ભૌતિક ઈન્દ્રિયો માપી ન શકે. તેથી તે જ્ઞાન અર્થે અનુપમ સાધન જ કાર્યશીલ બની શકે. આથી ભૌતિકથી પારમાર્થિક તત્ત્વ સુધી તેની પ્રગતિ હોઈ શકે. જાણ્યા પ્રમાણે આચરવું. જો આમ ન થાય તો સોક્રેટીસ તેને સાચું જ્ઞાન નથી કહેતા.ઉપનિષદીય મંત્રાંશ કહે છે. 'नायमात्मा प्रवचनेन लभ्य न बहुना श्रुतेन' વા 'यस्तु सर्वाणि भूतानि आत्मन्येवानुपश्यति' અથવા 'तत्र को मोहः कः शोकः एकत्वमनुपश्यत ।' (ઈશ.૭) અને 'यतो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सहा' (તૈત્તિરીય-૯) તત્વતઃ મન વ.ની સત્તા ટૂંકી પડે છે. છતાં બુદ્ધિ વ. થી અપ્રાપ્ય તત્ત્વો અનુભૂતિ (જ્ઞાન) ને ઉપલબ્ધ કરવાના સાધનો તો ગણાવાયા અહીં. એકત્ર 'नेति नेति' કે 'पूर्णमिदं' કઠ કહે છે. 'अयमात्मा ब्रह्म' આદિ વાક્યો તો 'આત્મા સો પરમાત્મા' ને નિવેદિત કરે છે. કવિવર ટાગોરના અભિપ્રાયે 'નિમ્નથી ઉર્ધ્વ સ્વભાવને પામવાની વૃત્તિ જ ધર્મ' છે. માનવી માટે આ પરમ પુરુષાર્થ જીવનની લગામ બુદ્ધિરૂપી સારથિને સોંપી अब सौंप दिया इस जीवन को तुम्हारे हाथों में, 'उत्तिष्ठत' સ્વામી વિવેકાનંદના ઉપદેશના પ્રતીકરૂપ આ મંત્રાંશ યુવાનો માટે હાકલ બન્યો હતો. 'ઊઠો, જાગો, શ્રેષ્ઠ પાસે બેસો અને પરમતત્વને જાણો.' ત્યાં પુરુષાર્થ અને તેના વડે વરણ થવાની ચાવી છે. ભલે તે અસ્ત્રાની તીક્ષ્ણ ધાર જેવો માર્ગ હોય. કહેવાયું અનુભવવાણી વડે કે 'ભક્તિ તો ખાંડા કેરી ધાર.' આ તત્ત્વ માત્ર માનવ માટે પ્રાપ્ત કરવું શક્ય છે. કારણ તેને યથાર્થતા, દાયિત્વ અને સભાનતા હોય તો આ તત્ત્વ કરામલકવત્ બને છે.

**જીવનવિજ્ઞાન-કલા**

જીવ આત્મસ્વામી, શરીર રથ, ઈન્દ્રિય ઘોડા વિષય તેનો માર્ગ, મન લગામ અને ભોગાપેક્ષા યોગ તેનું લક્ષ્ય છે. આ વિજ્ઞાન જાણી લીધા બાદ વિવેકી બુદ્ધિના જોરે પરમપદ મેળવે છે-

आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु ।
बुद्धिं तु सारथीं विद्धि मनः प्रग्रहमेव च ॥
(કઠ. ૧-૧-૩)

शरीरमाद्यं खलु धर्मसाधनम् અમૂર્ત યાત્રા માટે આ સાધન અનિવાર્ય છે. જેમ શરીરાદિ હોય પણ જીવાત્મા ન હોય તો? તેનો ભોક્તા રસ્તો, રથ, ઘોડા, લગામ બધું જ જેમ સારથી વિના નકામા, તેમ પ્રકૃતિના તત્ત્વોનો અંબાર હાજર પણ તે જડ તત્ત્વો કાંઈ ન કરી શકે એકલા. તેથી તેઓને જોડનાર ચેતનનો સંસ્પર્શ અને જેના વશમાં આ સંસાર તે શુદ્ધ છે. તે પરમપદનો લાયક આત્મા 'विज्ञानं सारथियस्तु' (કઠ ૧-૩-૯) જેમ નદી સમુદ્રને આખરે મળે જ તેમ માનવજીવનનું લક્ષ્ય તો પરમતત્ત્વસમ્મિલનમાં જ છે. જેને યોગીઓ 'કૈવલ્ય' કહે છે. જ્ઞાનીઓ 'બ્રાહ્મીસ્થિતિ' કે 'સાધનચતુષ્ટય' કહે છે. ભક્તો 'વૈકુંઠ' કે 'સાકેતધામ' કહે. બૌદ્ધ 'સમ્યક્ શીલ' કહે છે.

આ અખંડ યાત્રા માત્ર ન હોતા પ્રાણવાનની યાત્રા છે, એમ કેમ કહ્યું? કારણ વચ્ચે જેમ ભરતના રામને મળવા જવાના રસ્તે કંઈ કેટલાય વિદ્વાનોને તુલસી ગણાવે છે તેમ જીવની શિવયાત્રામાં પ્રકૃતિ પણ તેની પરીક્ષા હેતુ 'સારા કામમાં સો વિઘ્નો' હાજર કરતી હોય છે. તેની અહીં સૂચના આપી છે, તેથી ગભરાઈને તે માર્ગ ન છોડી દેતા અવિરત યાત્રા ચાલુ કેમ રાખવી?

અસ્તિત્વના એકીકરણે આ સિદ્ધ થાય છે. બાહ્યાંતઃકરણોમાં દ્વૈતાદ્વૈત સધાય, જ્યારે 'હું તે તું અને આપણે કે બધું એક' ત્યારે सर्वं खलु इदम् ब्रह्म સધાતા અધ્યાત્મ યાત્રાનો જીવનરથ અવશ્ય પરમપદ સુધી પહોંચે છે. તે જ

આત્મા કર્તા-ભર્તા-ભોક્તા બધું જ છે-

पराञ्चि खानि व्यतृणत् स्वयम्भूः।
तस्मात् पराङ्पश्यति नान्तरात्मा ॥

આ આત્મદર્શન બહારની ઈન્દ્રિયાદિ જે નાશવંત શાશ્વતને દર્શાવવા અસમર્થ છે. જેને શાસ્ત્રાધ્યયનથી પણ પામી ન શકાય. 'नायमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन ।' આ તો જેનું એ વરણન કરે તેને પ્રાપ્ત છે. (કઠ.૧-૨-૨૩) એવી આ વાતને છાંદોગ્ય એટલે જ आचार्यवान् पुरुषः वेद કહે છે. જેને અહી બુદ્ધિમાન કહ્યો છે. તે એને પ્રાપ્ત કરી શકે છે.

**આત્મસ્વરૂપ**

નચિકેતા પ્રલોભનોથી અસક્ત નિષ્કામ બનતો, જેને ગીતા 'न हन्यमाने शरीरे' કહે છે, તેને જ કઠ -

न जायते म्रियते वा विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।
अजो नित्यः शाश्वतोडयं पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥
(કઠ.૧-૨-૧૮)

હું તે સર્વને ધારણ કરૂં છું.' (ગીતા. ૯-૪) યમરાજ જેને ઓમકાર ગણાવે છે, તેને જ ભગવાન પ્રણવ, પુરુષ કે સર્વાધાર કહે છે.વા દેહી તે देही नित्यमध्योडयं देहे सर्वस्य भारत । (ગીતા ૨-૧૮) છે.કઠ તેને -

अणोरणीयान् महतो महीयानात्मास्य जन्तोर्निहितो गुहायाम् ।
तमक्रतुः पश्यति वीतशोकौ धातुः प्रसादान्महीमानमात्मनः ॥
(કઠ ૧-૨-૨૦)

ગીતા તે વીતશોકને સ્થિતપ્રજ્ઞ કહે છે. વાસુદેવ તેને જ उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः। (ગીતા ૧૫-૧૭) ગણાવે છે. આત્મા સગુણબ્રહ્મ, અનામય, અજ, અંતર્યામી અને હિરણ્યગર્ભરૂપ આ અંબારનો સર્જક છે. અગુણ-સગુણ છે.પરમેશ્વશકિત અદિતિરૂપે સન્નિષ્ઠ છે.તે જ અરણિમાં અગ્નિવત્ જે પરમાત્માનું પ્રતીક છે. (કઠ.૨-૧-૮) સૂર્ય જેમાંથી પ્રકટાપ્રકટ થાય તેજ સ્વયં તે તત્ત્વ છે. ઈશ)

આમ અખિલાઈમાં રહેતો હોવાથી 'सर्वमिदं खलु ब्रह्म' છે. વા अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः (કઠ. ૨-૧-૧૩) વરસાદનું પાણી ગંગામાં પડે તે ગંગાવત્ થાય જેમ, તેમ સમસ્ત જગત તન્મય છે. (કઠ. ૨-૧-૧૪) 'નવદ્વાર કા બના યે પિંજડા' આ શરીરનગરમાં તે અંતરિક્ષે વસુ, અતિથિરૂપે ગૃહસ્થ પાસે, અગ્નિમાં આહુતિ હોમનાર કે પિતૃરૂપ આકાશમાં સ્થિત,પૃથ્વીમાં વૃક્ષ, જળમાં મત્સ્ય, પર્વતમાં નદી રૂપે રહેલ છે. તેજ ચલિત કરનારું છે.ગીતાનો વિભૂતિયોગ કે જેનું સર્વવ્યાપીપણું સિદ્ધ છે.

સદૈવ એ અગ્નિ નિરાકારી પણ સાકારરૂપ પ્રજવલિત, દા.ત. કાષ્ઠીયાગ્નિ દિપજયોતિ વ.માં અગ્નિનું મૂળ નથી વિસરાતું જેમ, તેમ પ્રત્યેક પ્રાણીમાં સ્થિત તે અલિપ્ત રહે છે. તે દૂષિત નથી થતો.સૂર્યના ઉદાહરણથી નિર્લેપ પરમાત્માની વાત યમ નચિકેતાને કહે છે. આવું જ્ઞાન જેને તે (કઠ.૨-૨-૧૧) સ્વયં પ્રકાશિતને સૂર્યાદિથી પ્રકાશિત કરતા નથી.ગીતામાં પ્રથિત આ ભાવ 'न शशाङ्को न पावकः' છે. (કઠ-૨-૧૫).

જીવાત્મા 'छायातपौ જેવી રીતે છાયા અને પ્રકાશ અવિનાભાવી તેમ ઘનિષ્ઠતા ઉભય બીચ છે. તેને જ પક્ષી દ્વય મુંડક કહે છે. (મુંડક. ૩)-જીવાત્માની ગતિ જેમ શુક્લાદિ પક્ષ ગીતા કહેવા અંતે જેવી મતિ તેવી ગતિ મુજબ શુભાશુભ કર્મો પ્રમાણે ગતિ પ્રાપ્ત કરે છે.

**બ્રહ્મવૃક્ષ**

આ બ્રહ્મતત્ત્વનું નિરૂપણ ઉપનિષદકાર અશ્વત્થવૃક્ષના રૂપક વડે સમજાવે છે. આરંભે અશ્વત્થવૃક્ષનું નિરૂપણ છે. श्वः એટલે કે કાલ अ- એટલે કે નથી, જેની સ્ત્થ એટલે કે સ્થિતિ તે અશ્વત્થ. ક્ષણભર પણ જેની અવસ્થિતિ એક જેવી ન રહે તે. શું કમળદળ પર જળ ટકી શકે? તેની ચર્ચા વેદથી પ્રારંભ થાય છે જેમકે ऊर्ध्वमुत्कृष्टं मूलं कारणं स्वप्रकाशपरमानन्दरूपत्वेन च ब्रह्म । ત્રિગુણથી પુષ્ટ અને શબ્દાદિથી અંકુરિત શાખાઓ અધોન્નત છે. (ઋગ્વેદ ૧-૧૬૪-૨૦) તથા-

अश्वत्थो देवसदनस्तृतीयामितो दिवि ।
तत्रामृतस्य चक्षणं ततः कुष्ठो अजायत ॥
(અથર્વ ૧૯-૩૯-૬)

उर्ध्वमूलः अवाक्शाखः एकोडश्वत्थः सनातनः ।
तयोरन्यः पिप्पलं स्वादु अत्यश्नन्न्यः परिचाकषीति।
ऊर्ध्वमूलोडवाक्शाखः एषोडश्वत्थः सनातनः।
(કઠ. ૨-૬-૧)

આ અશ્વત્થને કઠોપનિષદ સનાતન ગણાવે છે. મુંડકોપનિષદ તેને द्वा सुपर्णा કહીને બેસેલા બે પક્ષીઓની વાત કરતા વૃક્ષને સ્મરે છે. શ્વેતાશ્વતર વિશ્વવૃક્ષનું વર્ણન કરે છે.કે નિરુક્ત ૧૪-૩૦માં તેને વર્ણવે છે. બીજી બાજુ માર્કંડેય ભાગવતમાં ભગવાનને વડપર્ણ પર સુતેલા જુએ છે-

वटस्य पत्रस्य पुटे शयानं बालं मुकुन्दं मनसा स्मरामि ।

વા વિષ્ણુસહસ્રનામાવલીમાં ન્યગ્રોધ, ઉદુમ્બર અને અશ્વત્થ ત્રિનામે ભગવાનને ઓળખાવાયા. જ્યાં न्योग्रोधोयुम्बरोडश्वत्थः માં ન્યગ્રોધ એટલે નીચે વધનારું વડ. અશ્વત્થ એટલે પિપ્પલ એવો ઉપનિષદીય અર્થને ટિળક પણ અનુસરે છે. તુલસી ઉમરને માયા સદશ કહે છે-

उमरि तरु विशाल तवमाया फल ब्रह्माण्डानेक निकाया ।

સંસાર ભલે અવિનાશી પણ બનતો-બગડતો રહે

છે. તે કાકની અઘારમાંથી નીપજે છે, તેવી માન્યતા છે. તેને ભાગવતે ક્ષીરવૃક્ષ પણ કહ્યું છે -

स्वान्ते सकृच्छमवरुद्धघनः स देहः। सृष्ट्वास्य बीजम् अवसीदति वृक्षधर्मः। (ભાગ ૧૧-૯-૨૬) તે શરીર અર્થાત્ સંસારવૃક્ષ ગતાયુ થતાં સ્વાન્તે સ્વયં નષ્ટ થાય છે. વૃક્ષની જેમ બીજા શરીર માટે બીજ વાવીને તેને માટે પણ દુ:ખદ સંસારની વ્યવસ્થા કરતું જાય છે. એટલે જ ભાસે કહ્યું તેમ આ વર્તુળાકારે ભ્રમણ કરતું હોવાથી સંસાર ચક્ર સમાન છે-

नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।

કર્માનુબંધ અને ગહનમૂળવાળા અને આદિ અને અંત જેનું ન પામી શકાય તેવા, અસંગશસ્ત્રથી જ જે નાશ પામે તેવા ને, આ અવ્યય પદને શોધવા અર્થે જીતસંગદોષી, અધ્યાત્મનિત્ય, સુખદુખાદિ દ્વન્દ્વોથી દૂર, નિર્માનમોહી અને જ્ઞાની બનવું પડે તથા તેવો સાધક તે પદને પામી શકે છે.

આદિ શંકર અનુસાર અ-નહિ, શ્વ-કાલે, ત્થ-રહેનાર અર્થાત્ 'જે કાલે રહેનાર નથી અને આજ જેવું છે તેવું.' સંસારને આનું રૂપક આપ્યું. સ્થૂલ રીતે તે વડ કે પીપળાનું વૃક્ષ હોય. તે ઉર્ધ્વમૂળ છે. અર્થાત્ સ્રષ્ટા ઉપર અને ડાળીઓ નીચે અર્થાત્ જગત નીચે છે.મહદાદિ આ વૃક્ષના પાંદડાઓ છે, વૃક્ષ પર્ણોથી શોભાયમાન તેમ વેદાદિથી સંસારનું રક્ષણ થાય છે. રામાનુજાચાર્ય કહે છે કે જેમ પાંદડાઓથી વૃક્ષ વિકસિત તેમ સંસારવૃક્ષ વેદોથી વિકસિત થાય છે. જેમ કૂંપળો પહેલા આવે,ડાળીનો વિસ્તાર થાય જેમ તેમ શબ્દાદિ વિષયોને પરિણામે સંસારનો વિસ્તાર થાય છે. જેમ આકાશમાં છવાયેલો પદાર્થ ગુરુત્વાકર્ષણથી નીચે આવે પણ તેનાથી વિરુદ્ધ ભૂમિમાં વપ્ર બીજ આકાશ તરફ ઊગે તેમ જગત પતનશીલ છે. તેમ છતાં ઉર્ધ્વમૂળ જે છે તે સંસારને અશ્વત્થ કહ્યું. (ઠક્કરબાપા)

જ્ઞાનેશ્વરી રૂપકથી સમજાવે છે "મનુષ્યાકૃતિમાં સુવાસનાના કૂંપળ ફૂટતા તે સુકૃતાંકુરને જન્માવે છે. પ્રજ્ઞા તીક્ષ્ણ બનતા નિમેષમાત્રમાં જ્ઞાનાંકુર વિસ્તૃત થાય છે. સુમતિ દૃઢ થતાં મેધારસ ગર્ભિત આસ્થાપર્ણોથી શોભતા, સદાચારવાળા વેદપાંદડાઓ ગુંજન કરવા લાગે.યમ-દમગુચ્છોથી તપની ડાળી અને વૈરાગ્યશાખા, ફૂટતા સંસાર ટૂટે નહીં તો સત્ત્વાનિલ પ્રબળ રહેતા તે સઘન થાય છે. જો ધર્મડાળનો વિસ્તાર અને તેમાં સ્વર્ગાદિ ફળો થતાં પ્રપંચનો વિસ્તાર થાય છે, જેનો કોઈ અંત નથી."

નિસંગશસ્ત્રથી તેનો ઉચ્છેદ શક્ય છે. જેમ સ્વપ્નમાં થયેલ વ્રણની ઔષધિ જાગૃતિ માત્ર તેમ અજ્ઞાન માટે જ્ઞાન જ ખડગ્ છે. અથવા જેમ ઈંધણ નાશ થતાં અગ્નિ શાંત થાય તેમ નિષ્કામ કર્મથી જ સંસારનો સમૂળ નાશ કરી શકાય.સંન્યાસમાર્ગ કહે છે અનાસક્તિ એટલે વૈરાગ્ય. શ્રુતિઓ પણ તે જ કહે છે- सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः। વૃક્ષ નિત્ય નવીન તેમ સંસારવૃક્ષ પણ પરિવર્તનશીલ છે. ઋગ્વેદ સુપલાશવૃક્ષનો ઉલ્લેખ કરે છે. (ઋ. ૧૦-૧૩-૫-૧) જ્યાં બેસીને યમ અને પિતૃઓ સહપાન કરે છે. તૈત્તરીય બ્રાહ્મણાનુસાર પ્રજાપતિ દેવલોકમાંથી ભ્રષ્ટ થઈને અશ્વનું રૂપ લઇને એક સંવત્સર સુધી આ વૃક્ષમાં રહ્યા હતા.માથે અશ્વ (ઘોડો) ત્થ રહેવાનું સ્થાન- प्रजापतिर्देवेभ्यो निलायत । अश्वो रूपं कृत्वाडसोडश्वत्थे संवत्सरमतिष्ठत् । तदश्वत्थस्याश्वत्थत्वम् । विष्णुर्देवताश्वत्थः। છે એવું કાઠક સંહિતા.(૩૯-૧૩)શું કહે છે.

મધુસૂદન સરસ્વતીજીનું મંતવ્ય એમ છે કે આ સંસારવૃક્ષનું મૂળ ઉપર અને એટલે કે સંસારનો ભ્રમ તે જ જ્ઞાન થતાં બ્રહ્મમાં સમાવિષ્ટ થઇ જતાં અધિષ્ઠાન ઉપર છે અને પાંદડાઓ છન્દો છે કારણ કે તે વૃક્ષને આચ્છાદિત કરતાં, તેનું રક્ષણ કરતા હોવાથી વેદોને તેવા કહ્યા. અને આમ જુઓ તો વૈદિક કર્મકાંડથી પરિવૃત ધર્માધર્મના હેતુ અને પ્રકાશન કરનારા તેઓ છે. વેદાંત તેને માયાનો વિલાસ કહે. પુરાણો-

अव्यक्तमूलप्रभवस्तस्यैवानुग्रहोत्थितः ।<br>
बुद्धिस्कन्धमयश्चैव इन्द्रियान्तरकोटरः॥<br>
महाभूतविशाखश्च विषयैः पत्रवांस्तथा ।<br>
धर्माधर्मसुपुष्पश्च सुखदुःखफलोदयः॥<br>
आजीव्यः सर्वभूतानां ब्रह्मवृक्षः सनातनः।<br>
एतद् ब्रह्मवनं चैव ब्रह्मा चरति साक्षिवत् ।<br>
एतच्छित्व च भित्त्वा च ज्ञानेन परमासिना ।<br>
ततश्चात्मगतिं प्राप्य तस्मावावर्तते पुनः ॥

આ સંસારવૃક્ષના અવયવો સાથે સંબંધ રાખવાની તેની શાખાઓ નીચેની બાજુ એટલે કે દુષ્કર્મી યોનિઓમાં નીચે આવવું પડે અને સુકૃતીઓ ઉપર વિસ્તર્યા. આ યોનિ તેની શાખાઓ સત્વાદિગુણોથી સિંચિત હોવાથી સ્થૂલ એટલે કે પ્રવૃદ્ધ છે. સંસારવૃક્ષની શાખાઓ અને શબ્દાદિવિષયોની કુંપળોવાળું આદિ ન અંતવાળું દૃઢવૈરાગ્ય વડે ક્ષય થાય છે. રસોઇ જો ઝેરી હોય એમ ખાનાર જાણે તો છોડી દે છે જેમ તેમ સમસ્ત સંસાર અનિત્ય છે એમ જાણતા વૈરાગી બને તો આવા વૈરાગ્યશસ્ત્રથી તરત છેદાઈ જનારૂ આ છે.

જે ક્ષય કે પ્રલય પણ અભૌતિક રીતે જોતા નિત્યપ્રલય પ્રતિપળે જગત બદલાતું રહે છે. નૈમિતિક પ્રલય બ્રહ્માના એક દિવસ એટલે કે કલ્પાંતે સકળ સૃષ્ટિનો બ્રહ્મામાં લય થાય પરંતુ સમૂળ નાશ ન પામે. બીજરૂપે અવિદ્યા અને

તે સૂક્ષ્મ કારણ બની રહેતું હોવાથી જેમ ઉનાળે દેડકો સરોવર ધરબાયેલો રહે અને દુર્દિને જાગ્રત થાય તેમ બ્રહ્માની શક્તિમાં સૃષ્ટિ શાંત થાય અને દિવસ થતાં પુનઃ જાગૃત થતો સંસાર નૈમિતિક પ્રલય પામે છે.મહાપ્રલય વિધાતૃના સો વર્ષ પૂરા થતાં પામે તે. કર્મજન્ય પ્રલય અવાંતર એક જાય તો એક રહે તે. આત્યંતિક પ્રલય એટલે મોક્ષ. આ શરીરસાધન વડે આત્મા જે અસંગ શસ્ત્રથી પ્રાપ્ત કરે તે મોક્ષ છે. અગ્નિદેવ આ વૃક્ષે આશ્રિત રહે તે, સૂર્યના ઘોડાઓ પિતૃયાનમાં પીપળાના વૃક્ષ નીચે રહે છે. શંકરાચાર્ય કહે છે संसरति संसारः આખો વિચાર પીપળાનો ઉર્ધ્વ આદિ એટલે કે બ્રહ્મ જ સર્વનું આદિકારણ અને એટલે તે અવાક્ અવિદ્યા,કામ, કર્મ અને અવ્યક્તરૂપી બીજમાંથી તે ઉત્પન્ન થાય છે. જ્ઞાન, ક્રિયા તેની સ્વરૂપભૂત શક્તિઓ છે.અપરબ્રહ્મરૂપ હિરણ્યગર્ભ જ તેનો અંકુર છે.સમસ્ત પ્રાણીઓનાં લિંગશરીર તેની શાખાઓ છે. તૃષ્ણારૂપી પાણીથી સિંચિત થવાથી તે વૃદ્ધિ પામે છે. બુદ્ધિ, ઇન્દ્રિય અને વિષયરૂપ નૂતન પર્ણોથી તે અંકુરિત થાય છે. શ્રુતિ, સ્મૃતિ, ન્યાય અને જ્ઞાનોપદેશરૂપ પાંદડાઓથી તે યુક્ત છે.યજ્ઞ, દાન, તપ અને ક્રિયાકલાપોના સુંદર ફલોથી તે સુશોભિત છે.સુખાદિ રસોથી ભરપૂર પ્રાણીઓની આજીવિકારૂપ અનંત ફળોથી લદાયેલ, તૃષ્ણારૂપી જળથી સિક્ત, બ્રહ્માદિ પક્ષીઓએ આ વૃક્ષ પર માળાઓ બનાવી રહેતા હર્ષાશોકથી ખદબદતો સતત ગુંજાયમાન રહે છે. નિકૃષ્ટ અને પાછળનો એટલે કે સંસાર બ્રહ્મની પાછળનો છે. પરબ્રહ્મ પરમાત્મા આ સંસારરૂપી અશ્વત્થ વૃક્ષનું મૂળ અને સાર છે.

જો સંસાર સનાતન હોય તો આપણે ક્યાં? ત્યાં વ્યવસ્થા બે પ્રકારે છે એક મુક્તિ નિતાંત વ્યક્તિગત છે અને સામૂહિક પ્રલયાદિ છે. આપણે ‘એકલો જાને રે’ કે -

नित्योनैमित्तिकश्चैव तथा प्राकृतिकोभयः ।
आत्यन्तिकश्च कथितः कालस्य गतिरीदृशी ॥
(ભાગ. ૧૦-૪૩૮)

નિત્ય-નદીપ્રવાહવત્ અહીં બધું જ ગતિશીલ છે. તેથી નિત્ય પ્રલય ચાલતો રહે. નૈમિત્તિક-એક હજાર ચતુર્યુગી બ્રહ્માનો દિવસ જે કલ્પ કહેવાય છે. કલ્પાંતે ત્રિલોકનો પ્રલય બ્રહ્માના અહર્નિશ સમાપ્ત થતા થતો પ્રલય.પ્રાકૃતિક-બ્રહ્માનો કાલ સંપૂર્ણ થતાં અવ્યક્ત પ્રકૃતિમાં લીન થાય ત્યારે. આત્યંતિક-જીવ અસંગશસ્ત્રથી બધા બંધનોને કાપે તે આત્યંતિક.

બાહ્ય કરતા આંતર સંસાર મુક્તિમાં બાધક હોવાથી સમૂલ છેદ તેની કરવો અનિવાર્ય છે. આસક્તિનું મૂળ અને

आशा नाम मनुष्याणां काचिदाश्चर्यशृङ्खला:।
यया बद्धा प्रधावन्ति मुक्तास्तिष्ठन्ति पङ्गुवत् ॥

રાગાત્મક મનથી છૂટેલો, રાગદ્વેષ મુકત, જન્માદિથી અસંગ અને તેવો -

अश्वत्थमेनं सुविरूढमूलमसङ्गशस्त्रेण दृढेन छित्वा ।
ततः पदं तत्परिमार्गितव्यम । यस्मिन्गता न निर्वतन्ति भूयः ॥

તે કુહાડાથી નહી અસંગાસ્ત્રથી જ મટે. (ગીતા. ૧૫-૩, ૪) અનાદિ છે તેને જ પલાશવારુણઅવાક્શાખ કહ્યું છે. આ આવા પરમેશ્વરસંસારમાં દેહમાં રહી દેહીને જાણી લે જે -

इह चेदवेदीदथ सत्यमस्ति न चेदिहावेदीन्महती विनष्टिः।

કેન પણ આને આ શબ્દોમાં કહે છે. (કેન. ૨-૫) મનુષ્યદેહમાં અનેક નાડીઓ તે જ શાખા છે. મુખ્ય નાડી સુષુમ્ણાને માપી યોગી બ્રહ્મરંધ્ર, આ બ્રહમવૃક્ષને વેધે છે. જેને જ અસંગશસ્ત્ર કહી શકાય.

**બ્રહ્મસ્વરૂપ**

આત્મા સર્વવ્યાપી હોય તેનું આવાગમન કઈ રીતે શક્ય છે? કહેવાયું કે અંગુષ્ઠમાત્ર મનુષ્ય હૃદયવાસી અને મુંજઘાસની સળીને જેમ તેના આવરણથી છૂટી પાડવામાં આવે તેમ શરીરથી આત્મા પૃથક થાય છે ત્યારે તેનું વિશુદ્ધરૂપ જોઈ શકાય અને તેજ તેનું અસલી રૂપ છે. (કઠ.૨-૩-૧૭) એકમેવ અદ્વિતીય પણ પદાર્થ એક-અનેક બાજુથી જુદો જુદો દેખાય જેમ, તેમ જેને ગીતા ‘सर्वस्या चाहं हृदि सन्निचिष्टो’ (ગીતા. ૧૫-૧૫) તેજ

एक राम घट घटमें बैठा, एक राम है जगत पसारा ।
एक राम है दशरथ का बेटा, एक राम है सबसे न्यारा ॥

આ જ બુદ્ધિને મુંડકોપનિષદ વર્ણવે છે -

न चक्षुषा गृह्यते नापि वाचा नान्यैर्देवैस्तपसा कर्मणा वा ।
ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ॥
(મુ. ૩-૧-૮)

જે વિશુદ્ધ, તત્ત્વવિદ્ તેજ સૂક્ષ્મદર્શી અને અગ્રબુદ્ધિ કહ્યો છે કઠોપનિષદમાં-

दृश्यते त्वग्रया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः । (કઠ.૩-૧૨) આવો આત્મજ્ઞાની આત્મક્રીડ, આત્મરતિ ક્રિયાવાન અને બ્રહ્મવિદ્વરિષ્ઠ રૂપે મુંડકમાં નિરૂપાયો છે.ગીતામાં-

एकं सांख्यं च योगं च यः पश्यति स पश्यति ॥

(ગીતા. ૫-૫) અંતર્યામી તરીકે આત્મા, જીવાત્મા રૂપે પ્રત્યગાત્મા અને સમષ્ટિ રૂપે તે પરમાત્મા છે. જે ગતિ છે તે પ્રત્યગાત્માની નહી કે પરમાત્માની બને છે. રમણ

મહર્ષિએ આને હૃત્કેન્દ્ર કહ્યું છે. પરમહંસ કહે છે તે તે સ્થાનના ધ્યાનથી અંતરાત્માનો સાક્ષાત્કાર થઇ શકે. અરવિંદ કહે છે તેમાં જ તે છે. હૃતકેન્દ્રએ માત્ર સ્થૂળરૂપે નહીં પણ અંદરના અર્થે છે અને તેથી માત્ર હૃદયવાસી નહીં સમગ્ર ચેતાતંત્રમાં તે છે.તે શુદ્ધાત્માને જેમ-

अग्निर्यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव।

(કઠ. ૨-૨-૩)

અંતે તો હેમનું હેમ હોયે. (નરસિંહ મહેતા)

ગુરુ-શિષ્યનો સ્નેહ એમ જ અહીં નહીં નિરૂપાયો હોય. શ્રેય-પ્રેય, વિદ્યા-અવિદ્યા, બ્રહ્મ, અતકર્યતા, અનાદિને જાણવાની કલા, ધીરતા, અંગુષ્ઠમાત્રની પ્રાપ્તિ અને મર્ત્યને અમર્ત્ય બનાવવાની ચાવી જેવા રહસ્યમય વિષયોને આકારી આપતું આ ઉપનિષદ અનેક સૂક્તિઓનો પ્રદેશ રહ્યું છે.

(આચાર્ય, નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર)

**એસ.ડી.દેસાઇ હાઇસ્કૂલનું ગૌરવ**

રાજ્યકક્ષાની વર્ષ ૨૦૧૮-૧૯ની બેલ્ટ રેસલીંગ સ્કૂલ ગેમ વસો, ખેડા મુકામે યોજાયેલ હતી જેમાં અંડર ૧૯ ગ્રૂપમાં શાળાના છ વિદ્યાર્થીઓ શેખ અફસરઅલી ૫૦ કિલો વજન ગૃપ, મહિડા નીતિન ૪૦ કિલો વજન ગૃપ, રીઠડીયા ચેતન ૪૫ કિલો વજન ગૃપ, શેખ સુજાન ૫૫ કિલો વજન ગૃપ, શેખ નાવેદ ૬૦ કિલો વજન ગૃપ, પઠાણ મુસ્કાન ૫૫ કિલો વજન ગૃપમાં રાજ્યકક્ષામાં ચેમ્પિયન બન્યા હતા અને નેશનલ કક્ષાએ પસંદગી પામ્યા હતા.

૬૪મી નેશનલ સ્કૂલ ગેમ વર્ષ ૨૦૧૮-૧૯ કર્ણાટક મુકામે બેલગાંવમાં તા. ૭-૧-૨૦૧૯ થી ૮-૧-૨૦૧૯ દરમિયાન યોજાયેલી હતી જેમાં મહિડા નીતિન ૪૦ કિલો વજન ગૃપમાં, શેખ સુજાન ૫૫ કિલો વજન ગૃપ, શેખ નાવેદ ૬૦ કિલો વજન ગૃપમાં બ્રોન્ઝ મેડલ મેળવી ગુજરાત રાજ્ય અને ચારુતર વિદ્યામંડળ તથા શાળાનું નામ રોશન કર્યું હતું. ચારુતર વિદ્યામંડળના ચેરમેન ઇજનેરશ્રી ભીખુભાઇ પટેલ સાહેબ, મંત્રીશ્રી એસ.જી. પટેલ સાહેબ, ઉપપ્રમુખશ્રી મનીષભાઇ બી પટેલ તથા સહમંત્રીશ્રી કે.એસ. પટેલસાહેબ અને મેહુલભાઇ પટેલસાહેબે શાળાના વિદ્યાર્થીઓને બિરદાવી શાળાના આચાર્યશ્રી ડૉ. દિપકભાઇ પટેલ તથા શાળાના વ્યાયામ શિક્ષકશ્રી નીતિનભાઇ પટેલને શુભેચ્છાઓ પાઠવી હતી.

**॥ વિદ્યાવૃત્ત ॥**

**એનવિપાસ કોલેજમાં વાર્ષિક રમતોત્સવ યોજાયો**

વિદ્યાર્થીઓમાં ખેલકૂદ પ્રત્યે રસ જાગ્રત કરવા અને તેમનામાં છુપાયેલી પ્રતિભાને ખીલવવાના પ્રયાસરૂપે ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના ખેલકૂદ વિભાગ દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવનું ઉદ્‌ઘાટન કરતાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત એસ.એસ. પટેલ કોલેજ ઓફ ફિઝિકલ એજ્યુકેશનના આચાર્યશ્રી ડૉ.બી.એલ. નાગરે ખેલકૂદને વ્યક્તિત્વના સર્વાંગી વિકાસ માટે અગત્યનું પરિબળ ગણાવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ વિદ્યાર્થીજીવનમાં રમતગમતનું મહત્ત્વ પણ અભ્યાસ જેટલું જ હોવાનું જણાવી વિદ્યાર્થીઓને ઉત્સાહભેર ભાગ લેવા હાકલ કરી હતી. તેર જેટલી વિવિધ સ્પર્ધાઓમાં આશરે ત્રણસો જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ પ્રા. શ્રેયા શાહ, ખેલકૂદ વિભાગના ઇન્ચાર્જ પ્રા. ધર્મેશ પટેલ, ડૉ. કેતુલ પટેલ, વિદ્યાર્થી પ્રતિનિધિ દર્શિત શાહ, સહઅધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ઉપસ્થિત રહીને સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સક્રિય પ્રયત્નો કર્યા હતા.

**સેમકોમ કોલેજ ખાતે એસપીએલ-૯ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ એસ પી એલ-૯ તા. ૨૩-૧૨-૨૦૧૮ થી ૨૭-૧૨-૨૦૧૮ સુધી શાસ્ત્રીમેદાન વલ્લભ વિદ્યાનગર ખાતે યોજાયો હતો. તેમાં ઓક્શન દ્વારા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. જેમાં (૧) સેમકોમ ચેલેન્જર (૨) સેમકોમ સ્ટ્રાઇકર્સ, (૩) સેમકોમ વોરિયર્સ અને (૪) સેમકોમ બ્લાસ્ટર્સ આ ચાર ટીમો માટે ૧૬-૧૬ ખેલાડીઓને ઓકશન દ્વારા મેનેજર, કેપ્ટન અને ટીમ ખરીદનારોએ પસંદગી કરી હતી. આ ઓકશનનું આયોજન સેમકોમ ફિલોસોફી લાઇન ''ગોઇંગ બીયોન્ડ ટેક્સ્ટબૂક બીયોન્ડ ક્લાસરૂમ''ના ભાગ રૂપે કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં બીઝનેસ, ટીમ મેનેજમેન્ટ, જેવી કાર્યશૈલી વિકસે અને પસંદગીકારોને સારી ટીમ અને પ્રતિભાશાળી ખેલાડીઓને સારી ટીમમાં સ્થાન મળે તે ઉદ્દેશ્યથી આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું.

॥ વ્યક્તિત્વ ॥

# ગાંધીજી પ્રબોધિત રોજિંદા જીવનનું વ્યાકરણ

**નગીનદાસ પારેખ**

(હ.કા. આર્ટ્સ કોલેજ, અમદાવાદના પૂર્વ અધ્યાપક અને આચાર્ય, ગુજરાતી ગત પેઢીના વરિષ્ઠ વિદ્વાન. ગાંધી અને ટાગોરના સાહિત્યના ઊંડા અભ્યાસી, સંસ્કૃત, બંગાળી અને અંગ્રેજી ભાષાના ઉત્તમ ગ્રંથો ગુજરાતીમાં ઉતારનાર સમર્થ અનુવાદક. 'ગાંધીજી : કેટલાક સ્વાધ્યાય લેખો' એમનું મહત્ત્વનું પુસ્તક)

ગાંધીજીને આપણે મહાત્મા કહીએ છીએ, રાષ્ટ્રપિતા કહીએ છીએ, હજારો વર્ષે અવતરતી વિરલ વિભૂતિ કહીએ છીએ, અને એમાં સત્યનો અપલાપ પણ નથી. એમણે પોતાના ટૂંકા જીવન દરમ્યાન અનેક જીવનોનાં કાર્યો પતાવ્યાં. તેમાંના કેટલાંક તો સાચે જ મહાન કાર્યો હતો. ભારત જેવા વિશાળ દેશને બ્રિટિશ સલ્તનત જેવી પ્રચંડ સત્તાની નાગચૂડમાંથી છૂટવામાં મદદ કરી, ભારતની સ્ત્રીઓને જાણે જાદુથી ન હોય એ જોતજોતામાં પુરુષોની હરોળમાં મૂકી દીધી અને અણુશસ્ત્રથી ત્રસ્ત જગતને આત્મબળનું હથિયાર અર્પ્યું. એમણે ભારતને સ્વરાજનો એક નકશો પણ આપ્યો હતો, જેને આજે આપણે વિસારે નાખ્યો છે. પણ હું આજે એમનાં આ બધાં મોટાં અને મહત્ત્વનાં કાર્યો વિશે બોલવાને બદલે એમના રોજિંદા જીવનના કેટલાક આગ્રહો વિશે જ બે વાત કહેવા માગું છું. એ આગ્રહોને આપણે રોજિંદા જીવનનું વ્યાકરણ કહીએ તોય કંઈ ખોટું નથી.

ગાંધીજી સાચા અર્થમાં લોકનેતા હતા. તેઓ લોકોથી દોરાતા નહોતા, લોકોને દોરતા ન હતા. એમણે આપણા જીવનમાં કેટલીક ઊણપો જોઈ હતી અને એમના ઈંગ્લેન્ડવાસે એ બધીનું એમને તીવ્ર ભાન કરાવ્યું હતું અને તે ઉપરથી એમણે પ્રચંડ પુરષાર્થપૂર્વક પોતાના જીવનમાંથી એ ઊણપોને દૂર કરી નવી ટેવો પાડી હતી અને આપણી આખી પ્રજામાં તેને વ્યાપક બનાવવા તેઓ જીવનભર મથ્યા હતા. પોતાની પ્રયોગશાળારૂપ આશ્રમોમાં એમણે એ બધા આગ્રહો ઉપર ખૂબ ભાર મૂક્યો હતો અને જાહેર જીવનમાં પણ તેઓ એ બાબતોનો આગ્રહ રાખતા રહ્યા હતા.

૧. આવો પહેલો આગ્રહ છે સમયપાલનનો. આપણા દેશમાં જાહેર કરેલે સમયે કોઈ સભાનું કામ ભાગ્યે જ શરૂ થતું. આજે પણ હમેશાં થાય જ છે એમ નથી બનતું. સેંકડો કે હજારો માણસોનો સમય બગડે એની જાણે આપણને કિંમત જ નથી. એમાં સભામાં સમયસર આવનારનું અપમાન છે, તેમને વગર કારણે સજા થાય છે, એ પણ આપણને સમજાતું લાગતું નથી. પણ ગાંધીજી આ બાબતમાં ખૂબ ચાનક રાખતા હતા. જે સમય જાહેર થયો હોય તે સમયે કાર્ય શરૂ થવું જ જોઈએ એવો એમનો આગ્રહ રહેતો. ગોધરામાં અંત્યજ પરિષદ મળી ત્યારે ઘણે ભાગે લોકમાન્ય તિલક જ અર્ધો કલાક મોડા આવ્યા હતા. તે જ વખતે ગાંધીજીએ કહ્યું હતું કે, ''સ્વરાજ અર્ધા કલાક મોડું થયું!'

૧૯૨૭ માં એઓ વિદ્યાપીઠમાં દર અઠવાડિયે એક સમય લેતા હતા. એક વાર સમય પતાવી બહાર આવ્યા ને બીજું કોઈ વાહન નહોતું એટલે સાઈકલ માંગી તેના પર સવાર થઈ આશ્રમ ઊપડી ગયા! ત્યાં કોઈને મળવાનો સમય નક્કી થયેલો હતો. આફ્રિકામાં સાઈકલ વાપરી હશે ત્યાર પછી અનેક વર્ષે ફરી સાઈકલ પર બેઠા. એક વાર દક્ષિણના પ્રવાસ દરમિયાન તેઓ કોઈ મુકામે પહોંચ્યા. ત્યાંથી સભાસ્થાન થોડું દૂર હતું. એટલે એમણે વ્યવસ્થાપકો પાસે જાણી લીધું કે પગે ચાલીને ત્યાં જતાં કેટલો સમય લાગે એમ છે. સભાનો સમય થવા આવ્યો એટલે એમણે ઊપડવાની તૈયારી કરી, પણ કોઈ વાહન હજી આવ્યું નહોતું એટલે એમણે પગપાળા જ ચાલવા માંડયું અને સમયસર સભામાં પહોંચી ગયા. આવો હતો એમનો સમયપાલનનો આગ્રહ.

સમયપાલનનો એક બીજો અર્થ પણ થાય છે. અને તે એ કે નીમેલે વખતે નીમેલું કામ કરવું. અમુક વખતે ઊઠવું, અમુક વખતે ફરવા જવું, અમુક વખતે ઉપાસના કરવી, અમુક વખતે ભોજન લેવું, અમુક વખતે મુલાકાત આપવી, વગેરે. આ બધું પણ એઓ ખૂબ કાળજીપૂર્વક પાળતા. જેને જે વખતે મુલાકાતનો સમય આપ્યો હોય તેને તે વખતે અંદર બોલાવતા અને સમય પૂરો થતાં ઘડિયાળ બતાવતા. આટલા બધા કામગરા હતા છતાં એમણે કદી ઉપાસના કે ફરવાનું છોડયું હોય એવું બન્યું નથી. સવારસાંજ ફરવા જવાનો નિયમ એમણે જીવનભર અત્યંત ચીવટપૂર્વક પાળ્યો હતો. વિલાયત ગયા

હતા ત્યારે ત્યાંની ઠંડી અને ધુમ્મસમાં પણ એઓ ફરવા નીકળતા હતા. એનો એઓ શરીર પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. જે શરીર પાસે આપણે કામ લેવાનું છે તેના સ્વાસ્થ્ય માટે આવશ્યક એવો વ્યાયામ એને આપવો જ જોઈએ અને એની પાછળ. ખરચેલો સમય બગડયો એવું એમણે કદી માન્યું નથી. એને એઓ શરીરરૂપી ઘોડાને ખરેરે! કર્યા બરોબર ગણતા હતા.

સમયપાલનનો એક ત્રીજો પણ અર્થ છે. ગાંધીજી કામ કરવાનું નક્કી કરે ત્યારે ઘણી વાર તે પૂરું કરવાનો સમય પણ નક્કી કરતા હતા. આને લીધે એ કામ તાકીદનું છે એવી ભાવના સૌના મનમાં જાગતી હતી અને તેથી સૌ પોતાની બધી શક્તિ તેમાં રેડવા પ્રેરાતા હતા. એમણે લોકમાન્ય તિલકના અવસાન પછી એક કરોડ રૂપિયા ભેગા કરવાનો સંકલ્પ જાહેર કર્યો તેની સાથે જ તે કામ અમુક દિવસે પૂરું થવું જોઈએ એ પણ જાહેર કર્યું અને એથી આખા રાષ્ટ્રે તનતોડ મહેનત કરી એ દિવસે સાંજ સુધીમાં એ રકમ પૂરી કરી પણ ખરી. વિદ્યાપીઠને એમણે જોડણીકોશ રચવાનો આદેશ કર્યો તે સાથે જ કોશ એમને અમુક દિવસે મળવો જોઈએ એવું પણ જણાવ્યું. અને એ ઠરાવેલે દિવસે રાતે એઓ અમદાવાદ સ્ટેશનેથી પસાર થવાના હતા એટલે કોશની પહેલી નકલ એમને પહોંચાડવા મુ. શ્રી કાકાસાહેબ, નરહરિભાઈ વગેરે ગયેલા એ હજી મને યાદ છે.

૨. એમનો બીજો આગ્રહ સ્વચ્છતા વિશેનો હતો. અસ્વચ્છતા એ આપણા દેશનો વ્યાપક રોગ છે. આપણા અંગત જીવનમાં સ્વચ્છતા હોય છે, પણ સામૂહિક જીવનમાં એ જોવા મળતી નથી. આપણે આપણા ઘરનો કચરો કાઢી પડોશી કે સામાના આંગણામાં નાખીએ છીએ, આપણે કેરી ખાઈને છાલ-ગોટલા સામાના આંગણામાં પધરાવીએ છીએ, દાતણ કરીને ચીરીઓ સામે નાખીએ છીએ. આમ, આપણે પરસ્પર સહકારથી ગંદા રહીએ છીએ. આ આપણી અસ્વચ્છતા સામે ગાંધીજી જીવનભર ઝૂઝયા. ઠેક આફ્રિકાથી એમણે આ ઝુંબેશ શરૂ કરી હતી. એમણે સ્વચ્છ જીવનનો કેવળ ઉપદેશ જ ન કર્યો. એના દાખલા પૂરા પાડયા. એમના બધા જ આશ્રમોમાં અને બીજી સંસ્થાઓમાં સ્વચ્છતાનો આગ્રહ સદા સેવાતો. સ્વચ્છતા શી રીતે જળવાય એનો વિચાર કરી એમણે જીવનપદ્ધતિ અને સાધનો પણ ઉપજાવી કાઢયાં અને તેનો પ્રચાર કર્યો. પાયખાનાં અને મુતરડીઓ, રસોડાં અને ખાતરના ખાડા કેવા હોય અને કેમ સ્વચ્છ રખાય એ એમણે પ્રત્યક્ષ કરી બતાવ્યું અને તેનો સર્વત્ર આગ્રહ રાખ્યો. જાજરૂની સફાઈને એમણે સંસ્થાની કસોટી બનાવી મૂકી. એમનું પોતાનું જાજરૂ એટલું સ્વચ્છ રહેતું કે એઓ ઘણું વાચન ત્યાં જ કરતા. એક વાર શ્રીનિવાસ શાસ્ત્રી આશ્રમમાં આવેલા તેમને આશ્રમનાં જુદાં જુદાં સ્થાનો બતાવ્યાં તેમાં ગાંધીજીનું પાયખાનું પણ બતાવ્યું. તેમાં તે વખતે ખૂબ ચર્ચાતો ફિસ્કલ કમિશનનો હેવાલ પડયો હતો, તે જોઈને શ્રી શાસ્ત્રીએ પૂછયું કે ગાંધીજી કાગળ વાપરે છે? ત્યારે તેમને જણાવવામાં આવ્યું કે ના, એઓ અહીં એ વાંચે છે. ગાંધીજીનું પાયખાનું 'લાઈબ્રેરી' નામે પણ ઓળખાતું એનું આ કારણ છે.

૩. સ્વચ્છતા પછી સુઘડતા. સુઘડતા એટલે ઉપરની ટાપટીપ નહિ, પણ એકેએક ઝીણામાં ઝીણું કામ પણ વ્યવસ્થિત અને સફાઈબંધ રીતે કરવું તે. કાગળ ફાડવો હોય તોયે તે વ્યવસ્થિત સરખી રીતે ફાડવો જોઈએ. કાગળની ગડી કરવી હોય તો તે બરાબર ખૂણેખૂણો મળી રહે એ રીતે વાળવી જોઈએ, કૂતરાના કાનની પેઠે ખૂણા બહાર દેખાય એમ નહિ. ગાદી ઉપર ચાદર પાથરવી, ધોતિયું પહેરવું, ટોપી પહેરવી — બધામાં જ આ ચીવટ અને સફાઈનો તેઓ આગ્રહ રાખતા. પોતે તો માત્ર લંગોટ પહેરતા હતા. પણ ખૂબ વ્યવસ્થિત રીતે પહેરતા અને તેને ઘટતે સ્થાને પિન લગાવતા કે જેથી અવ્યવસ્થિત થાય નહિ. એમને કદી કોઈએ જથરપથર કે અવ્યવસ્થિત જોયા નથી. શ્રી નરહરિભાઈ એક વાત કહેતા. આશ્રમની જમીનને અંગે કલેક્ટરને કે કમિશનરને મળવા જવાનું હતું. શ્રી નરહરિભાઈ અને મહાદેવભાઈ તરત તૈયાર થઈ ગયા, પણ ગાંધીજીએ કહ્યું : ''જુઓ, સાંભળો, હજામત કરીને જજો.'

૪. એ પછી સાદાઈ અને કરકસર આવે. ગાંધીજીએ પોતાને ગરીબ ભારતના પ્રતિનિધિ માનેલા એટલે પોતાનું જીવન પૂરી સાદાઈથી એમણે વિતાવ્યું. પોતાની જાત માટે ઓછામાં ઓછાં સાધનો લેવાં, અનાવશ્યક કશું જ ન રાખવું એવો એમનો સતત આગ્રહ હતો. એમણે લંગોટ પહેરવો શરૂ કર્યો તેની પાછળ દરિદ્રનારાયણ સાથે તાદાત્મ્ય સાધવાની ભાવના રહેલી હતી. ત્રીજા વર્ગમાં જ મુસાફરી

કરવી, એમાં પણ એ જ ભાવના હતી. ગોળમેજી પરિષદ માટે વિલાયત ગયા ત્યારે પણ પોતાનો વેશ એ જ રાખ્યો અને શહેનશાહને પણ એ જ વેશે મળ્યા. ત્યાં એમને માટે મીરાંબહેને બજારમાંથી મધ મંગાવ્યું, તો તેમની ધૂળ કાઢી નાખી. વિલાયત જવા ઊપડયા ત્યારે સાથે મહાદેવભાઈ, પ્યારેલાલ, દેવદાસ વગેરેએ મિત્રોની સલાહસૂચના અને સહાયથી ચામડાની બૅગો ભરીને સામાન લીધો હતો. સ્ટીમર ઊપડયા પછી ગાંધીજીએ ઝડતી શરૂ કરી. અને જે પુણ્યપ્રકોપનો ધોધ વહેવડાવ્યો તે આ બધાના આંસુથી પણ કર્યો નહિ. એડનથી બધી ટૂંકા અને વધારાનો સામાન પાછો દેશ મોકલ્યો ત્યારે જ જંપ્યા. "હું ભારતનાં દીનજનોનો પ્રતિનિધિ. મારા મંત્રીને કાગળ રાખવા ચામડાની બૅગ શા સારુ જોઈએ? ખાદીની થેલી કેમ ન ચાલે?' વગેરે, વગેરે. કોંગ્રેસ ભારતના દરિદ્રનારાયણના પ્રતિનિધિ છે એ વાત એઓ કદી ભૂલતા નહોતા. ગોળમેજીમાં પણ એમણે સ્પષ્ટ કહેલું કે દરિદ્રનારાયણોના હિતની આડે આવતું કોઈ પણ હિત સાચવવાની હું બાંયધરી આપતો નથી. યરવડા જેલમાં સરદાર વલ્લભભાઈ પટેલ ગાંધીજી માટે ખજૂર ધોઈને તૈયાર કરતા. પંદર પેશી લેવાનો નિયમ હતો. વલ્લભભાઈ કોઈ વાર સત્તર સરકાવી દેતા તો ઠપકો સાંભળવો પડતો. પોતે પાછળથી પાણી પણ શીશીમાં લઈને વાપરતા, જેથી નકામો વ્યય ન થાય. પોતા ઉપર આવેલા પત્રોની પાછલી કોરી બાજુનો પણ ઉપયોગ કરતા.

પણ આ કંજૂસાઈ નહોતી. જ્યાં જરૂર હોય ત્યાં એ હજારો વાપરતાં પણ અચકાતા નહિ. આશ્રમમાં પણ માંદા માટે ફળ જરૂર આવવાનાં. એક વાર બંગાળની પ્રાંતિક પરિષદમાં હાજર રહેવાનું એમણે દેશબંધુ દાસને વચન આપ્યું હતું તે પાળવા સ્પેશિયલ ટ્રેન જોડાવીને પણ ગયા હતા. 'યંગ ઈન્ડિયા કે 'હરિજન' માટે ઘણી વાર આખા લેખોના લેખો તારથી મોકલતા, એટલું જ નહિ, કોઈ વાર જરૂર પડયે સુધારા પણ તારથી કરાવતા. એ એમને નકામો ખર્ચ કે ઉડાઉપણું નહોતું લાગતું. પણ પોતે જેને ન્યાય ન માને એવી એક પાઈને પણ મંજૂર ન કરતા. ૧૯૪૪ માં જ્યારે પાર્લામેન્ટરી કમિશન આવ્યું ત્યારે એઓ ઉરુળીકાંચન હતા. કમિશનની ઇચ્છા તરત જ એમને મળવાની હતી. એટલે તેમણે ખાસ વ્યવસ્થા કરી લશ્કરી વિમાનમાં શ્રી સુધીર ઘોષને પૂના મોકલ્યા. એમણે ગાંધીજીને દિલ્હી જવા રાજી કર્યા. અને એમને માટે વાઈસરૉયે આપેલી સૂચના પ્રમાણે સ્પેશિયલ ટ્રેન જોડાવી અને એમ ગાંધીજી દિલ્હી પહોંચ્યા. ત્યાં પહોંચ્યા પછી પોતાની સાથે તેર માણસો હતાં. તેમનું ત્રીજા વર્ગનું ભાડું ગણી તેટલી રકમ વાઈસરૉયના અંગત મંત્રીને આપવા સુધીર ઘોષને મોકલ્યા. મંત્રી તો આભો જ થઈ ગયો. "હું અહીં રેલવેનું ભાડું ઉઘરાવવા બેઠો છું! કોણ એની પાસે ભાડું માગે છે?'' છતાં આગ્રહ થયો એટલે તેણે રેલવે બોર્ડને પુછાવી જણાવ્યું કે ભાડું આપવું જ હોય તો આ પ્રવાસનું પૂરું ખર્ચ ૧૮,૦૦૦ થાય છે. સુધીર ઘોષે જઈ વાત કરી, તો કહે, ના, હું તો ત્રીજા વર્ગનું સામાન્ય ભાડું જ આપું. હું આવ્યો હોત તો એ રીતે જ આવત. પણ વાઈસરૉયે સ્પેશિયલ જોડાવી એનું ખર્ચ હું શાનો ભોગવું? અને મારે એના ઓશિયાળા થવું નથી એટલે મારું રીતસરનું ભાડું તો આપવાનો જ. એમણે પોતાને હિસાબે થતું ભાડું જ મોકલ્યું અને તે પેલાએ મૂંગે મોઢે લઈને રેલવે બોર્ડને — મિ. ગાંધી તરફથી સલામ સાથે — એમ કહીને મોકલી આપવું પડેલું!

૫. એની સાથે હિસાબની ચોક્સાઈ પણ સંકળાયેલી છે. એમણે ઘણે ભાગે આત્મકથામાં લખેલું છે કે ચોખ્ખો હિસાબ એ કોઈ પણ સંસ્થાનું નાક છે. જાહેર નાણાની પાઈએ પાઈ જે હેતુ માટે આવી હોય તે હેતુ માટે જ અને પૂરતી કરકસરપૂર્વક વપરાય એ વિશે એમનો આગ્રહ ખૂબ જાણીતો છે. એઓ પોતે દક્ષિણ આફ્રિકાથી જ્યારે પ્રતિનિધિમંડળ તરીકે વિલાયત ગયા હતા, ત્યારની એમની હિસાબની નોંધ હજી મોજૂદ છે. એમાં ઘોડાગાડીનો, છાપાં ખરીદ્યાનો, ચાનાસ્તાનો, ટપાલનો એવો ઝીણો ઝીણો ખર્ચ પણ વિગતે નોંધેલો છે. પરચૂરણ ખર્ચ જેવું કોઈ ખાતું જ એમાં નથી. તદ્દન નજીવી રકમ માટે એમણે પૂ. કસ્તૂરબાને પણ 'નવજીવન'ને પાને ચડાવ્યાં હતાં. બીજા સાથીઓને પણ છોડયા નહોતા. સંસ્કૃતમાં એક કહેવત છે કે **योऽर्थे शुचिर्हि स शुचिः** એ એઓ અક્ષર-અક્ષર પાળતા હતા.

૬. જેવી હિસાબની તેવી જ બીજી બાબતોની પણ ચોકસાઈ. જે કામ થાય તે ચોકસાઈથી થાય. વેઠ ઉતાર્યાની રીતે ન થાય. એમણે ગોખલેજીનાં વ્યાખ્યાનોનો ગુજરાતી અનુવાદ કરવાનું તે સમયના કોઈ પ્રતિષ્ઠિત સાક્ષરને સોંપ્યું

હતું. તેમનો અનુવાદ આવ્યો તે જોઈ જવા એમણે તે નરહરિભાઈને આપ્યો. એમને તે બહુ ગમ્યો નહિ, પણ એમના એક મુરબ્બી સાથીએ લેખકની અને અનુવાદની પ્રશંસા કરી એટલે અનુવાદ રદ કરવાની એમની હિંમત ચાલી નહિ. એઓ નવા જ ગાંધીજી સાથે જોડાયેલા હતા.

અનુવાદ ગોખલેજીની જન્મતિથિએ પ્રગટ કરવાનો હતો. અનુવાદના ફરમા ગાંધીજીએ જોવા માગ્યા. જોઈને એમને થયું કે આ અનુવાદ તો ન જ ચાલે. એમણે નરહરિભાઈનો ઊધડો લીધો કે તમે કેમ વાત ન કરી? એમણે બચાવ કરવા પ્રયત્ન કર્યો, પણ કશું ચાલ્યું નહિ. ગાંધીજીએ કહ્યું, ''આ ફરમા બાળી મૂકો અને તમે અને મહાદેવ મળીને બીજો અનુવાદ તૈયાર કરો.' નરહરિભાઈ કહે : ''પણ આની પાછળ ૭૦૦ રૂપિયા ખર્ચ થયું છે, તે નકામું જશે.' ત્યારે સામું પૂછ્યું : ''તો શું મારે બંધાવવાના પૈસા વધારાના ખર્ચવા? એ ન બને.'' આખરે ફરમા બાળી મૂકવામાં આવ્યા અને નવો અનુવાદ ગમે એટલી ઉતાવળ અને તડામાર કરીને ઠરાવેલ દિવસે પ્રગટ કરવામાં આવ્યો. આવું જ કંઈક 'પ્રાચીન સાહિત્ય'ના અનુવાદ વિશે પણ બન્યું હતું એમ લાગે છે. એની પણ એક આવૃત્તિ રદ કરવામાં આવી હતી. તે ફરમા વિદ્યાપીઠના ભંડારમાં વરસો સુધી પડી રહ્યા હતા. ભાષા માટેનો આવો આગ્રહ કેટલા પાળતા હશે?

૭. ગમે એટલું નાનું કામ કે માણસ એમને મન નાનુ નહોતું, ઉપેક્ષણીય નહોતું. પોતે સદાય દેશનાં મોટાં મોટાં કામોમાં રોકાયેલા રહેતા હતા, છતાં પોતાના નાનામાં નાના માણસની કે કામની એમણે કદી ઉપેક્ષા કરી નથી. તેઓ જ્યાં જતા ત્યાં કાર્યકરોને નામ દઈને બોલાવતા. એમના પત્રોમાં પણ કેટલાં બધાં નામો આવે છે! કેટલાક પત્રોમાં મેં પોણોસો જેટલાં નામો ગણ્યાં છે. એ બતાવે છે કે એમને માણસોમાં કેટલો ઊંડો અને સાચો રસ હતો. શ્રી વામન મુકાદમ અમને જેલમાં કહેતા કે ગાંધીજીએ જ્યારે દાંડીકૂચ શરૂ કરી ત્યારે મારી તબિયત સારી નહોતી. એ કૂચ દરમ્યાન ગાંધીજી કામમાં કેટલા ગળાબૂડ રહેતા હતા એ તો જાણીતું છે. રોજના નીમેલા માઈલ ચાલવાના, પ્રવચનો કરવાનાં, દેશભરમાંથી આવતા મુલાકાતીઓને મુલાકાત અને સલાહસૂચના આપવાની. આખી દુનિયાની આંખ તે વખતે એમની ઉપર અને એમની પ્રવૃત્તિ ઉપર મંડાયેલી હતી. દેશપરદેશનાં છાપાંના પ્રતિનિધિઓનો પણ રાફડો સાથે હતો. આ બધું છતાં એ પ્રવાસ દરમ્યાન એમણે પોતાને હાથે ત્રણવાર પત્રો લખી શ્રી વામન મુકાદમની તબિયતના સમાચાર પુછાવ્યા હતા. એ જ રીતે જવાહરલાલ ઉપર જેલમાંથી લખેલા એક પત્રમાં છેલ્લું વાક્ય 'ઈન્દુનું વજન?' એવું છે. વાઈસરૉયને જવાબ લખાવીને તરત જ બીજો પત્ર એઓ કોઈ દૂર પડેલા સાથીને મેથીની ભાજી ખાય કે મગ એ વિશે સલાહ આપતો પણ લખાવતા. ઘણી વાર વર્કિંગ કમિટીની સભામાંથી થોડી મિનિટ કાઢીને કોઈ દરદીને એનિમા આપવા ચાલ્યા જતા. શ્રી ચોખાવાલાનાં લગ્ન પણ એમણે એક મહત્ત્વની વિચારણાસભામાંથી જ વખત કાઢીને કરાવેલાં.

૮. ટૉલ્સ્ટૉયની એક વાર્તા છે : 'ત્રણ પ્રશ્નો'. તેમાં પ્રશ્નો એવા છે કે સૌથી મહત્ત્વની ક્ષણ કઈ? સૌથી મહત્ત્વનું કામ કયું? અને સૌથી મહત્ત્વનું માણસ કયું? જવાબ એ છે કે ચાલુ ક્ષણ એ જ સૌથી મહત્ત્વની, હાથમાં હોય એ જ કામ સૌથી મહત્વનું અને સામે હોય એ માણસ સૌથી મહત્ત્વનું.

ગાંધીજીએ પોતાના જીવનમાં સૌથી પહેલું જાહેર કામ કયું કર્યું ? દક્ષિણ આફ્રિકામાં ત્રણ ભારતીયો - એક હજામ, એક હાટડીવાળો અને એક કારકુન — ને અંગ્રેજી શીખવવાનું માથે લીધું એ એમનું પહેલું જાહેર કામ ગણાય અને તે પણ એ બૅરિસ્ટર નવરો તે પેલાઓને ઘેર જઈને શીખવે. દેશમાં પણ એમનું પહેલું જાહેર કામ રાજકોટમાં ઢેડવાડાની મુલાકાત અને જાજરૂસફાઈની શરૂઆતને ગણાવી શકાય. એઓ જ્યારે કલકત્તા કોંગ્રેસમાં ગયા ત્યારે તો દક્ષિણ આફ્રિકાના આગેવાન થઈ ચૂક્યા હતા, છતાં એમણે કોંગ્રેસની કચેરીમાં જઈને પૂછ્યું કે ''મારે લાયક કંઈ કામ હોય તો આપો. નકલ કરવી. પત્ર લખવા, જે હશે તે કરવા હું તૈયાર છું.' આપણે કોઈ મહત્ત્વની ક્ષણની, મહત્ત્વના કાર્યની અને મહત્ત્વના માણસની રાહ જોઈને બેસી રહીએ છીએ અને જીવન પૂરું થઈ જાય છે. ગાંધીજીએ જ્યારે જે કામ આવી પડયું ત્યારે ઉપાડી લીધું અને તેમાં પોતાનો સમગ્ર પ્રાણ રેડયો.

૯. હવે હું એમના બીજા એક ગુણનો ઉલ્લેખ કરીશ. એઓ પોતે ખૂબ સ્વમાની હતા, તેમ છતાં એમણે જાહેર

જીવનમાં પોતાના સ્વમાનને કદી લોકહિતની આડે આવવા દીધું નથી. ત્યાં એમણે પોતાને શૂન્ય બનાવી દીધા હતા. ગોળમેજી પરિષદ પહેલાં સરકાર સાથે સંધિ થઈ હતી, પણ વાઈસરૉય બદલાયા હતા. સંધિના પાલનની કોઈક બાબત વિશે એમણે વાઇસરૉય સાથે મુલાકાત માગી હતી. વાઈસરૉય દાદ દેતા નહોતા. તેના જવાબની રાહ જોવાતી હતી. ગાંધીજી એ વખતે વિદ્યાપીઠમાં રહેતા હતા. હું મારી ઓરડીમાં સૂતો હતો, બહાર ઓશરીમાં ગાંધીજી સૂતા હતા. મળસકે હું જાગી ગયો. મહાદેવભાઈ ગાંધીજીને કહેતા હતા, 'બાપુ, વાઈસરૉયનો તાર આવ્યો છે.' "શું લખે છે?' લખે છે, મુલાકાતથી કંઈ અર્થ સરે એમ હું માનતો નથી, છતાં તમારે આવવું હોય તો આવો." "તો કરો તૈયારી." મહાદેવભાઈ કહે, પણ આ તો આવું લખે છે ને?" ગાંધીજી કહે, "એ તો એમ જ લખે. જનરલ સ્મટ્સે પણ મને એવો જ જવાબ આપ્યો હતો.' લોકહિત સધાતું હોય તો પોતાના માન-અપમાનનો વિચાર એઓ કદી કરતા નહોતા. શ્રી ઝીણાને ચૌદ ચૌદ વાર મળવા જવા પાછળ પણ આ જ દૃષ્ટિ હતી.

૧૦. એમનો બીજો એક નિયમ એવો હતો કે જેની વિરુદ્ધ ફરિયાદ હોય તેને તે બતાવવી. એમણે ૧૯૦૪થી ઠેઠ સુધી છાપાં ચલાવ્યા છે. એમાં પણ એમણે બીજા પક્ષને સાંભળ્યા વગર કશું એકપક્ષી છાપ્યું નથી. વ્યવહારમાં પણ એ જ રીતે વર્તતા. અમે ગુજરાત વિદ્યાપીઠમાં ભણતા હતા. કેટલાંક કારણોસર વિદ્યાર્થીઓમાં આચાર્યશ્રી કૃપાલાનીજી વિરુદ્ધ રોષ જાગ્યો હતો. ગાંધીજી દક્ષિણના લાંબા પ્રવાસેથી પાછા ફર્યા હતા. અમે કેટલાક વિદ્યાર્થીઓ એમને મળવા ગયા. એમણે અમને શાંતિથી સાંભળ્યા. પછી કહે, 'તમે મને તો બધું કહ્યું, પણ એ બસ નથી. જુઓ, હું કૃપાલાનીજીને બોલાવું છું. અને સાંજે તમારે એમની સામે આ બધું ફરી કહેવું પડશે." અમે રજા લીધી.

૧૧. એમના જીવનનું ધ્યેય ઈશ્વરનો સાક્ષાત્કાર કરવાનું હતું. એ માનવબંધુઓની સેવા મારફતે જ બની શકે એવી એમની દૃઢ માન્યતા હતી, એટલે માનવસેવા એ જ એમની પ્રભુસેવા હતી. આથી માનવપ્રેમ એમના જીવનના પાયામાં હતો. આથી ગાંધીજીની વિચારણામાં માનવ કેન્દ્રમાં હતો. न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित् मानुषत् श्रेष्ठत दिविन्वित् એ વાક્ય એમના જીવનમાં ચરિતાર્થ થયું હતું. કોઈ માની લીધેલા સિદ્ધાંત કરતાં માનવની સેવાને જ એઓ પ્રાધાન્ય આપતા. સંતતિનિયમનનાં સાધનોનો એમનો વિરોધ ખૂબ જાણીતો છે. એ વિશે પુષ્કળ માથાઝીક કર્યા છતાં શ્રીમતી સેંગર એમની સંમતિ મેળવી શક્યાં નહોતાં. તેમ છતાં "મહાદેવભાઈની ડાયરી'ના પહેલા ભાગ ઉપરથી આપણે જાણીએ છીએ કે અમુક માણસની બાબતમાં એમણે વંધ્યીકરણ અને ગર્ભનિરોધનાં સાધનોનો ઉપયોગ પણ હિતકર અને કરવા જેવો માન્યો હતો. પોતે ચાકૉફી પીતા નહોતા, છતાં થાકેલા મહાદેવભાઈ માટે ચા કે માંદા રાઘવન માટે કૉફી જાતે બનાવતા એમને આપણે જોઈએ છીએ. એટલું જ નહિ, પોતે માંસાહારના વિરોધી હતા, માણસ માટે એ આવશ્યક કે યોગ્ય નથી એમ માનતા હતા, છતાં અબ્દુલ ગફારખાનનાં બાળકો માટે આશ્રમમાં આમિષ વાનીઓ તૈયાર કરાવવા એ તૈયાર થયા હતા. સિદ્ધાંતજડતા એમનામાં નહોતી. અહીં મને અમેરિકન પાદરી ડૉ. મૉટે સાથેની ગાંધીજીની વાતચીત યાદ આવે છે. એ પાદરીએ ગાંધીજીને પૂછયું હતું કે 'તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ હોય છે કે માનવ પ્રત્યેનો પ્રેમ હોય છે?' ત્યારે ગાંધીજીએ કહ્યું હતું કે "મારી સેવા પાછળ માનવ પ્રત્યેનો પ્રેમ જ હોય છે. જો હું માનવની સેવા ન કરી શકું તો કેવળ સિદ્ધાંત પ્રત્યનો પ્રેમ તો નિષ્પ્રાણ છે. અહીં અપ્રસ્તુત હોવા છતાં ડૉ. મૉટે પૂછેલા બીજા બે પ્રશ્નોનો પણ અહીં ઉલ્લેખ કરવાનું મને મન થાય છે. એક સવાલ તેમણે એવો પૂછયો હતો કે 'તમારા કાર્યમાં તમને મોટામાં મોટી મુશ્કેલી કઈ નડી?' ત્યારે ગાંધીજીએ કહ્યું, 'ભણેલાઓની નઠોરતા." ડૉ. મૉટે પૂછયું. "પ્રતિકૂળમાં પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તમને શામાંથી બળ મળે છે? ત્યારે ગાંધીજીએ જવાબ આપ્યો, 'ગ્રામજનોની શ્રદ્ધામાંથી'. એ માનવપ્રેમ જ એમને માનવો પ્રત્યે અમુક જ રીતે વર્તવાને પ્રેરતો હતો. રોજિંદા જીવનની આ ઝીણી ઝીણી બાબતો પણ આપણે સંભાળી શકીએ તો એમનું સ્મરણ સાર્થક થાય.

(સત્ય-અહિંસા-અપરિગ્રહ પ્રબુદ્ધ જીવનઃ ગાંધી સાર્ધ શતાબ્દી
વિશેષાંક-ઓક્ટોબર ૨૦૧૮માંથી સાભાર)

||હાસ્ય નિબંધ ||

## મર્ય આ ચા

**હરીશ મહુવાકર**

બધાની વાતોમાં હું આવી ગયોઃ શિયાળાની સવારે ચાલવા જવું જોઈએ એવી મારી આદતો વૈષ્ણવજન જેવી. ન્હાયા સિવાય કશું ગળે ઊતરે નહિ અને ન્હાવા જાવ એટલે એ પૂર્વેની બધી ક્રિયા તો પૂરી કરવી જ પડે. આપણે બધા એવું માનીએ છીએ કે સૂર્યનારાયણના દર્શન થાય એટલે દિ' ઊગ્યો કહેવાય. હું આ વાતે સંમત નથી. ઘણા કારણો છે એ પૈકીનું એક : ચા પીધા પછી જ દિ' ઊગે છે. પૂછો મારી સિવાય બીજાને પણ. વળી ધુમ્મસ હોય, વાદળા હોય, ઊંચી પહાડી પાછળ સંતાયેલો હોય તો કહો એ દેવતા ભળાય જ નહિ તો આપણે માની લઈએ છીએ કે દિ' ઊગ્યો નથી ?

એ કડકડતી ઠંડીના દિવસો. સામાન્યતઃ અઢાર-વીસ ડીગ્રી સરેરાશ તાપમાન રહે અમારા ભાવનગરમાં પણ આ વખતે પારો શેરબજારની જેમ ગગડી ગયો ને તળિયે જઈ બેઠો સાત-આઠ ડીગ્રીના તાપમાને. દિવસ આખાની હડિયાપાટુંના અંતે અપ્સરા, રંભા, મેનકાઓના ધામમાં કોઈની શરમ વગર ફરતા હોઈએ ત્યાં એલાર્મ વિક્ષેપ કરે. સાડા ચાર થયા ભાઈ, ચલ ઊઠ, ચાલવા જા. નિશ્ચય કર્યા પછી હટાય નહિ એ ન્યાયે ફડાક ઊભા ને આપણે તો નાહી ને તૈયાર થઈને નીકળવા તૈયાર પણ એમ કંઇ તાજગી મેળવ્યા વગર થોડું બહાર નીકળાય ! બહાર તાજગી મેળવવા જવાનું કે તાજગી મેળવીને બહાર જવાનું એ બેની વચ્ચે મન ગૂંચવાઈ ગયું ઘણીય વાર સુધી. નિવેડો લાવતા ચા પીને હું નીકળ્યો.

પાપની સજા ભોગવવા જેલ જરૂરી નહિ. રસ્તા પર નીકળ્યો તો કાચા કામના કેદીઓ, ઢળી રહેલી સવારના અંધેરામાં સૂમસામ રાહોમાં આમતેમ ભટકતા ભળાયા. જેલનો વિસ્તાર મર્યાદિત, જેલની બહારની જેલ અમર્યાદિત વિસ્તારમાં. આ બધા પોતાની ભૂલો સુધારવા મારી જેમ ઘરની બહાર નીકળી આવ્યા હતા. રામ જાણે ક્યા પાપ કર્યા હશે! મને મારો વિચાર આવ્યો. ક્યા પાપે? દુઃખ થઇ આવ્યું. તુરત નિવારણ સૂઝયું. ચાની લારી ભળાઇ. કેટલો પુણ્ય કમાતો હશે આ લારીવાળો ! મારા જેવા અનેકાનેક પાપીઓનું સવાર સવારમાં પાપનું હરણ કરવું એ કંઇ જેવી તેવી બાબત છે ! બે-ત્રણ કપ ચા ટટકાડી. બાહુબળ, ચરણ બળ, મનોબળ કેળવી, પ્રાપ્ત કરી, હાંસલ કરી, અંકે કરી ચાર-પાંચ કી.મી.ની 'યાત્રા' કરી. પાછો ફર્યો ત્યારે પરિવાર ઝંપેલો જ હતો.

નાક હોય એની આપણને શરદી થાય ત્યારે ખબર પડે. અલબત્ત ઘણા પ્રસંગોમાં આપણને એની આવશ્યકતા હોય છે. ઘણાને માલૂમ નથી હોતું કે નાક જેવું કંઈક હોય. પણ મારે હતું. ને વળી નાકને ટેકો આપવા ગળું તૈયાર થઇ ગયું હતું. નાક અને ગળાની શરદીચૂડથી બચવા મહાભગીરથ અભિયાન ઉપાડયું. પાંચ મિનિટમાં ખતમ. મોટો એક મગ ભરી ચાને પેટમાં 'ઠાલવી' તંયે જરાક સરખું લાગ્યું. પરિવાર ઊભો થાય તેની રાહ જોવા લાગ્યો. વળી બધાના સાથે બે કપ ચા ટટકાડી ત્યારે સવિતાદાદા સામે આવ્યા. ભાડમાં જાય શિયાળાની સવારનું ચાલવું.

રવિવાર એટલે જિંદગી. જિંદગી એટલે સુખદુઃખનો સરવાળો. સુખ એટલે ચા પીવી ને દુઃખ એટલે વહેલી સવારના ઊભું થવું. આ બે ભેગું રવિવારે થઇ જાય. સાંજે નક્કી કર્યું હોય ગાંઠિયા ખાવાનું. હવે સાવ વહેલા તો કોઈ ગાંઠિયા આપે નહિ. તૈયાર થઈને બેસીએ અને ચા સિવાય સમય જાય નહિ. ચા પીધા વગર ગાંઠિયા લેવા જવાની હિંમત થાય નહિ. શ્રીમતીજીને જગાડીએ. 'હમણા ઊઠું છું' કહી આપણને વળાવે. બાણ વગરનો અર્જુન દુશ્મન સામે લાચારી અનુભવતો હોય તેવું આપણને લાગે. પ્રેમિકાની રાહના દિવસોની યાદ અપાવડાવે. પાંચ મિનિટના વિરામ બાદ પુનઃ એમને જગાડીએ. એ ઘસઘસાટ ઊંધી ગયેલા ભળાય. વળી કહે : 'તમે જાવ હું ઊતરું છું.' વળી કાબેથી અર્જુન લૂંટાયો હોય તેવી સ્થિતિ ભળાય. બ્રહ્માંડ સ્થિર થઇ ગયેલું લાગે અને એ આપણને કેવી રીતે પાલવે ? બ્રહ્માંડને ચલાવવા પુનઃ દાદરા ચડી બેડરૂમમાં જઈએ ત્યારે સત્યનું દર્શન થાય. શ્રીમતીજી સૂતા જ હોય. એ ગુસ્સે થવાની તૈયારીમાં હોય એવું લાગે. એમનો ટોન એ કહી દે, 'હા, પણ તમે ઘડીક વાર રાહ નહિ જોઈ શકો?' હવે આપણને મન તો હોય કહી દઈએ કે આમ રાહ જોવામાં અડધી કલાક ગઈ. પણ કજિયાનું મોં કાળું એ ન્યાય સમજમાં હોય એટલે તીર મારતા અડધું તીર ભાંગી પડે દુશ્મનની છાતી પર ને અડધું બાકી રહી ગયેલું તીર જે રીતે નીચે પડે ને તીરની ને અર્જુનની જે હાલત થાય એવી હાલત આપણી પણ થાય. મર્ય આ ચા. કેવી હાલત કરાવી નાખે! આખરે બીજી અડધી કલાકના અંતે એક કપ ચા મળે ને પછી ગાંઠિયા લેવા જઉં. ગાંઠિયા અને ચાની લિજ્જત લેવા સારું ! એક વખતે બસમાં મુસાફરી કરતો હતો ત્યારે ચાની લિજ્જત લેવા સારું ઉતર્યો

ને ચા પીને આવ્યો ત્યાં 'ઈજ્જત' જતી રહેલી. બે કલાકે બીજી બસ મળી ત્યાં લગીમાં વળી ઈજ્જતને બચાવવા બે વખત લિજ્જત લેવી પડી હતી!

રંભા, અપ્સરા કરતા મને ચા વધારે વહાલી લાગી છે. પ્રિયતમ કરતા ચડિયાતી પુરવાર થઇ છે. ઈનામ, અકરામ, પ્રસિદ્ધિ કરતા વધુ પ્રિય લાગી છે. વનવિહાર, ઉદ્યાનવિહાર, તટવિહાર કરતાંય વધારે કમનીય લાગી છે. એટલે ચા આવતા, ચાના વિચાર આવતા 'જીભ કૈસી લપલપાઈ?'જેવું થઇ જાય.ચા સબંધો સજાવે એ ખરું પણ ચા વગર સંબંધો બગડે એવું સમજાવવાની વાત એક બાજુ રહી જાય. ચા પીએ તો ભલે કોઈ આપણને 'વાહ, ઉસ્તાદ!' ન કહે પણ સ્વયં સમજી જવું કે ચા મળી છે એટલે આપણે દિ'ને ઢીબવામાં 'ઉસ્તાદ' જ થઇ જવાના ! વળી દિ'ને પીટવામાં એની સામે ઝીંક જીલવામાં સારી ચા મળે એ ન્યાયે હું વાઘ બકરી ચા પસંદ કરું છું. ચા પીતી વખતે ચાની એ બ્રાંડનું નામ મનમાં રમતું જ હોય છે પણ સામે શ્રીમતીજી બેઠા હોય એટલે એ બ્રાન્ડના કયું પ્રાણી આપણે છીએ તે સમજવું, કળવું આકરું થઇ જાય. ભલે પીવામાં વાઘ સાબિત થઈએ પણ ચા સારી નથી બની એમ કહેવા કરતા, વાઘ સાથેના અન્ય પ્રાણીની સ્થિતિનો આપણે વિચાર કરતા, કંઇ પણ કહેવાનું માંડી વાળવું પડે. વાઘ બકરી ચા પીઇ પીઈને હું બની ગયો છું હવે.... જવા ઘો યાર.... બંધ મૂઠ્ઠી લાખની.

ચાની મજા વાતાવરણને અનુરૂપ હોય ને વ્યક્તિઓને અનુરૂપ પણ. નૈનીતાલની પહાડીઓમાં હો ને આહલાદ્ક માહોલ હોય. કલાકે'કનું જોશ ભરનારું ટ્રેકિંગ કરી ચાઈના વ્યુ પોઈન્ટ આવી પહોંચો ત્યારે ત્યાંથી દેખાતું નૈનીતાલનું દ્રશ્ય દિમાગમાં પરમેનન્ટ માર્ક મૂકી જાય તેમાં કોઈને નવાઈ ન લાગે પરંતુ ત્યાં પહોંચ્યા પછી ચાની તલપ લાગે. આવા માહોલમાં એક ચાય મળી જાય તો વૈતરણી તર્યા સમાન અનુભવ થાય. જ્યાં ચાહ ત્યાં રાહ એમ જ્યાં ચા ત્યાં વાહ ! લો મળી ગઈ. ગરમાગરમ ભજિયા ને ગરમાગરમ ચા આટલી ઊંચાઈએ મળી ગઈ અને જે સ્વાદ માણ્યો છે ને એવું લાગેલું કે સ્વયં પ્રભુએ મનભાવન થાળી આપણને એમના મહેલમાં બોલાવીને ધરી.

વળી આવા ટાણે એક કપ ન ચાલે. આજકાલ તો વસ્ત્રોની તંગી છે તે બિચ્ચારી બોલીવુડની હિરોઈન કેટલી ગરીબાઈમાં કામ કરે ! કડકડતી ઠંડીમાંય બિચ્ચારી વસ્ત્રો નહીંવત હોય તોય કંઇ ફરિયાદ ન કરે ને દર્શકોય સહાનુભૂતિવાળા. એથી એમને પ્રોત્સાહન આપવા સારું એમની ફિલ્મોને રૂપાળો આવકાર આપે. પણ ચામાં આવું કેમ ચલાવવું ? વર્ષાબેન અડાલજા એમના પુસ્તક 'શરણાગત'માં કહે છે : 'સાવ અંગૂઠા જેવી પ્યાલીમાં અમે બે ઘૂંટડા ચા પીધી.' એટલે હું કહીશ કે ચા પીધી નહિ પણ ચા ચાખી. આવી રીતે કોઈ ચા પીવડાવે ત્યારે હૃદય ભગવાન બુદ્ધની કરુણા સિવાય કશું ન પામે !

મહુવા હતો ત્યારે કોલેજ પૂરી કરીને સાંજના ભાઈબંધની દુકાને આપણે આપણી 'સેવા'નો લાભ આપતા. હકથી ચા પીવાની. ચા પીવી તે આપણો એક અબાધિત અધિકાર છે પરંતુ હકથી ચા મંગાવીને પીવી તે મિત્રાધિત અધિકાર હું સ્વયં મેળવી લેતો. પણ મારો ભાઈબંધ નાનકડા કપની ચાના પણ બે ભાગ કરે ત્યારે મગજ ઉશ્કેરાય જાય. 'એલા તું આખો દિ ઢીચ્યા કરે તો ચાલે પણ મને તો આખો કપ પીવા દે.'

અમારે ગામડે ગામમાં જઈએ ત્યારે કપ ના મળે. રકાબી-એટલે 'રપેકી'માં ચા ઠાલવે. ગ્રામ્યપ્રજા બિચ્ચારી તંગીમાં જ જીવી હોય બોલીવુડની હિરોઈનની જેમ. એથી સ્હેજ ચા રકાબીમાં આવે એટલે કહેવા માંડે 'બસ-બસ' અને યજમાન પણ એવા જ દિલવાળા. સ્હેજમાં ઘણું સમજે. મારા મિત્રને ઘરે એક ટાણે અમને રપેકી ધરીને ચા આપવા લાગ્યો. મેં કઈ 'બસ-બસ' કહ્યું નહિ. એ અટક્યો ને મારી સામે જુએ. એમ જોવાથી શો ફાયદો ? મેંય એની સામે જોયું. એ મલક્યો. દિલની લાચારી ચહેરા પર હંમેશા ફરી વળે તે બિચ્ચારો એ સમજી ગયો ને રપેકી આખી ભરી દીધી ત્યારે હું મલક્યો.

અમે કોલેજમાં અનુસ્નાતક શિક્ષણ મેળવતા. અમારા મેડમ કંઇ સમયને સમજે નહિ. એમની પછી આવનાર સાહેબ પણ પૂર્વસૂરીનું પાલન કરે. ચોરીની કેવી મજા આવે એ અમે અહીં શીખી લીધું. તે બે કલાકના ત્રાસરૂપી તાસ ભરીને બ્રેક આપે ત્યારે પાંજરે પૂરાયેલા ઢોરને કોઈ છૂટ મૂકી દે ને જે રાહત અનુભવે તેવું અમે અનુભવતા ને ચા પીવા ધસી જતા. ટોળું આખું ચા પીઈ, ગાંઠિયા ખાઈ પાંચ મિનિટના બ્રેકને અર્ધા કલાકનો કરી 'વર્ગ એ સ્વર્ગ' એવી ખોટી કલ્પનાનો પરચો મેળવવા પરત થતા ત્યારે ઠપકો અમારી રાહ જોતો હોય. એવે ટાણે અમારો એકમાત્ર ટૂંકો જવાબ હોય, 'ચા પીવા ગયા હતા.' 'પણ આટલી વાર?' 'અહીં લારી બંધ હતી મેડમ એટલે થોડેક આઘે ગ્યા'તા.' આમ, ચા સામર્થ્ય આપનારું પીણું બની રહે છે.

ચા આ મહામૂલો વારસો છે આપણી સંસ્કૃતિનો. ચા ક્યારે પીવડાવો છો? એમ કોઈ પૂછે તો વાચ્યાર્થ ન

માનવો. અને ખાલી 'ચા' પણ પીવડાવવાની નથી હોતી. ગ્રામ્યકક્ષાએ એ ખરેખર સંબંધો સજાવવાનું કામ કરે છે. મારા અનેક ભાઈબંધોની મેં એવી રીતની ચા પીધી પણ મેં એમને આવી ચા ન પીવડાવી તે માળા બેટા મારી ઉપર દાઝ રાખીને મોટી પાર્ટી જ લઇ ગયા હતા નસીમને પરણ્યોને એવે વખતે. આવડા આવા મારા ભાઈબંધોનું સમોવડિયું મારું ગામ છે. તે લોક છાશવારે ભાવનગર પૂગી જાય ને ઊતરે મારા ઘરે. એ ટાણું ગોતીને જ આવે. ગામનું તો કૂતરુંય વ્હાલું લાગે (હવે આના કોઈ ભળતા અર્થ કાઢતા નહિ) તે વળી અમે પણ સાચવી લઈને જમાડી દઈએ ને માથે આઇસક્રીમ પણ ખવડાવી દઈએ. પણ ભાદ્રોડ પહોંચે ત્યારે બીજા પાસે બળાપો કાઢે. 'માળો હાળો આ માસ્તર બહુ મોટો માણસ થઇ ગ્યો હો.' સામેવાળો પૂછે, 'કાં?' જવાબ આપે 'કાં એટલે? બોલો એને ન્યા અમે ગ્યા'તા તો ચાનુંય નો પૂછ્યું. ચામાંથીય ગ્યો.'

ખેર, ચા, બીડી, મજૂરી અને એક ખુમારીવાળું વ્યક્તિત્વ સામે આવે તે મારા બાપા. આના ઉપર જિંદગી ગઈ એમની. ઘરે કોઈ બી આવે. કોઈ બી એટલે મારું ઘર એવું કે કોઈ પણ અજાણી વ્યક્તિ ઘર ગોતી ગોતીનેય આવે. સાધુ કે સંત, સગો કે વ્હાલો, પડોશી કે ગામનો ખેડુ, સાથી કામદાર કે ગામનો ભૂવો કે બાબર. મા એકધારી રસોડે ચા ઉકાળતી જ ભળાય. ચા વિનાનું કોઈ જાય નહિ. બાપાની આ દિલેરી મારામાં ઊતરી શકી નથી. એથી કોઈ વખતે આ ચા એક આહ પણ આપી જાય છે એ નોખી વાત છે ને વળી આવો કોઈ ખાલીપો ક્યારેક મારી આસપાસ સર્જાય ત્યારે વળી હું ચાના માર્ગે જ વળાંક લઉં અનોખી વાત છે.

('અમે', ૩/A, ૧૯૨૯, નંદાલય હવેલી પાસે, સરદારનગર,
ભાવનગર ૩૬૪૦૦૨ મોબાઈલઃ ૯૪૨૬ ૨૨ ૩૫ ૨૨
ઈમેઈલઃ harishmahuvakar@gmail.com)

*

**॥ વિદ્યાવૃત્ત ॥**

**ન્યુ વિદ્યાનગર, એરીબાસમાં સાઈંટિફિક દિન-૨૦૧૮ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત, એરીબાસ કોલેજ અને કોમ્યુનિટી સાયન્સ સેંટર (સરદાર પટેલ યુનિવર્સિટી) ના સંયુક્ત ઉપક્રમે સાયન્સને પ્રોત્સાહન આપવાના હેતુને ધ્યાનમાં રાખીને સાયન્સ ક્ષેત્રે અભ્યાસ કરતાં એવાં ધોરણ ૧૧, ૧૨ તેમજ કોલેજમાં ભણતાં વિદ્યાર્થીઓ માટે ચારુતર વિદ્યામંડળ સંચાલિત અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઈંટરીગ્રેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એલાઇડ સાયન્સ, એરીબાસમાં તારીખ ૧૮/૧૨/૨૦૧૮ ના રોજ સાઈંટિફિક દિન-૨૦૧૮ યોજાયો હતો. મુખ્ય મહેમાન તરીકે આણંદ કૃષિ યુનિવર્સિટી, કૃષિ હવામાનશાસ્ત્ર વિભાગના અધ્યાપક ડૉ વિદ્યાધર વૈદ્ય હાજર રહીને વિદ્યાર્થીઓને સાયન્સની ઊજળી તકો અને અભ્યાસલક્ષી માહિતી પૂરી પાડીને આજનાં સાઈંટિફિક દિનની શુભેચ્છા આપી હતી. એરીબાસના ઈન-ચાર્જ હેડ, ડૉ. ભક્તિ બાજપાઈ મેડમે પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું હતું કે સાયન્સને ફન વીથ એજ્યુકેશન મેળવીને ભણતર પ્રાપ્ત કરવું જોઈએ. સાઈંટિફિક દિનમાં સાયન્સ ક્ષેત્રે અભ્યાસ કરતાં એવાં ૧૭૨ વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક લાભ લઈને સાયન્સને અલગ અલગ રીતે રજૂ કરતાં એવાં પોસ્ટર પ્રેઝેંટેશનથી, ડીબેટથી, ઓરલથી, પોસ્ટર મેકિંગથી અને સાયન્સ ક્વિઝ એવાં અલગ અલગ પ્રોગ્રામથી સાયન્સ અને તેના સુસંગત વિષયો અને તેમાં થતાં સંશોધનની માહિતી પ્રોગ્રામમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓને પૂરી પાડી હતી. સાયન્સને સમજ આપતાં એવાં પોસ્ટર જેવાં કે, ડેવેલોપમેંટ એમપાવરિંગ રૂરલ એરીયા, વેજીટેબલ ઓઈલ ફ્યુલ, સ્મોકીંગ ડીસીસ, એચઆઈવી-એઇડ્સ અવેરનેસ, બાયોફ્રુએલ્સ, ઈન્ડિયા મેજર હેલ્થ ચેલ્લેંજીસ ઓફ ઇન્ડિયા, કેન્સર રોબોટ, એડવાંસ બાયોફ્યુલ, અંડર ડેવલપમેંટ ચાઇલ્ડ બર્થ, કોમ્યુનિકેબલ ડિસીસ, સાયન્સ ઇન એમપાવરિંગ રૂરલ ઈન્ડિયા, કોનકુએરિંગ અ મ્યમોથ પ્રોબ્લેમ ઓફ ઇન્ડિયા બાય અ મિલ્લેનિયમ મીક્રોબે જેવાં પોસ્ટર પ્રેઝેંટેશનથી માહિતી રજૂ કરવામાં આવી હતી. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન કન્વિનર ડૉ. શિલ્પા ગુપ્તે અને તેમની ટીમના સભ્યો ડૉ. સંદીપ ચોવટીયા, ડૉ. સુનિલ ખ્રિસ્તી, ડૉ. આરિફ ખાન, ડૉ.અનુરુભ મિશ્રા, ડૉ. દિપીકા પટેલ, શ્રી સ્નેહલ ઈંગ્લે, નિશા દક્ષિણી વગેરેના સહયોગ સાથે, તેમજ ડૉ ભક્તિ બાજપાઈ તેમજ ડૉ દિગ્વિજયસિંહ રાણાએ પોસ્ટર પ્રેઝેંટેશન અંગેના રિવ્યૂ, ચર્ચા-પરામર્શ અને ભાગ લીધેલાં વિદ્યાર્થીઓને મૂંઝવતા પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું અને પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

॥ અભ્યાસ ॥

## રાષ્ટ્રીય એકીકરણ

**પી.ડી.શર્મા**

આજે દેશ સામે કેટલાક પડકારજનક પ્રશ્નો છે એમાં 'રાષ્ટ્રીય એકીકરણ' એક અગત્યનો પ્રશ્ન છે. કોઈપણ દેશની પ્રગતિ, શાંતિ અને સલામતી માટે 'રાષ્ટ્રીય એકીકરણ'ની ભાવના પાયાની બાબત છે. આપણા દેશમાં જાતિ, જ્ઞાતિ, ધર્મ, સંપ્રદાય, પંથ, પ્રદેશ, જૂથ, ભાષા, રીતરિવાજ, પહેરવેશ વગેરેનું અપાર વૈવિધ્ય છે, પણ એની ભીતરમાં 'રાષ્ટ્રીય ઐક્ય'નો પ્રબળ આત્મા પ્રજ્જવલિત છે. એટલા માટે જ વિશ્વમાં ભારત 'વિવિધતામાં એકતા' 'Unity in Diversity' માટે પ્રખ્યાત છે.

૧૯૪૭માં દેશ આઝાદ થયો ત્યારથી જ સરકાર દ્વારા 'રાષ્ટ્રીય એકીકરણ' ના પ્રયત્નો શરૂ થઈ ગયા હતા અને ભારતના પ્રથમ ગૃહમંત્રી લોખંડી પુરુષ સરદાર પટેલના સફળ નેતૃત્વ હેઠળ ભારતમાં ૫૬૨ દેશી રજવાડાઓનું વિલીનીકરણ શક્ય બન્યું હતું. આઝાદી પછીથી આજ સુધી ભારતમાં જેટલા પણ શિક્ષણ કમિશનો નિમાયા છે જેવાકે ડૉ. રાધાકૃષ્ણન કમિશન, કોઠારી કમિશન, સેન્ટ્રલ એડવાઈઝરી બોર્ડ ઓફ એજ્યુકેશન, ૧૯૮૬ની નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન વગેરેએ એક મતે દેશના વિદ્યાર્થીઓમાં 'રાષ્ટ્રીય એકીકરણ'ની ભાવના જાગૃત કરવા માટેની ભલામણ કરી હતી. એટલા માટે જ આજે સમગ્ર દેશમાં ૧૯ નવેમ્બરના રોજ 'રાષ્ટ્રીય એકીકરણ' દિવસ ઉજવાય છે. એવી જ રીતે ૧૯ થી ૨૫ નવેમ્બર દરમ્યાન 'કોમી એકતા' સપ્તાહ, ૨૦ નવેમ્બરના રોજ 'સદ્‌ભાવના દિવસ' અને ૨ ઓક્ટોબરના રોજ 'કોમી એકતા દિવસ' ઉજવાય છે. એટલું જ નહિં પણ વિશ્વમાં વધતા જતા આતંકવાદને ધ્યાનમાં રાખીને અત્યારે તો સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UNO)ની ભલામણથી સમગ્ર વિશ્વમાં ગાંધીજીના જન્મદિન ૨ ઓક્ટોબરને 'આંતરરાષ્ટ્રીય અહિંસા દિવસ' (Inter national Non-violance day) તરીકે પણ ઉજવાય છે.

**રાષ્ટ્રીય એકીકરણમાં આવતા અવરોધો**

ભારત એક વિકાસશીલ દેશ છે અને દેશની પ્રગતિ, શાંતિ અને સલામતી માટે 'રાષ્ટ્રીય એકીકરણ' અત્યંત આવસ્યક છે. પરંતુ દેશમાં રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં કેટલાંક અવરોધો છે જેની ટૂંકમાં ચર્ચા નીચે કરવામાં આવી છે.

**(૧) ધર્મ**

ભારત 'ધર્મ નિરપેક્ષ' રાષ્ટ્ર છે અને સર્વ ધર્મ સમભાવની ભાવનાથી સમગ્ર દેશનો વહીવટ થાય છે. દરેક ધર્મ માનવ સમાજને જોડવા માટે હોય છે અને તેથી જ દરેક ધર્મના મૂળભૂત સિદ્ધાંતો (Basic Principles) એક સમાન હોય છે. પરંતુ કેટલીકવાર રાજકારણીઓ અને અસામાજિક તત્ત્વો પોતાના સ્વાર્થ માટે ધર્મના નામે સામાન્ય જનતાની ભાવનાઓને ઉશ્કેરે છે. અને આ રીતે દેશમાં રાષ્ટ્રીય એકીકરણ લાવવામાં મોટો અવરોધ ઊભો કરે છે. આજે દેશના દરેક નાગરિકમાં સર્વધર્મ સમભાવની ભાવના જાગૃત થાય તે અતિ આવશ્યક છે. ભારતમાં દરેક વ્યક્તિને કોઈ પણ ધર્મને પાળવાની છૂટ છે. પરંતુ સાથે સાથે દરેક ધર્મને માનસન્માન આપે તે પણ એટલું જ જરૂરી છે.

**૨. ભાષાઃ-**

દરેક દેશની એક 'રાષ્ટ્રભાષા' હોય છે. અને તે પ્રમાણે જ ભારતના બંધારણ પ્રમાણે 'હિન્દી'ને રાષ્ટ્રભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. પરંતુ આઝાદીના ૭૧ વર્ષ પછી પણ દક્ષિણ ભારતમાં હિન્દીને સાચા અર્થમાં 'રાષ્ટ્રીય ભાષા' તરીકે સ્થાન અપાયું નથી. ભાષાનો ઉદ્દેશ્ય વિચારોની આપ-લે માટે હોય છે અને તેથી જ આજે ભારતમાં જેટલી માન્ય ભાષાઓ છે. દરેક રાજ્યનો વહીવટ સરળતાથી થઈ શકે તે દૃષ્ટિએ જ ૧૯૫૬માં ભાષા પ્રમાણે રાજ્યોની વહેંચણી કરવામાં આવી હતી. પરંતુ આજે તો કેટલાક સ્વાર્થી રાજકારણીઓ ભાષાના નામે પણ સામાન્ય જનતામાં ઝઘડાઓ કરાવતા હોય છે અને આ રીતે 'રાષ્ટ્રીય એકીકરણ'માં અવરોધો ઊભા કરે છે.

**૩. ગરીબીઃ**

આઝાદીના ૭૧ વર્ષ પછી પણ દેશની ત્રીજા ભાગની વસતી ગરીબાઈની રેખા નીચે જીવે છે. જે વ્યક્તિને બે વખતની રોટી ન મળતી હોય તેની પાસેથી રાષ્ટ્રીય એકીકરણની આશા રાખવી નકામી છે. આજે ભારતમાં જે ઘણા અપરાધો થાય છે તેનાં ઘણા કારણોમાંથી એક મુખ્ય કારણ ગરીબી છે 'રાષ્ટ્રીય એકીકરણ' માટે આવશ્યક છે કે અમીર અને ગરીબ વચ્ચેની દૂરી ઓછી થાય. પરંતુ તે માટે સરકાર તરફથી તેમજ સમાજ તરફથી સાચા અર્થોમાં પ્રયત્ન થાય તે અત્યંત આવશ્યક છે. કોઈ જન્મથી અપરાધી નથી હોતો પરંતુ કેટલીક વાર ગરીબાઈને કારણે વ્યક્તિ અપરાધી બને છે.

**૪. બેરોજગારીઃ**

આજે દેશ સામે રોજગારીની સમસ્યા એટલી વિકટ સમસ્યા બની ગઈ છે કે વ્યક્તિ રાષ્ટ્રીય એકતા અથવા રાષ્ટ્રીય હિતોની અવગણના કરીને પણ અમુક કામ કરવા માટે મજબૂર બને છે. દા.ત. કાશ્મીરમાં આતંકવાદ માટે જે કારણો છે તેમાંથી મુખ્ય એક કારણ બેરોજગારી છે. આજે બેરોજગાર વ્યક્તિ કંટાળીને કોઈ પણ વસ્તુ કરવા માટે તૈયાર થઈ જાય છે. રાષ્ટ્રીય એકીકરણ માટે આવશ્યક છે કે રોજગારીની સમસ્યા દૂર થાય. એના માટે સરકારે તેમજ ખાનગી સંસ્થાઓએ ભરપૂર પ્રયત્નો કરવા જોઈએ એના માટે શિક્ષણ પ્રણાલીમાં પણ જરૂરી ફેરફારો કરવા જોઈએ. દા.ત. ફક્ત શૈક્ષણિક અભ્યાસક્રમોની જગ્યાએ વ્યાવસાયિક અભ્યાસક્રમો વધુ

પ્રમાણમાં શરૂ કરવા જોઇએ. જેથી અભ્યાસ પૂર્ણ કર્યા પછી વ્યક્તિ ઇચ્છે તો કોઇ વ્યવસાય કરી શકે.

**૫. ભ્રષ્ટાચારઃ**

'રાષ્ટ્રીય એકીકરણ' માટે આવશ્યક છે કે ગુણવત્તા ઉપર વધુ ભાર મૂકાય અને દરેક વ્યક્તિ 'દેશહિત' માટે કામ કરે. પરંતુ આજે તો મોટા ભાગે 'વ્યક્તિગત હિતો' ઉપર જ ભાર મૂકવામાં આવે છે અને તેની સીધી અસર 'રાષ્ટ્રીય એકીકરણ' ઉપર થાય છે. આજે તો જે લોકો 'ભ્રષ્ટાચાર ન કરવો જોઇએ' કહેતા હોય છે તેવા લોકો જ વધુમાં વધુ ભ્રષ્ટાચાર કરતા હોય છે. જેવા કે રાજનૈતિક નેતાઓ અને તેની સીધી અસર નવી પેઢી, ઉપર પડે છે અને તેથી તે પણ ભ્રષ્ટાચાર કરવા તરફ પ્રેરાય છે. આજે તો ભ્રષ્ટાચાર એટલી હદ સુધી વિકસ્યો છે કે તેમાં ભાગ્યે જ કોઇ ફેરફાર થઇ શકે. રાષ્ટ્રીય એકીકરણ માટે 'ભ્રષ્ટાચાર નાબૂદી' માટેની ઝુંબેશ સરકારે તેમજ સમાજે ચલાવવી જોઇએ.

**૬. વસ્તીઃ**

આજે દેશની મોટામાં મોટી સમસ્યા વસતી વિસ્ફોટની છે. આજે તો ભારતની વસતી આઝાદી પછી ત્રણ ગણી વધી ગઇ છે. ભારતની જનસંખ્યા અત્યારે ૧૩૬ કરોડથી પણ વધુ છે અને તે પ્રમાણે દેશમાં સાધનો અને સગવડો વધી નથી. આજે દેશમાં બેરોજગારી, ગરીબી, ભ્રષ્ટાચાર જેવી સમસ્યાઓના મૂળમાં વસતી વૃદ્ધિની સમસ્યા છે. વસતી વિસ્ફોટને કારણે સરકારની પ્રગતિ દેખાતી નથી. રાષ્ટ્રીય એકીકરણ માટે વધતી વસતી એક મોટો અવરોધ છે. જ્યાં સુધી ભારતમાં વસતી સીમિત બનશે નહિ ત્યાં સુધી રાષ્ટ્રીય એકીકરણની સમસ્યા બની રહેશે.

**૭. પુરુષો અને મહિલાઓમાં ભેદભાવઃ**

અમુક અંશે ભારત એક રૂઢવાદી દેશ છે. આજે પણ ભારત પુરુષ પ્રધાન છે. આજે પણ સમાજમાં મહિલાઓને સાચા અર્થમાં પુરુષોની જેમ સમાન હકો મળતા નથી. બંધારણ પ્રમાણે એક સમાન હકો હોવા છતાં પણ વાસ્તવમાં સમાજમાં ભેદભાવ જોઇ શકાય છે. લોકશાહીની સફળતા માટે તેમજ રાષ્ટ્રીય એકીકરણ માટે પુરુષ અને મહિલાઓ વચ્ચેનો ભેદભાવ દૂર થાય તે અત્યંત આવશ્યક છે. એટલું જ નહિ પણ ભારતના વિકાસ માટે પણ આ ભેદભાવ દૂર થાય તે આવશ્યક છે. આજે પણ છોકરીઓને જન્મ પહેલા મારી નાંખવામાં આવે છે. એવી રીતે જ આજે પણ દહેજની પ્રથા સમાજમાં પ્રચલિત છે. રાષ્ટ્રીય એકીકરણ માટે આ જાતના અવરોધો દૂર થાય તે અતિ આવશ્યક છે.

**૮. નિરક્ષરતાઃ-**

આઝાદીના ૭૧ વર્ષ પછી પણ ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૪.૦૪ ટકા છે, જેમાં મહિલાઓમાં તો આ પ્રમાણ ફક્ત ૬૫.૪૬ટકા છે. એટલે આજે પણ ૩૪.૫૪ ટકા મહિલાઓ અક્ષરજ્ઞાન ધરાવતી નથી. એટલા માટે જ આજે પણ ચૂંટણી વખતે ઉમેદવારોની સામે ચિહ્નો મૂકવામાં આવે છે અને તેને આદારે ચૂંટણીઓ કરવામાં આવે છે. આજે તો નિરક્ષરતા દેશ માટે કલંક છે. સાક્ષરતાની કમીને કારણે લોકો સરકારની નીતિઓને વાંચી શકતા નથી. એની સીધી અસર રાષ્ટ્રીય નીતિઓના અમલીકરણ ઉપર પડે છે. રાષ્ટ્રીય એકીકરણ પણ એક રાષ્ટ્રનીતિ જ છે અને એટલે એની સીધી અસર રાષ્ટ્રીય એકીકરણના વિકાસ પર પડે છે. સ્વાર્થી રાજકારણીઓ અને અસામાજિક તત્ત્વો પોતાના લાભ માટે નિરક્ષરતાનો પૂરેપૂરો ઉપયોગ કરે છે. એટલું જ નહિ પણ દેશમાં ગરીબીના અનેક કારણોમાં નિરક્ષરતા પણ એક મુખ્ય કારણ છે.

**૯. જ્ઞાતિપ્રથાઃ**

ભારતમાં અગાઉ ચાર વર્ગો (વર્ણો) હતા- બ્રાહ્મણ, વૈશ્ય, ક્ષત્રિય અને શૂદ્ર તે સંપૂર્ણ પણે 'કર્મ' પ્રમાણે હતા, 'જન્મ' પ્રમાણે નહિ. પરંતુ આજે તો તે સંપૂર્ણ પણે જન્મ પ્રમાણે જ છે. એટલું જ નહિ કેટલાક રાજકીય પક્ષો તો જ્ઞાતિવાદ ઉપર જ આધારિત છે અને જ્ઞાતિવાદને પ્રોત્સાહન આપી દેશને વિભાજિત કરી રહ્યા છે. જ્ઞાતિવાદને કારણે વિચારો ખૂબ જ સંકુચિત બને છે અને તેની સીધી અસર રાષ્ટ્રીય એકીકરણ ઉપર પડે છે. દરેક વ્યક્તિ સૌ પ્રથમ ભારતીય નાગરિક છે અને કોઇ પણ હિત 'દેશહિત' ઉપર નથી તે ભાવના દરેક ભારતીય નાગરિકમાં હોવી જોઇએ. જ્ઞાતિવાદને કારણે જૂથવાદ જન્મે છે અને તે રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં અવરોધ પેદા કરે છે.

**૧૦. પ્રાંતવાદઃ**

ભારત જેવા વિશાળ દેશમાં વહીવટની દૃષ્ટિએ રાજ્યો કે પ્રાંતોમાં ભાગ પાડવા જ પડે, પરંતુ ધીમે ધીમે આ પ્રાંતવાદની ભાવના એટલી વધી જાય છે કે તેની સીધી અસર રાષ્ટ્રીય ભાવના ઉપર પડે છે. દરેક રાજ્ય કે પ્રાંત ફક્ત પોતાના લાભ માટે જ વિચાર કરે છે. દા.ત. નર્મદા યોજનામાં વિલંબ ફક્ત ગુજરાત અને મધ્યપ્રદેશ રાજ્યોના વ્યક્તિગત હિતોને કારણે જ થયો હતો. એવી રીતે જ શીખ લોકો તો અલગ રાષ્ટ્ર ખાલિસ્તાનની વાત કરી રહ્યા છે તેમજ આ જાતની સમસ્યા કાશ્મીર પણ છે.

**રાષ્ટ્રીય એકીકરણ માટેના ઉપાયોઃ**

ભારતમાં આજે પણ 'વિવિધતામાં એકતા' છે અને એ ભારતની 'મહામૂડી' છે. ઉપરોક્ત અવરોધોને ધ્યાનમાં રાખીને નીચે દર્શાવેલ ઉપાયો 'રાષ્ટ્રીય એકીકરણ'ના વિકાસમાં ખૂબ જ મદદરૂપ થઇ શકે છેઃ

**૧. ઘરઃ**

રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં ઘર ખૂબ જ અગત્યની ભૂમિકા અદા કરી શકે છે. એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે તે દૃષ્ટિએ રાષ્ટ્રીય એકીકરણના પાઠોની શરૂઆત ઘરમાંથી જ થવી જોઇએ. ઘરમાં જે સંસ્કારો પડે છે તે જીવનપર્યંત રહે છે. એટલે રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં ઘરની ભૂમિકા ખૂબ જ અગત્યની છે.

૨. **શાળા અને કૉલેજ:**

'રાષ્ટ્રીય એકીકરણ'ની ભાવના વિદ્યાર્થીઓમાં જાગૃત થાય તે જાતના પ્રયત્નો શાળાઓ અને કૉલેજોમાં થવા જોઈએ. ઘર પછી બાળક પર મોટામાં મોટી અસર શાળા કે કોલેજની પડતી હોય છે. એટલા માટે જ આજે દરેક માતા-પિતા પોતાના બાળકને એવી શાળામાં મૂકવા માંગે છે જેમાં ભણતરની સાથે સાથે બાળકમાં સારા સંસ્કારોનો પણ વિકાસ થાય. આજે તો શાળાઓ અને કોલેજોમાં એન.સી.સી., એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય એકીકરણના કાર્યક્રમો આયોજિત થાય છે. જો યોગ્ય પ્રયત્નો કરવામાં આવે તો શાળાઓ અને કૉલેજો વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકીકરણની ભાવના ખૂબ જ સહેલાઈથી વિકસાવી શકે અને આ રીતે સમાજના વિકાસમાં મદદરૂપ બની શકે છે.

૩. **નેશનલ કેડેટ કોર (એન.સી.સી.)**

૧૯૪૮માં ભારત સરકારે સંસદમાં ખરડો પસાર કરી 'રક્ષા મંત્રાલય'ની સીધી દેખરેખ હેઠળ એન.સી.સી. (નેશનલ કેડેટ કોર્પસ) ની શરૂઆત કરી હતી. સરળ શબ્દોમાં કહીએ તો એન.સી.સી. દેશ માટે રક્ષાની બીજી હરોળ બને તે હેતુથી શરૂ કરવામાં આવી હતી. એન.સી.સી.નો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં દેશની સુરક્ષા માટે રાષ્ટ્રભાવના જાગૃત કરવાનો છે. દર વર્ષે ૨૬ જાન્યુઆરીના રોજ સારા કેડેટ્સને ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લેવાની તક આપવામાં આવે છે અને ત્યાં આગળ રાષ્ટ્રીય એકીકરણ માટેના કાર્યક્રમો પણ આયોજિત થાય છે. આજે તો એન.સી.સી. 'સી' સર્ટિફિકેટ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને લશ્કરની ભરતીમાં પણ પ્રાથમિકતા આપવામાં આવે છે.

૪. **રાષ્ટ્રીય સેવા યોજના (એન.એસ.એસ.)**

સાચા અર્થમાં દેશના યુવાનો દેશની સેવા કરે તે જાતની ભાવનાજાગૃત કરવાનું શ્રેય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને જાય છે. ૨૪ સપ્ટેમ્બર, ૧૯૬૯ના રોજ એન.એસ.એસ. ૩૭ યુનિવર્સિટીઓની અંદર અમલમાં મૂકવામાં આવી. ૧૯૬૯નું વર્ષ 'ગાંધી શતાબ્દી' વર્ષ હોવાથી આ યોજનાનો અમલ યોગ્ય સમયે કરવામા આવ્યો. ૧૯૬૯ના વર્ષમાં ૪૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ. એન.એસ.એસ.માં જોડાયા હતા. ૧૯૮૫થી એન.એસ.એસ.ની યોજના હાયર સેકન્ડરી સ્કૂલોમાં પણ દાખલ કરવામાં આવી. આજે ૩૦ લાખથી વધુ વિદ્યાર્થીઓ આ યોજનામાં જોડાયા છે. દર વર્ષે પસંદગી પામેલા વિદ્યાર્થીઓને ૨૬ જાન્યુઆરીના રોજ ગણતંત્ર દિવસની પરેડમાં ભાગ લેવાની તક પણ આપવામાં આવે છે. એન.એસ.એસ.નો એક ધ્યેય રાષ્ટ્રીય એકીકરણ પણ છે. અને તે માટે દર વર્ષે નિયમિત પણે રાષ્ટ્રીય એકીકરણ કેમ્પ આયોજિત કરવામાં આવે છે. એટલું જ નહિ પણ એન.એસ.એસ. પ્રવૃત્તિને પ્રોત્સાહન મળે તે માટે 'ઇન્દિરા ગાંધી ઍવોર્ડ્સ' પણ દર વર્ષે આપવામાં આવે છે. આજે એન.એસ.એસ. ની યોજના રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં ખૂબ જ અગત્યનો ફાળો આપી રહી છે.

(૫) **નહેરુ યુવા કેન્દ્ર**

ભારતના લોકલાડીલા પ્રથમ પ્રધાનમંત્રી પં. જવાહરલાલ નેહરુને યુવકોના વિકાસમાં વિશેષ રસ હતો. તેઓ સંપૂર્ણ પણે માનતા હતા કે કોઇ પણ રાષ્ટ્રના વિકાસની કરોડરજ્જુ તો દેશના યુવકોના હાથમાં હોય છે. નેહરુ યુવા કેન્દ્રોની શરૂઆત ૧૯૭૨માં ફક્ત ૭૨ કેન્દ્રોથી કરવામાં આવી હતી. આજે આ કેન્દ્રો ભારતમાં ૫૦૦ થી વધુ જિલ્લાઓમાં ચાલે છે તથા ૮૦ લાખથી વધુ યુવકો એના સભ્યો છે. આજે વિશ્વમાં સૌથી વધુ યુવકો (એટલે કે ૧૫ થી ૩૫ વર્ષ)ની વસતી એટલે કે ૪૦ ટકા યુવકો ભારતમાં છે. આ રીતે આજે ભારતમાં ૪૦ કરોડથી વધુ વસતી યુવકોની છે અને જો આ યુવાધનને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે તો ૨૦૨૦માં ભારત એક મહાસત્તા બની શકે તેમ છે. નહેરુ યુવા કેન્દ્રોનો એક ધ્યેય 'રાષ્ટ્રીય એકીકરણ' છે અને તે માટે વર્ષ દરમ્યાન રાષ્ટ્રીય એકીકરણની ઘણી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. રાજ્ય તથા રાષ્ટ્ર કક્ષાએ રાષ્ટ્રીય એકીકરણ માટેના કેમ્પસ પણ યોજાય છે. સારા યુવક અને યુવતીઓને પ્રોત્સાહન મળે તે માટે રાજ્યકક્ષાએ તેમજ રાષ્ટ્રકક્ષાએ ઇનામો પણ આપવામાં આવે છે. આ રીતે આજે નહેરુ કેન્દ્રોનો રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં અગત્યનો ફાળો છે.

૬. **પ્રસાર માધ્યમો:**

દેશમાં રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં પ્રસાર માધ્યમો જેવા કે સમાચારપત્રો, આકાશવાણી તથા દૂરદર્શન ખૂબ જ અગત્યની ભૂમિકા ભજવી શકે છે. આ પ્રસાર માધ્યમો સામાન્ય જનતામાં રાષ્ટ્રીય એકીકરણની ભાવના જાગૃત કરવામાં ન કલ્પી શકાય તેવો ફાળો આપી શકે છે. આજે તો આ પ્રસાર માધ્યમો દ્વારા રાષ્ટ્રીય એકીકરણના ખૂબ જ ઓછા કાર્યક્રમો બતાવવામાં આવે છે. ભવિષ્યમાં આ જાતના વધુ કાર્યક્રમો બતાવવામાં આવે તે અતિ આવશ્યક છે.

ઉપરોક્ત ઉપાયો ઉપરાંત સ્વૈચ્છિક અને બિનસરકારી સંસ્થાઓ પણ રાષ્ટ્રીય એકીકરણના વિકાસમાં અગત્યનો ફાળો આપી શકે તેમ છે. સરકાર તરફથી રાષ્ટ્રીય એકીકરણની ભાવના જાગૃત થાય તેવી ફિલ્મો પણ બનવી જોઇએ એવી રીતે જ સરકાર તેમજ સમાજ તરફથી રાષ્ટ્રીય એકીકરણની ભાવના વિકસાવવામાં મદદ કરનાર સંસ્થા તેમજ વ્યક્તિનું જાહેરમાં સન્માન પણ કરવું જોઇએ. અંતે રાષ્ટ્રની પ્રગતિ, શાંતિ અને સલામતી માટે રાષ્ટ્રીય એકીકરણની વિશેષ જરૂર છે તેમાં કોઇ બે મત નથી.

॥ વિદ્યાવૃત્ત ॥

**ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર**

ગ્લોબલ વોર્મીંગની ગંભીર સમસ્યાથી પીડિત વિશ્વને બચાવવાના વિવિધ ઉમદા હેતુથી સ્થપાયેલ અને વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ઠ કામગીરી બજાવી રહેલ વોલન્ટરી નેચર કન્ઝર્વન્સી, વલ્લભ વિદ્યાનગર સાથે ચરોતરના વિસ્તારમાં પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓને વેગ આપવા, શૈક્ષણિક અને સંશોધનની પ્રવૃત્તિઓ દ્વારા રાષ્ટ્રીય અને વિશ્વસ્તરે પ્રતિષ્ઠિત ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા સક્રિય રીતે એમ.ઓ.યુ. દ્વારા જોડાયા. ચારુતર વિદ્યામંડળ તરફથી અધ્યક્ષ ઈજનેરશ્રી ભીખુભાઈ બી. પટેલ, માનદ મંત્રી ડૉ.એસ.જી. પટેલ તથા વોલન્ટરી નેચર કન્ઝર્વન્સી (વલ્લભ વિદ્યાનગર)ના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી ધવલભાઈ પટેલે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા.

**એનવિપાસ કોલેજમાં રક્તદાન શિબિરનું આયોજન**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીઝના એનએસએસ યુનિટ તથા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં એકસો અડસઠ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યશ્રી ડૉ. બાસુદેબ બક્ષી અને મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ પ્રા. શ્રેયા શાહે જનસેવાના આ ઉમદા કાર્યમાં ભાગ લેવા બદલ તમામ રક્તદાતા વિદ્યાર્થીઓ અને કર્મચારીગણને બિરદાવ્યા હતા. એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ પ્રા. કાર્તિક જગતાપ, પ્રા. મયુર પટેલ, સહધ્યાપકો ડૉ. તેજસ ઠક્કર, ડૉ. ધનંજય ધ્રુવ, વિદ્યાર્થી પ્રતિનિધિ દર્શિત શાહ અને વિદ્યાર્થી સ્વયંસેવકોએ શિબિરના સફળ આયોજન માટે જરૂરી પ્રયાસો કર્યા હતા.

**નલિની આર્ટ્સ કોલેજના સમાજશાસ્ત્ર વિભાગમાં નિષ્ણાત વ્યાખ્યાન યોજાયા**

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની આર્ટ્સ કોલેજના સમાજશાસ્ત્ર વિષયમાં ગુજરાતના પ્રસિધ્ધ સમાજશાસ્ત્રી ડો. હરીશ દોશી, નિવૃત્ત પ્રોફેસર, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને ડો. પ્રદીપ ચૂંડાવત, નિવૃત પ્રોફેસર, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાના સમાજશાસ્ત્ર વિષય પર નિષ્ણાત વ્યાખ્યાનો કોલેજના આચાર્ય ડો.ઘનશ્યામસિંહ ગઢવીના અધ્યક્ષપણામાં યોજવામાં આવ્યા.

કાર્યક્રમની શરૂઆતમાં વિભાગના અધ્યક્ષ ડો. નિલેશ બારોટે મહેમાનોનું સ્વાગત કરી શ્રોતાઓને મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.

અતિથિ વ્યાખ્યાન આપવા પધારેલા સેવા નિવૃત્ત પ્રોફેસર હરીશ દોશીએ તેઓના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થીએ પોતાને સજ્જ કરવાના છે. જ્યારે તમે ઈન્ટરવ્યૂમાં જાવ છો ત્યારે પહેલી ત્રણ ચાર મિનિટમાં જ તમારું માપ નીકળી જતું હોય છે. સમાજને સમજવા માટે વૈજ્ઞાનિક અભિગમ હોવો જોઈએ. સામાજિક તથ્યોને આપણે તપાસવા જોઈએ. સમાજ અંગેનું સામાન્ય જ્ઞાન બધામાં હોય છે પરંતુ વૈજ્ઞાનિક જ્ઞાન માત્ર સમાજશાસ્ત્રીમાં જ હોય છે. આપણે સમાજશાસ્ત્રને આત્મસાત્ કરવું પડશે.

અતિથિ વ્યાખ્યાન આપવા પધારેલ સેવા નિવૃત્ત પ્રોફેસર પ્રદીપ ચૂંડાવતે તેઓના વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે એક તરફ આધુનિકતાનો ખ્યાલ વિસ્તરી રહ્યો છે. પરંતુ આપણે તેને ફક્ત ભૌતિકતાના દષ્ટિકોણથી જોઈએ છીએ. સામાજિક પરિસ્થિતિને આપણે કયા અભિગમથી જોઈએ છીએ તે અભિગમ સમાજશાસ્ત્રીય હોવો જોઈએ. સમાજના સામાજિક તથ્યોને તપાસવા જોઈએ. અને સમાજના પ્રશ્નોનું સમાજશાસ્ત્રીય નિરાકરણ કરવું જોઈએ.

અધ્યક્ષસ્થાનેથી બોલતા કોલેજના આચાર્ય ડૉ.ઘનશ્યામસિંહ ગઢવીએ જણાવ્યુ હતું કે સમાજશાસ્ત્ર માટે ઘણા સામાજિક પ્રશ્નો વર્તમાન સમયમાં ઊભા છે. સમાજની નજર સમાજશાસ્ત્ર તરફ છે તે તમારી પાસે ઉકેલ માગે છે. સબરીમાલા જેવો પ્રશ્ન સમાજશાસ્ત્ર સમક્ષ પડકાર સમાન છે. તેનું સમાધાન શોધવું પડશે. સમાજશાસ્ત્રના બંને જ્ઞાનીઓ અમારી કોલેજમાં પધાર્યા અને અમારા વિદ્યાર્થીઓને લાભન્વિત કર્યા તે બદલ તેઓનો ઋણ સ્વીકાર કરું છું.

**નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ દ્વારા ગિરનાર ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની–અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજના નેચર કલબ અંતર્ગત ગિરનાર દક્ષિણ ફોરેસ્ટ રેન્જના ખડિયા મુકામે તાઃ૨૬,૨૭ ડિસેમ્બર, ૨૦૧૮ના રોજ પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્ય ડૉ. ઘનશ્યામસિંહ ગઢવીએ જુનાગઢ ખાતેના વનવિભાગનો સંપર્ક કરી શિબિરનું આયોજન કરી આપ્યું હતું. આ શિબિરમાં ૪૭ વિદ્યાર્થીભાઈ–બહેનોએ પ્રકૃતિ સંરક્ષણ અંગેની તાલીમ લીધી હતી.

દ્વિ-દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરના કન્વીનર તરીકે ડૉ. સાધનાબેન પટેલ તથા ઈન્ચાર્જ તરીકે ડૉ. મિનેષભાઈ પટેલે સમગ્ર શિબિરનું વ્યવસ્થાપન અને જવાબદારી સંભાળી હતી. શિબિર દરમ્યાન વનવિભાગના આર.એફ.ઓ. શ્રી બી.જે.ઝાલા તથા વનવિભાગના

ઓફિસર શ્રી આર.કે.ચોથાણીએ શિબિરના વિવિધ કાર્યક્રમની ગોઠવણી કરી આપી હતી. વનવિભાગના પ્રશિક્ષક શ્રી રાજેન્દ્રભાઈ દેથડિયાએ ગિરનારની પ્રાકૃતિક, જૈવિક વિવિધતા અંગે માર્ગદર્શન આપ્યું હતું, તેમજ ગિરનારમાં ઊગતી વનસ્પતિ અને વૃક્ષોનું નિદર્શન, તેનું ઔષધીય મહત્ત્વ અને તેની ઉપલબ્ધતા બતાવી હતી. વધુમાં તેઓએ પ્રકૃતિમાં માનવેતર જીવોના મહત્ત્વને અને ગિરનાર ફોરેસ્ટ રેન્જનાં વિવિધ પ્રકારના જીવો જેવા કે, પક્ષીઓ, પ્રાણીઓ, સરીસૃપો તેની આવશ્યકતા, તેનું મહત્ત્વ અને માનવજાત ધ્વારા તેને સંરક્ષિત કરવાની પ્રવિધિઓ બતાવી હતી. ફોરેસ્ટ ગાર્ડ શ્રી કુલદીપભાઈ ખાચરે સાથે રહી ગિરનાર ડુંગરપુર વિસ્તારમાં ટ્રેકિંગ કરાવ્યું હતું. સહાયક તરીકે કોલેજના પ્રા.ડૉ.બી.એમ.ગજેરા તથા શ્રી પી.જી.વાલેરાનો સાથ-સહકાર પ્રાપ્ત થયો હતો.

**નલિની આર્ટ્સ કોલેજમાં મા.તલાટી સાહેબનું વ્યાખ્યાન યોજાયું**

વલ્લભ વિદ્યાનગર સ્થિત ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજમાં ચારુતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રી શ્રી તલાટી સાહેબનું સામાજિક વિજ્ઞાનોના વિદ્યાર્થીઓના લાભાર્થે વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સમાજશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. નિલેશ બારોટે મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

મા.તલાટી સાહેબે તેઓના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વિદ્યાર્થી અવસ્થામાં શિક્ષણની સાથે સાથે સામાન્ય વિવેક બુધ્ધિનો વિકાસ કરવો જોઈએ. દરેક જગ્યાએ વ્યક્તિએ તેની સામાન્ય બુધ્ધિનો ઉપયોગ કરવો પડે છે. ઘણીવાર જોવા મળે છે કે ઉચ્ચ અભ્યાસુ વ્યક્તિ પણ સામાન્ય બુધ્ધિના અભાવે નિષ્ફળ જતો હોય છે. તેઓએ આગળ જણાવ્યું હતું કે, દરેક વ્યક્તિ પાસે બે વિકલ્પ હોય છે. એક જોબ અને બીજું કેરિયર. જે માણસ ૧૦ થી ૦૬ વાગ્યા સુધી કામ કરે છે તે જોબ કરે છે અને જે ૬ વાગ્યા પછી પણ કામ કરે છે તે કેરિયર બનાવે છે. હંમેશા આગળ વધવા માટે બીજા કરતાં એક્સ્ટ્રા માઈલ ચાલવું પડે. આપણી એક ટેવ એવી હોય છે કે આપણને સૂચના મળ્યા પ્રમાણે જ આપણે વિચારીયે છીએ કયારેય આપણે આઉટ ઓફ બોક્સ વિચારતા નથી માટે આપણે નવી શોધો કરી શકતા નથી. Discovery અને Invention માટે તેમણે જણાવ્યું હતું કે, Discovery જરૂરિયાતના આધારે થઈ જશે પણ Invention માટે આપણે આપણી આસપાસની પરિસ્થિતિને તપાસીને પ્રશ્નો પૂછવા પડશે અને તેના જવાબો આપણને Invention સુધી લઈ જશે. શ્રી તલાટી સાહેબે તેઓના વક્તવ્યમાં વિવિધ ઉદાહરણો દ્વારા રસપ્રદ શૈલીમાં વિદ્યાર્થીઓને સંબોધ્યાં હતા.

અધ્યક્ષ સ્થાનેથી વક્તવ્ય આપતા કોલેજના આચાર્ય ડો. ઘનશ્યામસિંહ ગઢવીએ જણાવ્યું હતું કે, તલાટી સાહેબે મમ્મટે દર્શાવેલ વિવિધ શૈલીઓમાંની એક શૈલી રસપ્રદ શૈલીમાં વ્યાખ્યાન આપી વિદ્યાર્થીઓને થોડા સમયમાં જ અનેક વ્યાખ્યાનોથી પ્રાપ્ત થતું જ્ઞાન આપી દીધું છે. વિદ્યાર્થીઓએ સામાન્ય જ્ઞાનને વિકસાવવું પડે છે. સમજણ વિકસવી સહેલી નથી આથી પ્રાપ્ત કરેલ જ્ઞાનનું સતત સંવર્ધન કરવું પડે છે.

આ વ્યાખ્યાનમાં કોલેજના અર્થશાસ્ત્ર, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

**શાળાવૃત્ત**

**ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમા IPPB અંતર્ગત સેમિનાર યોજાયો.**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરીમાં મુખ્ય પોસ્ટ ઓફિસ-આણંદના "ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક" વિભાગના અધિકારીઓ સર્વશ્રી રાહુલ બેન્કર, શ્રી જયવર્દનસિંહ ભાટી અને શ્રી મોકેશ પરમાર સંસ્થામાં ઉપસ્થિત રહ્યા હતાં અને તેઓએ વિદ્યાર્થીઓને સરકારી અને ખાનગી બેન્કોની જેમ ૧-સપ્ટેમ્બરથી ડિજિટલ ઇન્ડિયા અંતર્ગત ભારતના માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે ખુલ્લી મુકવામાં આવેલી ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક નામની મોબાઇલ એપ્લીકેશનના માધ્યમથી ભારતીય પોસ્ટ પણ હવે બેન્કિંગ સેવાઓ આપશે જેની સંપૂર્ણ માહિતી આપી અને તત્કાલ સંસ્થામાં પાંચ જ મિનિટમાં માત્ર આધારકાર્ડ અને સ્માર્ટફોનની ગુગલ પ્લે સ્ટોર પર ઉપલબ્ધ IPPB મોબાઇલ એપ્લિકેશનના માધ્યમથી એકાઉન્ટ ખોલી આપ્યું હતું વધુમાં, ઓનલાઈન બેન્કિંગ ટ્રાન્ઝેક્શન દ્વારા પૈસા ઉપાડ કરવા, જમા કરવા, બિલ ચુકવણી, ડાયરેક્ટ બેનીફીટ ફંડ ટ્રાન્સફર, સ્કોલરશીપ વગેરે તેમજ પાસબુક કઈ રીતે જોઈ શકાય તે અંગે સમજ આપી હતી. સેમિનારનું સંચાલન આચાર્યશ્રી વિજયકુમાર સુથારના માર્ગદર્શન હેઠળ શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું.

**નૃત્ય ગીત સ્પર્ધા**

ચારુતર વિદ્યામંડળ ઉ.મા. શિક્ષણ સંકુલ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ગૃહ વિજ્ઞાન જૂથ, વલ્લભ વિદ્યાનગર દ્વારા ઈન્ટર-ક્લાસ નૃત્ય ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સંસ્થાની કુલ ૨૪ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ધોરણ-૧૧માં કુમારી તન્વી પટેલે પ્રથમ સ્થાન, કુમારી

રિયા પિત્રોડા એ દ્વિતીય સ્થાન અને કુમારી પ્રિના પટેલે તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધોરણ-૧૨માં પ્રથમ સ્થાન કુમારી પ્રાચી પારેખ, દ્વિતીય સ્થાન કુમારી ધનીષા રબારી તથા તૃતીય સ્થાન કુમારી દવે અદિતીએ મેળવ્યું હતું.

કુમારી જીગ્નાબેન પટેલ, ઝુમ્બા ક્લાસીસ ટ્રેનર તથા કુમારી નિયતી સુખલાની કોર્યોગ્રાફરે નિર્ણાયકની સેવા આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના આચાર્યા શ્રીમતી સુચિતા ખરાદીના નેતૃત્વ હેઠળ ફાઇન આર્ટ્સ સેક્રેટરી કુમારી તુલસી જોષી તથાં શ્રીમતી ડોલી જોષીએ કર્યું હતું.

**વી.એન્ડ.સી. પટેલ ઇંગ્લિશ સ્કૂલમાં વાર્ષિકોત્સવ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત વી.એન્ડ.સી. પટેલ ઇંગ્લીશ સ્કુલના જુનિયર કે.જી.થી ધોરણ-૩ના વિદ્યાર્થીઓનો ''संस्कारो का पल्लवन दशाब्द का आरोहण'' વિષય પરના દ્વિવાર્ષિકોત્સવ સીવીએમના ચેરમેન એન્જિનિયર ભીખુભાઇ બી. પટેલના મુખ્ય અતિથિપદે અને આણંદ જિલ્લા કલેક્ટર શ્રી દિલીપભાઇ રાણાના અતિથિ વિશેષ પદે તથા સીવીએમના ઉપપ્રમુખ મનિષભાઇ પટેલ, મંત્રી ડૉ. એસ.જી. પટેલ, માનાર્હ સહમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, પ્રાથમિક વિભાગના સલાહકાર વિનોદિનીબેન પટેલ, સ્કૂલના દાતા વાસંતીબેન સી. પટેલ, સ્કૂલના આચાર્ય માધુરી રવિશંકર, જિલ્લા બીજેપી પ્રમુખ મહેશભાઇ પટેલ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં રંગારંગ ઉજવણી કરવામાં આવી હતી.

ભીખુભાઇ પટેલે મુખ્ય અતિથિ પદેથી શાળાના કાર્યને બિરદાવી હજુ વધુ પ્રગતિ કરવા જણાવી કહ્યું કે કલેક્ટર જેવા વ્યક્તિઓ પોતાના બાળક માટે આ શાળા પસંદ કરતા હોય તો આ શાળાની પ્રગતિ સારી હોય તેમ હું માનું છું. અહીંયા સર્વે હળીમળીને કામ કરે છે. અમે વાલીઓના સહયોગથી ઘણી પ્રગતિ કરીશું. અંતે સર્વે વિદ્યાર્થીઓ, વાલીઓને શુભેચ્છા પાઠવી હતી.

મુખ્ય અતિથિ શ્રી દિલીપકુમાર રાણાએ શાળાના શૈક્ષણિક કાર્યને બિરદાવી, તેઓની દીકરી આ શાળામાં અભ્યાસ કરતી હોવાથી ગૌરવની લાગણી અનુભવી જણાવ્યું કે નાના ભુલકાઓમાં ખૂબ જ ટેલેન્ટ હોય છે તેનું આપણને અહીંયા દર્શન થવાનું છે. તેઓને પ્રોત્સાહિત અને ઉત્સાહમાં વધારો કરવાનો આ દિવસ છે. સંસ્થાનો વિકાસ થાય અને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવી અંતે દિલથી શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે બોર્ડની પરીક્ષામાં, રમત-ગમતમાં, રાષ્ટ્રીય આંતરરાષ્ટ્રીય સ્તરે વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરનાર વિદ્યાર્થીઓનું મહાનુભાવોના વરદહસ્તે મેડલ આપી સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવો, વાલીઓ, વિદ્યાર્થીઓ વિવિધ સંસ્થાઓના અગ્રણીઓ, શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ત્રણસો જેટલા બાળકોએ મૂલ્યલક્ષી સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. નીતાબેન જોયસમેન, રમા ચૌહાણ, ડૉ. મનિષા દેથુલીકરે કાર્યક્રમનું સંચાલન કર્યું હતું જ્યારે આવૃત્તિબેન છાયાએ અંતે સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો.

**એમ.યુ. પટેલ ટેક. હાઇસ્કૂલનો વાર્ષિક રમતોત્સવ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેક. હાઇસ્કૂલમાં શાળાના ઇન્ચાર્જ આચાર્યશ્રી શંકરભાઇ પારગી સાહેબના માર્ગદર્શન હેઠળ શાળાના વ્યાયામ શિક્ષક બી.આઇ. માહલા દ્વારા વાર્ષિક રમતોત્સવનું આયોજન તા. ૧૧-૧-૧૯ તી ૧૨-૧-૧૯ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનાર્હ સહમંત્રી કે.એસ. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. જેઓનું આચાર્યશ્રીએ પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતું. ઉપસ્થિત અધ્યક્ષશ્રી તથા શાળાના કર્મચારીઓ દ્વારા દીપપ્રાગટ્ય કરી રમતોત્સવ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. અધ્યક્ષશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં વિદ્યાર્થીઓને ભણવા સાથે રમતનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે ''મન સારું તો તન સારું'', તેમજ વિદ્યાર્થીઓને રમત માટેની પ્રેરણા પૂરી પાડી હતી. કન્વીનર શ્રી બી.આઇ. માહલા દ્વારા દરેક રમતદીઠ નિર્ણાયકપંચ નીમવામાં આવ્યું હતું. અધ્યક્ષશ્રીએ દોડની રમતનું પ્રસ્થાન કરાવ્યું હતું. જે મુજબ બે દિવસ રમતો ચાલી હતી. શાળા પરિવારના તમામ શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર રમતમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની આભારવિધિ ડાહ્યાભાઇ ચૌધરી સાહેબે કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સુપરવાઇઝર શ્રી ગુણવંતભાઇ સાહેબે કર્યું હતું.

**સીવીએમ હોમસાયન્સ શાળામાં યોજાયેલ વર્કશોપઃ**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સીવીએમ હોમસાયન્સ હાયર સેકન્ડરી શાળામાં આચાર્યા શ્રીમતી સુચિતાબેનના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપમાં એન.ટી. હાઇસ્કૂલ, કાણીસાના શિક્ષકશ્રી હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટે વિદ્યાર્થિનીઓને ગુજરાતી વ્યાકરણ અને લેખનની સમજ ઉપરાંત પ્રત્યક્ષ ઉદાહરણો દ્વારા ગુજરાતી વિષયમાં વધુમાં વધુ માર્ક્સ કેવી રીતે લાવી શકાય તેનું સરળ અને રસપ્રદ શૈલીમાં માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ શ્રી વિનોદભાઇ પરમારે કરી હતી.

## ॥ સૂચના ॥

૧. ‘વિ-વિદ્યાનગર’ વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. ।વિ।માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫. ‘વિ-વિદ્યાનગર’ દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફ્ટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફ્ટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ **‘ચારુતર વિદ્યામંડળ’**ના નામે મોકલવું.

૭. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૮. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ

**ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર**

ઈ-મેઈલઃ editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com

લવાજમઃ **વાર્ષિક** : ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦

**આજીવન :** ₹ ૧૫૦૦

**વિદેશમાં :** ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £

**છૂટક નકલની કિંમતઃ** ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦




વલ્લભ વિદ્યાનગર સ્થિત શાસ્ત્રી મેદાન ખાતે ચારુતર વિદ્યામંડળ, સરદાર પટેલ યુનિવર્સિટી અને એન.સી.સી. ગ્રુપ હેડક્વાટર્સના સંયુક્ત ઉપક્રમે આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કુલના પ્રાથમિક વિભાગના યજમાન પદે યોજાયેલ ૭૦મા પ્રજાસત્તાક દિને રાષ્ટ્રધ્વજ લહેરાવી સલામી આપતા સીવીએમનાં અધ્યક્ષશ્રી ઈજનેર ભીખુભાઈ પટેલ, સ.પ. યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રો. શિરીષ કુલકર્ણી, સીવીએમના કુલપતિશ્રી ડૉ. ભાવેશ પટેલ, માનદમંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલ, સ.પ. યુનિ.ના રજિસ્ટ્રાર શ્રી તુષારભાઈ મજમુદાર, આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કુલ પ્રાથમિક વિભાગના આચાર્યા બિન્દુબેન સેન્થીલનાથ વિગેરે મહાનુભાવો દૃશ્યમાન થાય છે.અન્ય તસવીરોમાં આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના પ્રાથમિક વિભાગના બાળકો, સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરતા નજરે પડે છે.

V-Vidyanagar 21 (2) February 2019
Published on Tuesday, 05.02.2019
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar
Postal Regd. No. AND/318/2018-20
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

# The Mother

*We must replace competition and strife by collaboration and fraternity.*

*With my blessings*



સ્પર્ધા અને સંઘર્ષને સ્થાને આપણે સહકાર અને ભ્રાતૃભાવ રાખવાં જોઈએ.

મારા આશીર્વાદ સાથે

**Blanche Rachel Mirra Alfassa**

**Born: 21 February 1878 Died: 17 November 1973**

Type Setting ASF Computers - 80002 74250

**Editor: Dr. Urvish Chhaya** **Printed at Anand Press, Anand 388 001**

Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)